બુદ્ધ, ધર્મ અને સંઘ.

વ્યાખ્યાન ૧ લું—બુદ્ધ.

પૌરાણિક પંથમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણ મુખ્ય દૈવત ગણ્યાં છે. ખ્રિસ્તી ધર્મમાં પિતા, પુત્ર અને પવિત્ર આત્મા એ ત્રણને પ્રાધાન્ય આપ્યું છે. તેજ પ્રમાણે બૌદ્ધ ધર્મમા પણ બુદ્ધ, ધર્મ અને સંઘ એ ત્રણને શ્રેષ્ઠત્વ મળ્યું છે. બૌદ્ધ ધર્મ, પૌરાણિક ધર્મ અને ખ્રિસ્તી માર્ગ કરતાં પ્રાચીન હોવાથી, તેનું અનુકરણ પૌરાણિકો અને ખ્રિસ્તીઓએ કર્યાનું કેટલાકોનું અનુમાન છે. આ અનુમાનને સંખ્યાની સમાનતા વગર બીજો કાંઈ આધાર હોય એમ લાગતું નથી. પુરાણમાંની ત્રિમૂર્તિની અને બાયબલમાંની ત્રિપુટીની ઘણાખરા શ્રોતાઓને માહિતી હશેજ. પરંતુ બૌદ્ધ ધર્મનાં [1]ત્રિરત્નોની અદ્યાપિ સુધી આપણા બંધુઓમાંના ઘણા બંધુઓને ઓળખાણ હોય, એમ જણાતું નથી. તેથી આ પહેલા વ્યાખ્યાનમાં આ ત્રણ રત્નમાંના પહેલા રત્ન બુદ્ધની, બૌદ્ધના મૂળ ગ્રંથ 'ટિપિટક'ને

---

૧. બૌદ્ધ વાઙ્મયમાં બુદ્ધ, ધર્મ અને સંઘ એને **ત્રિરત્ન** અથવા **રત્નત્રય** એવી સંજ્ઞા છે.

અનુસરીને થોડીક માહિતી આપની સમક્ષ મૂકવાનો યત્ન કરવાની હું રજા લઉં છું. બુદ્ધની માહિતી આપનારા 'લલિતવિસ્તર' અને અશ્વઘોષ કૃત 'બુદ્ધચરિતકાવ્ય' એ બે ગ્રંથો સંસ્કૃત ભાષામાં સુપ્રસિદ્ધ છે. પાલી ભાષામાં 'જાતક'ની પ્રસ્તાવનામાં જે બુદ્ધચરિત આપેલું છે તે મોટા ભાગે ઉપરના ગ્રંથોને આધારે લખ્યું છે. આમાં બુદ્ધની બાળપણની કેટલીક ચમત્કારિક અને અસંભવનીય વાતો લખી છે. શરૂઆતમાં જ્યારે યુરોપિયન પંડિતોએ આ વાતો વાંચી ત્યારે તેમાંના કેટલાક વિદ્વાનોએ, બુદ્ધ ઐતિહાસિક વ્યક્તિ નથી, પણ પૌરાણિક દેવતા હોવો જોઇએ એમ અનુમાન કર્યું. પ્રો. સેનાર નામના ફ્રેંચ પંડિતે સૂર્યોપાસનામાંથી બુદ્ધદેવની કલ્પના નીકળી, એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ તેનો સિદ્ધાંત ચિરાયુ થયો નહિ.

કેટલાંક વર્ષો પછી પ્રાચીન શોધ ખોળ (આર્કીઓલોજીકલ) ખાતાને -નેપાળી તરાઈમાંના લુંબિનિદેવી નામના ગામમાં નેપાળની સરકારની વાનગીથી જમીનમાં દટાઈ ગએલી ભાગલી તૂટલી ઇમારતો ખોદ તેમાંથી-અશોક રાજાનો એક શિલાસ્તંભ મળી આવ્યો છે. એ સ્તંભ ઉ અશોકે પાલીભાષામાં આ પ્રમાણે લેખ કોતરાવેલો છેઃ—

"देवान पियेन पियदसिन वीसति वसाभिसितेन अतन आगाच महीयिते हिध बुद्धे जाते सक्यमुनीति सिला विगडाभिचा कालापितसिलाथंबेच ऊसपापिते हिध भगवं जातेति लुंभिनिगामे ऊबालिके कते अथ भागियेच."

અર્થ—દેવોના પ્રિય પ્રિયદર્શી (અશોક) રાજાએ પોતાના અભિષેકને વીશ વર્ષ થયા પછી આ જગાએ શાકયમુનિ બુદ્ધ જન્મ્યા હતા માટે અહીં જાતે આવીને પૂજા કરી; ચારે બાજુએ પત્થરની ભીંત બાંધી, અને (આ) શિલાસ્તંભ ઉભો કર્યો. આ સ્થળે ભગવાન્ બુદ્ધ જન્મ્યા હતા, માટે આ લુંબિનિ ગામના કર માફ કરવામાં આવ્યા, અને (વિહારને ?) કેટલુંક વર્ષાસન બાંધી દીધું.

આ શિલાલેખ ઉપરથી **બુદ્ધ** એ પૌરાણિક દેવતા નથી, પણ ઐતિહાસિક વ્યક્તિ છે, એમ પાશ્ચાત્ય પંડિતોની ખાત્રી થઈ. અને પ્રો. **સેનાર**ની ઉપલી કલ્પનાની ઇમારત આપોઆપ તૂટી પડી! તોપણ આ પંડિતોએ ઉપર કહેલા ચારિત્ર્યવિષયક ત્રણ ગ્રંથોની પેલી તરફ જઇને, અતિ પ્રાચીન પાલીભાષાના ગ્રંથોમાં બુદ્ધના ચરિત્ર સંબંધી કાંઇ માહિતી મળે છે કે નહિ, અને લલિતવિસ્તારાદિ ગ્રંથોમાં વર્ણવેલી બુદ્ધની ચમત્કારિક કથાને આધાર મળે છે કે કેમ, વગેરે વાતોનો વિચાર કર્યો હોય, એમ લાગતું નથી. તેથી મૂળ પાલીગ્રંથ ત્રિપિટકના આધારે બુદ્ધચરિત્રની માહિતી આપવાનું મેં આ પ્રસંગે ધાર્યું છે.

કપિલવસ્તુ નામના શહેરમાં ઇ. સ. પૂર્વે ૬૦૦ ના સુમારે **શાક્ય** નામના ક્ષત્રીઓનું એક નાનું મહાજન[૧]સત્તાક રાજ્ય હતું. ત્યાંના મહાજનોને 'રાજા'ની સંજ્ઞા હતી. આ રાજાઓ પૈકી **શુદ્ધોદન** નામના એક રાજાને બે સ્ત્રીઓ હતી. પહેલી સ્ત્રીનું નામ **માયાદેવી** અને બીજીનું નામ **મહા-પ્રજાપતિ** હતું. **માયાદેવી** પ્રસૂતી માટે પિયર જતાં રસ્તામાંજ **લુંબિનિ** નામના વનમાં પ્રસૂત થઈ, ને એક પુત્રને જન્મ આપ્યો. તેજ આગળ જતાં **બુદ્ધ** નામથી પ્રસિદ્ધી પામ્યો. તેનું મૂળ નામ **સિદ્ધાર્થ** પાડયું હતું એમ કહેવાય છે; પરંતુ ત્રિપિટકમાં આ નામ મારા જોવામાં આવ્યું નથી; માટે **બોધિ-સત્વ**—એટલે **ભાવી બુદ્ધ**—આ પ્રસિદ્ધ નામથીજ હું આ સ્થળે તેનો ઉલ્લેખ કરૂં છું. **બોધિસત્વ**ના જન્મ સમયે થએલા કહેવાતા ચમત્કારોનો ત્રિપિટક ગ્રંથમાં આધાર મળતો નથી. અર્થાત્ આ વાતો બુદ્ધચરિતમાં

---

૧. જુદા જુદા ક્ષત્રીય કુટુંબના મુખ્ય પુરૂષને મહાજન એટલે રાજા કહેતા હતા. આ રાજાઓ **સંથાગાર** નામના નગરમંદિરમાં એકઠા થઇને રાજ્યકારભાર ચલાવતા અને પોતામાંથી પોતાનો અધ્યક્ષ ચુંટી કાઢતા. આ પ્રકારનાં બીજાં પણ કેટલાંક રાષ્ટ્રો ઉત્તર હિંદમાં હતાં. વિશેષ માહિતી માટે પ્રો. ર્‌હિસ ડેવિડ્સનું "બુદ્ધિસ્ટિક ઇંડિયા" નામનું પુસ્તક જોવું.

પાછળથી દાખલ થએલી હોવી જોઈએ એમ કહેવું મને વધારે વાસ્તવિક લાગે છે.

બોધિસત્વ જન્મ્યા પછી, તેને તેની માની સાથે શુદ્ધોદન રાજા પોતાને ઘેર લઇ ગયો. ત્યાં અસિત નામના ઋષિએ આવી, 'આ કુમાર જગતનો ઉદ્ધારક થશે' એમ ભવિષ્યકથન કર્યાની વાત સૂત્તનિપાત નામના ગ્રંથમાં મળી આવે છે. માયાદેવી બોધિસત્વના જન્મ પછી સાતમે દિવસે, સ્વર્ગે [illegible] થયાની વાતને વિનયપિટકના ચુલ્લવગ્ગ નામના ગ્રંથમાંથી આધાર મળે છે.

ત્યારપછી બનેલા બોધિસત્વના વિવાહસંસ્કાર વગેરે બનાવોનો ઉલ્લેખ ત્રિપિટક ગ્રંથમાં કોઈ ઠેકાણે મળતો નથી. તથાપિ ૨૯ મા વર્ષે જ્યારે બોધિસત્વે ઘરનો ત્યાગ કરી અરણ્યવાસ સ્વીકાર્યો, તે વખતે તેને એક રાહુલ નામનો પુત્ર હતો, એમ વિનયપિટકમાંના મહાવગ્ગ ગ્રંથમાં આપેલા રાહુલના વૃતાન્ત ઉપરથી જણાય છે.

બોધિસત્વના [1]ગૃહત્યાગનો પ્રસંગ બુદ્ધચરિત કાવ્યાદિ ગ્રંથોમાં ચમત્કારિક રીતે વર્ણવેલો છે. "તેના પિતાએ તેને મોટા મોટા ત્રણ રાજમહેલો બાંધી આપ્યા હતા. તે એ રાજમહેલોમાંથી બહાર ન નીકળતાં, મહેલની અંદરજ મોજમજા કરતો. વખત જતાં અકસ્માત્ તેને બહાર ફરવા જવાની ઇચ્છા થઇ, અને છન્ન નામના પોતાના સારથી સાથે રથમાં બેસીને તે ફરતો હતો, એટલામાં એક દેવતા વ્યાધિગ્રસ્ત, વૃદ્ધ અને મૃત એવાં રૂપ ધારણ કરી તેની સામે આવ્યો. છન્ન સારથીએ વ્યાધિ, જરા અને મરણનાં ઉગ્ર સ્વરૂપો બોધિસત્વને સમજાવ્યાં, તે ઉપરથી સંસારના વિષયો ઉપર તેને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. આવી સ્થિતિમાં તે દેવતા ભિક્ષુનું રૂપ ધારણ કરી ફરીથી તેની સામે આવ્યો; તેને જોઇ બોધિસત્વે ગૃહત્યાગનો

૧. બૌદ્ધગ્રન્થોમાં આને 'મહાભિનિષ્ક્રમણ' ની સંજ્ઞા આપેલી છે.

નિશ્ચય દૃઢ કર્યો.” ઇત્યાદિ વાતો બુદ્ધચરિતોમાં સવિસ્તર વર્ણવાય છે, એ સૌને જાણીતી વાત છે.

હવે, આ વાતોને ટિપિટકનો કાંઇ આધાર છે કે કેમ, તે જોઇએ. બોધિસત્ત્વને રહેવા સારૂ ત્રણ રાજમહેલ હતા, એ વાતને સૂત્તપિટકમાંના અંગુત્તરનિકાયમાંથી આધાર મળે છે. પોતાની પૂર્વસ્થિતિનો વૃતાન્ત કહેતાં ભિક્ષુઓને ઉદ્દેશીને બુદ્ધ ભગવાન્ કહે છે કેઃ—

“ભિક્ષુઓ! હું બહુ સુકુમાર હતો. મારા સુખ માટે મારા પિતાએ તળાવ ખોદાવી, તેમાં વિવિધ પ્રકારની કમલિનિઓ વાવી હતી. મારાં વસ્ત્રો રેશમી હતાં. ટાઢ તાપની મારા પર અસર ન થાય, માટે મારા સેવકો મારી ઉપર શ્વેત છત્ર ધરતા. શિયાળા માટે, ઉનાળા માટે, અને ચોમાસા માટે મારા જુદા જુદા ત્રણ રાજમહેલ હતા. જ્યારે હું ચોમાસા માટે બાંધેલા મહેલમાં રહેવા જતો, ત્યારે ચાર મહિના બહાર ન નીકળતાં, સ્ત્રીઓનાં ગીત અને વાદ્ય સાંભળી કાળ ક્રમણ કરતો. બીજાઓને ત્યાં, સેવકો અને નોકરોને હલકા પ્રકારનું અન્ન અપાતું; પણ મારે ત્યાં મારાં દાસદાસીઓને માંસમિશ્રિત ઉત્તમ ભાત અપાતો હતો.

“આવી સંપત્તિનો ઉપભોગ લેતાં લેતાં મારા મનમાં એવો વિચાર આવ્યો કે, અવિદ્વાન્ સામાન્ય મનુષ્ય, પોતે ઘડપણના સપાટામાં આવવાનો છે, તોપણ ઘરડા માણસ તરફ જોઈ કંટાળે છે ને તેનો તિરસ્કાર કરે છે! પરંતુ હું પણ ઘડપણના ઝાંસામાં ફસાવાનો છું, માટે જો સામાન્ય મનુષ્ય કે જરાગ્રસ્ત માણસથી કંટાળું કે તેનો તિરસ્કાર કરૂં, તો તે મને શોભે નહિ. આ વિચારને લીધે મારો જુવાનીનો મદ સમૂળગો જતો રહ્યો.

“અવિદ્વાન્ સામાન્ય મનુષ્ય પોતે વ્યાધિના સપાટામાં સપડાવાનો છે છતાં વ્યાધિગ્રસ્ત મનુષ્ય તરફ જોઇને કંટાળે છે, અને તેનો તિરસ્કાર કરે છે! પરંતુ હું જાતે વ્યાધિના સપાટામાંથી છુટયો નથી, ને વ્યાધિગ્રસ્તથી

કંટાળું કે તેનો તિરસ્કાર કરૂં તો તે મને શોભે નહિ. આ વિચારથી મારો આરોગ્યમદ સમૂળગો જતો રહ્યો.

"અવિદ્વાન્ સામાન્ય મનુષ્ય પોતે મરણધર્મી હોવા છતાં મૃત શરીર તરફ જોઇ કંટાળે છે ને તેનો તિરસ્કાર કરે છે। પરંતુ હું પણ મૃતધર્મી છું, છતાં સામાન્ય મનુષ્યની પેઠે મૃત શરીર તરફ જોઇને કંટાળું કે તેનો તિરસ્કાર કરૂં, તો તે મને શોભે નહિ. આ વિચારથી મારો જીવિતમદ તદ્દન ગળી ગયો."—(અંગુત્તરતિકાય: તિકનિપાત.)

આ ઉતારા પરથી આપને જણાશે કે બોધિસત્વને રહેવા માટે જો કે ત્રણ મહેલ (પ્રાસાદ) હતા; પરંતુ શુદ્ધોદન રાજાએ તેને તેમાં પૂરી રાખ્યો નહોતો; અથવા તે ગૃહત્યાગ કરશે, એવી બીકથી તેની ઉપર નૃત્યાંગનાઓનો કડેકોટ ચોકી પહેરો મૂકયો નહોતો. હાલના એક રાજપુત્ર પ્રમાણે સર્વ પ્રકારનાં મોજશોખનાં સાધનો તેને પૂરાં પાડવામાં આવ્યાં હતાં. તોપણ તેથી તેનું સમાધાન થયું નહિ. જરા, વ્યાધિ ને મરણનાં ઉગ્ર સ્વરૂપોની કલ્પના ઉત્તરોત્તર તેના મનમાં દૃઢ થતી ગઈ; અને તેનો તારૂણ્ય, આરોગ્ય તથા જીવિતનો મદ છેક નાશ પામ્યો.

મજ્ઝિમનિકાયમાંના અરિયપરિયેસન સુત્તમાં બુદ્ધ ભગવાને પોતાના ગૃહત્યાગની હકીકત આ પ્રમાણે વર્ણવી છે:—

"ભિક્ષુઓ! હું પણ સંબોધિજ્ઞાન થયા પહેલાં, બોધિસત્વાવસ્થામાં, સ્વતઃ જન્મધર્મી હતો ત્યારે જન્મના ફેરામાં સપડાએલી વસ્તુઓનું (પુત્ર, સ્ત્રી, દાસ, દાસી ઇત્યાદિનું) અવલંબન કરતો હતો. (એટલે મારૂં સુખ તેઓના પર આધાર રાખી રહ્યું છે, એમ મને લાગતું.) હું પોતે જરાધર્મી છતાં, વ્યાધિધર્મી છતાં, મરણધર્મી છતાં, શોકધર્મી છતાં, જરા, વ્યાધિ, શોક, મરણથી સંબદ્ધ થએલી વસ્તુઓનેજ અવલંબતો હતો. ત્યારે મારા મનમાં એવો વિચાર આવ્યો, કે હું પોતે જરા, વ્યાધિ, મરણ, જન્મ અને શોક સાથે જોડાએલો છું, છતાં તેનાથીજ જોડાએલાં પુત્ર દારાદિકનું અવલં-

બન કરૂં છું એ ઠીક નથી. માટે મારે, આ જન્મજરાદિથી થનારી હાનિ જોઈને, અજાત, અજર, અવ્યાધિ, અમર અને અશોક એવા પરમ શ્રેષ્ઠ **નિર્વાણપદની** ખોળ કરવી યોગ્ય છે.

" ભિક્ષુઓ! આવો વિચાર કરતાં કરતાં, કેટલોક વખત ગયા પછી, જો કે હું તે વખતે જુવાન હતો, મારો એક પણ વાળ પાકયો નહોતો, અને મારાં માબાપ મને પરવાનગી દેતાં નહોતાં, આંખમાંથી નિકળતાં અશ્રુપ્રવાહથી તેમના ગાલ ભીંજાઈ ગયા હતા, તે એક સરખાં રોતાં હતાં, તોપણ હું (તે બધાની પરવા ન કરતાં) શિરોમુંડન કરી, કાષાય વસ્ત્રથી દેહનું આચ્છાદન કરી, ઘરમાંથી બહાર નીકળ્યો[1]. (હું સંન્યાસી થયો.) "

બોધિસત્વે આ પ્રમાણે ગૃહત્યાગ કર્યા પછી તે **રાજગૃહ** નગરમાં ગયો. ત્યાં તે વખતે **બિંબિસાર** નામે રાજા રાજ્ય કરતો હતો. તેણે **બોધિસત્વને** ભિક્ષા માટે ફરતો જોયો, ત્યારે આ કોઇ અદ્વિતીય પુરૂષ છે. એમ તેને લાગ્યું. તેથી તે પંડે **બોધિસત્વ** રહેતો હતો તે **પાંડવ** નામના પર્વત ઉપર ગયો. ત્યાં **બોધિસત્વની** મુલાકાત લઇને, તેણે **બોધિસત્વને** સંન્યાસ છોડી ક્ષત્રીય ધર્મ સ્વીકારવા માટે બહુ આગ્રહ કર્યો. પણ **બોધિસત્વના** **નિર્વાણ** પ્રાપ્ત કરવાના દૃઢ નિશ્ચય આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ. આ હકીકત **સૂત્તનિપાતમાંના** **પબ્બજજ સૂત્તમાં** વર્ણવેલી છે.

---

૧. આ ઉતારાનું શબ્દશઃ ભાષાંતર કર્યું નથી. પુનરૂક્તિ ગાળી નાંખી, તાત્પર્ય માત્ર કહેવાનો પ્રયત્ન કર્યો છે. અહીં માબાપ એવો ઉલ્લેખ છે. **બોધિસત્વની** મા સાતમે દિવસેજ પરલોકવાસી થઇ હતી. તેના પરલોકવાસ પછી, **મહાપ્રજાપતિએ** **બોધિસત્વનું** પુત્રવત્ પાલન કર્યાનો ઉલ્લેખ ચુલ્લવગ્ગમાં મળી આવે છે. વળી **મહાપ્રજાપતિ** **બોધિસત્વની** માશી અને ઓરમાન મા હતી, એમ ઉપર કહેલુંજ છે. તેથી આ સ્થળે **મહાપ્રજાપતિનેજ** મા કહેલી છે, એ ઉઘાડું છે.

આ પછીનું બોધિસત્વનું વૃત્તાંત મજ્ઝિમનિકાયમાંના મહાસચ્ચક સૂત્તમાં મળી આવે છે. સચ્ચક નામનો એક જૈન (નિર્ગન્થ) પંડિત વૈશાલી નગરીમાં રહેતો. તેને અગ્ગિવેસ્સન પણ કહેતા. તેને ઉદ્દેશીને બુદ્ધ કહે છે કેઃ-

"હે અગ્ગિવેસ્સન! આ પ્રમાણે ત્યાગનો સ્વીકાર કરી મેં ઘર છોડયું. પરમ સુખાવહ વાતની હું શોધ કરતો હતો, શ્રેષ્ઠતમ શાન્તિસ્થાનનો પત્તો મેળવવા માટે હું ફરતો હતો. એવામાં આળાર કાલામ પાસે જઇને ધર્મ-પંથમાં પ્રવેશ કરવાની મેં ઇચ્છા દર્શાવી. ત્યારે કાલામ બોલ્યો, 'આયુષ્મન્, તું આ મત પ્રમાણે ચાલ. વિદ્વાન્ માણસ આ મત પ્રમાણે ચાલે તો અમારૂં તત્વજ્ઞાન વહેલું જાણી શકે.'

"આળાર કાલામનું તત્ત્વજ્ઞાન હું જલદી શીખી ગયો. વાદવિવાદ કરવામાં હું નિષ્ણાત થયો. પરંતુ એ બધું 'પોપટ પંખી' જેવું હતું. કાલામના બીજા શિષ્યો મારા જેવાજ સમજણ વગરના પોપટીઆ હતા. આવા જ્ઞાનથી મારા મનનું સમાધાન ન થયું. મેં વિચાર કર્યો કે, કેવળ શ્રદ્ધા રાખવાથી કાલામને અનુભવજ્ઞાન થએલું ન હોવું જોઇએ. એવો વિચાર કરી હું કાલામ પાસે ગયો, અને તેને પ્રશ્ન કર્યો કેઃ— "હે કાલામ! આ તત્ત્વજ્ઞાનનો તને સાક્ષાત્કાર કેવી રીતે થયો?" ત્યારે કાલામે મને 'આકિંચન્યાયતન'[૧] નામની સમાધિ શીખવી. મેં મનમાં વિચાર્યું કેઃ— 'કાલામને જેવી શ્રદ્ધા છે તેવીજ મને છે, કાલામને જેવો ઉત્સાહ છે તેવોજ મને પણ છે, કાલામને જેવો વિવેક-સ્મૃતિ છે તેવાંજ તે મને પણ છે, કાલામમાં જેવી એકાગ્રતાશક્તિ (સમાધિ) છે તેવીજ મારામાં પણ છે, કાલામને જેવી પ્રજ્ઞા છે તેવી મને પણ છે, તો પછી આળાર કાલામની પેઠે હું પણ સાક્ષાત્કાર કેમ મેળવી ન શકું? એવો વિચાર કરીને, હે અગ્ગિવેસ્સન! થોડાક વખતમાંજ મેં 'આકિંચન્ય સમાધિ' સાધ્ય કરી. આ હકીકત જ્યારે કાલામને જણાવી, ત્યારે તે બોલ્યોઃ— 'જે સમાધિનો મને સાક્ષાત્કાર

૧. આ સમાધિથી મન વૃત્તિ શૂન્ય થાય છે.

થયો છે તે સમાધિનો તને પણ સાક્ષાત્કાર થયો છે. જે હું જાણું છું, તે તું પણ જાણે છે. મારી અને તારી યોગ્યતા હવે સરખી છે. ત્યારે આજથી હું અને તું મળીને આ પંથના મુખ્ય નાયક થઇએ અને આ શિષ્યોને શીખવીએ. આ પ્રમાણે કાલામે મારો સત્કાર કર્યો. તે આચાર્ય અને હું તેનો શિષ્ય હતો, છતાં તેણે મને પોતાની યોગ્યતાએ ચઢાવ્યો. હે અગ્ગિવેસ્સન ! આ મોટાઇથી મારૂં સમાધાન થયું નહિ. કાલામનો આ ધર્મ નિર્વાણપ્રાપ્તિ માટે ઉપયોગી નથી, અને તેની ગતિ આકિંચન્યાયતન સમાધિ સુધીજ છે, એમ મને લાગ્યું. હું કાલામના પંથમાંથી છુટી ગયો.

"ત્યાર પછી હું ઉદ્રક રામપુત્ર પાસે ગયો. તેણે મને **'નૈવસંજ્ઞાના-[૨] સંજ્ઞાયતન'** નામની સમાધિ શીખવી. થોડા વખતમાંજ આ સમાધિ મને સાધ્ય થઇ. આ વૃત્તાન્ત જ્યારે મેં રામપુત્રને કહ્યો, ત્યારે તેણે કાલામની પેઠેજ મારો સત્કાર કર્યો. તે આચાર્ય અને હું શિષ્ય એવી સ્થિતિ છતાં, તેણે મને પોતાની યોગ્યતાએ ચઢાવ્યો. પરંતુ એટલેથી મારા મનની તૃપ્તિ થઈ નહિ. આ રામપુત્રના ધર્મથી મને નિર્વાણની પ્રાપ્તિ થવાની નથી, અને તેની ગતિ 'નૈવસંજ્ઞાના સંજ્ઞાયતન' સમાધિ સુધીજ છે, એમ મને લાગ્યું. અને તેથી રામપુત્રને પણ છોડીને હું નીકળ્યો.

"હે **અગ્ગિવેસ્સન** ! આ પ્રમાણે હું પરમ સુખની, પરમ શાંતિની, નિર્વાણની શોધ કરતો કરતો, મગધ દેશમાં ફરતો ફરતો, ઉરૂવેલમાં જઇ પહોંચ્યો. ત્યાંનો પ્રદેશ અત્યંત રમણીય હતો, વનશોભા ઉત્તમ હતી, નદી મંદ મંદ વહેતી હતી, અને તેનાથી થોડેક અંતરે ગામ વસ્યું હતું. આ સ્થળે હે **અગ્ગિવેસ્સન** ! હું મારા શ્વાસોચ્છ્વાસ બંધ કરતો હતો. શ્વાસોચ્છ્વાસ બંધ કર્યા પછી મારા મસ્તકમાં ભયંકર વેદના થતી હતી. પેટમાં પણ એવીજ વેદના થતી, અને આખા શરીરમાં દાહ થતો. પણ મારો ઉત્સાહ દૃઢ હતો, જાગૃતિ કાયમ હતી. દેહ માત્ર દુર્બળ થયો હતો. આવી દુઃખ-

૨. સમાધિની છેવટની પાયરી.

કારક વેદના થતી હતી તોપણ તેથી મારા મન ઉપર તેની અસર થઇ નહોતી.

"ત્યાર પછી મેં આહાર કમી કરવાનો વિચાર કર્યો. હું મગ કે કળથીનું ઓસામણ પીઇને રહેવા લાગ્યો. આથી મારૂં શરીર અત્યંત કૃશ થતું ગયું. હાથ પગ પાતળા પુણી જેવા થયા, વાંસાનો બરડો સ્પષ્ટ દેખાવા લાગ્યો. તૂટેલા ઘરના વાંસડા પ્રમાણે પાંસળીઓ ખડખડી ગઇ, પાણીમાં પડેલા તારાઓનાં પ્રતિબિંબ જેમ ઉંડા ગએલાં દેખાય છે, તેમ મારી આંખની કીકીઓ ઉંડી ઉતરી ગઈ. કુમળા કોળાને કાચું ને કાચું કાપીને તડકામાં મૂકવાથી જેમ તે ચીમળાઈ જાય છે, તેમ મારી શરીરકાંતિ કરમાઈ ગઇ. પેટ અને પીઠ ચોંટી ગયાં. આ વેળાએ મારા મનમાં એવો વિચાર આવ્યો કેઃ—'હું આ અતિ દુઃખકારક વેદનાઓ અનુભવું છું, તેના કરતાં વિશેષ દુઃખદ વેદના બીજા કોઇ શ્રમણે કે બ્રાહ્મણે ખમી નહિ હોય। તેમ છતાં દુષ્કર કર્મથી વંશપરંપરા પ્રસરી શકે એવું ધર્મજ્ઞાન પ્રાપ્ત થશે, એમ મને લાગતું નથી। આ કરતાં નિર્વાણપ્રાપ્તિનો બીજો કોઈ માર્ગ છે કે નહિ? (ઘર છોડતાં પહેલાં) મારા પિતા સાથે હું ખેતરમાં ગએલો, ત્યાં જાંબુડાના ઝાડ નીચે બેસીને પ્રથમ મેં ધ્યાનની સમાધિ સાધી હતી, તે મને સાંભરે છે; તેજ નિર્વાણનો માર્ગ નહિ હોય। આ વાતનું સ્મરણ થતાંજ, હે અગ્ગિવેસ્સન! તેજ માર્ગ ખરો હોવો જોઇએ એમ મને લાગ્યું. મેં મારા મનને કહ્યું કે, એ સમાધિસુખથી હું શા માટે બીઉં છું? તે સહેલાઇથી–ચેનથી મળેલું સુખ નથી, કે પાપકારક પણ નથી. આવા સુખથી બીવું એ કામનું નથી. પણ આવા દુર્બળ દેહથી એ સુખ સાધ્ય થશે નહિ. માટે દેહનું રક્ષણ કરવા સારૂ મારે ખોરાક તો ખાવો જોઇએ.

"ત્યારપછી દેહના રક્ષણ માટે જોઇતા અન્નનું હું સેવન કરવા લાગ્યો. આ સમયે મારી સેવા માટે પાંચ ભિક્ષુઓ મારી પાસે રહેતા હતા. મને જે ધર્મજ્ઞાન થશે તે જાણવાની તેઓ આશા રાખતા હતા. પણ જ્યારે મેં અન્નનું સેવન કરવા માંડ્યું ત્યારે તેઓ નિરાશ થયા, અને મને ઢોંગી

માનીને તેઓ મને છોડીને ચાલતા થયા. અન્નગ્રહણથી હળવે હળવે મારા શરીરમાં શક્તિ આવી, અને હું સમાધિ–સુખનો અનુભવ લેવા મંડયો.''

આળાર કાલામ અને **ઉદ્રક રામપુત્ર** એ બન્ને એક પ્રકારના યોગમાર્ગના પ્રવર્તક હતા. બુદ્ધચરિત કાવ્યમાં એમને સાંખ્યમતના પ્રવર્તક તરિકે ઓળખાવ્યા છે. અને તે ઉપરથી સાંખ્યમતમાંથી બૌદ્ધધર્મ ઉત્પન્ન થયો છે, એમ કેટલાક પાશ્ચાત્ય પંડિતો માને છે. પણ આ માન્યતાને ટિપિટકમાં કોઇ પણ સ્થળે આધાર નથી. અશ્વઘોષાચાર્યે સાંખ્યમતની નિષ્ફળતા બતાવવા અને કાવ્યને શોભાવવા માટે તેમને સાંખ્યમતના પ્રવર્તક ગણ્યા હોય એટલુંજ આ ઉપરથી સિદ્ધ થાય છે.

ત્યારપછી બોધિસત્વ ઉપર ગુજરેલો ભયંકર પ્રસંગ, તે **માર**ની સામે થએલા તેના યુદ્ધનો છે. બુદ્ધચરિત કાવ્યાદિ ગ્રંથોમાં આ પ્રસંગનાં અદ્દ્ભુત રસથી રસબસ થએલાં વર્ણનો મળી આવે છે. તે કાવ્યની દૃષ્ટિથી અતિ મનોરમ્ય છે. પરંતુ સૂત્તનિપાતમાંના **પધાનસૂત્ત**માં કરેલું **મારયુદ્ધ**નું વર્ણન એથી જુદું છે. પધાનસૂત્તમાં ૨૫ ગાથા છે, તે પૈકી થોડીક અહીં આપવી અપ્રાસંગિક ગણાશે નહિ.

બુદ્ધ ભગવાન્ કહે છેઃ—

तं मं पधानपहितत्तं नदिं नेरंजरं पति ।
विपरक्कम्म झायन्तं योगक्खेमस्स पत्तिया ॥ १

नमुचि करुणं वाचं भासमानो उपागमि ।
किसो त्वमसि दुब्बण्णो सन्तिके मरणं तव ॥ २

सहस्सभागो मरणस्स एकंसो तव जीवितं ।
जीवं भो जीवितं सेय्यो जीवं पुञ्ञानि काहसि ॥ ३

चरतो च ते ब्रह्मचरियं अग्गिहुत्तंच जूहतो ।
पहूतं चीयते पुञ्ञं किं पधानेन काहसि ॥ ४

અર્થ—

(૧) હું નેરંજરા નદીને કાંઠે નિર્વાણપ્રાપ્તિ માટે અતિ ઉત્સાહથી ધ્યાન કરતો હતો, મારૂં સર્વ ચિત્ત નિર્વાણ તરફજ લાગ્યું હતું.

(૨) (એવી સ્થિતિ હતી, એટલામાં) માર મારી પાસે આવ્યો, અને કરુણામય વાણીથી મને કહ્યું, તું કૃશ થયો છે, તારી શરીરકાંતિ ફીકી પડી ગઈ છે, મરણ તારી સમીપ જણાય છે.

(૩) હજાર દરજ્જે તું મરનારજ પણ માત્ર એકજ દરજ્જે તારૂં જીવતર ટકી રહ્યું છે. હે (ગૌતમ)! જીવતો રહે. જીવીશ તો પુણ્યકર્મો કરી શકીશ.

(૪) (ગૃહસ્થ-ધર્મને વિહિત) કર્મોનું આચરણ કરીને, અગ્નિહોત્ર રાખીને, હોમ કરવાથી પુષ્કળ પુણ્ય સંપાદન કરી શકાય છે. તો પછી આ નિર્વાણ મેળવીને શું કરવું છે?

મારે બોધિસત્વને આ ઉપદેશ આપ્યો એટલે બોધિસત્વે તેને કહ્યું કેઃ—

अणुमत्तेनापि पुञ्ञेन अत्थो मह्यं न विज्जति ।
येसं च अत्थो पुञ्ञानं ते मारो वत्तुमरहति ॥ १
अत्थि सद्धा ततो विरियं पञ्ञा च मम विज्जति ।
एवं मं पहितत्तंपि किं जीवितमनुपुच्छसि ॥ २

અર્થ—

(૧) આવા પ્રકારનું (લૌકિક) પુણ્ય અણુ માત્ર પણ મારે જોઈતું નથી. જેને આવા પુણ્યની આવશ્યકતા લાગતી હોય તેને જોઇએ તો મારે આ ઉપદેશ કરવો.

(૨) મને શ્રદ્ધા છે, ઉત્સાહ છે અને પ્રજ્ઞા પણ છે; અને વળી મારૂં ચિત્ત સ્થિર છે છતાં, મને મરણની બીક શા માટે બતાવે છે?

વળી બોધિસત્વે કહ્યુંઃ—

कामा ते पठमा सेना दुतिया अरति वुच्चति ।
ततिया खुप्पिपासा ते चतुत्थी तण्हा पवुच्चति ॥ १
पंचमी थीनमिद्धं ते छट्ठा भीरुपवुच्चति ।
सत्तमी विचिकिच्छा ते मक्खो थंभो ते अट्ठमो ॥ २
लाभो सिलोको सक्कारो मिच्छा लद्धो च यो यसो ।
यो चत्तानं समुक्कंसे परे च अवजानति ॥ ३
एसा नमुचि ते सेना कण्हस्साभिप्पहारणी ।
न तं असूरो जिनाति जेत्वा च लभते सुखं ॥ ४

અર્થ—

(૧—૨) (હે માર!) ઇંદ્રિયોને સુખ આપનારા મોજશોખના પદાર્થો એ તારી પહેલી ફોજ છે. અરતિ (કંટાળો) એ બીજી, ભૂખ અને તરસ એ ત્રીજી, વિષયવાસના એ ચોથી, આળસ એ પાંચમી, બીક એ છઠ્ઠી, કુશંકા (અયોગ્ય શંકા) એ સાતમી અને ગર્વ એ તારી આઠમી સેના છે.

(૩) (એ ઉપરાંત)—લાભ, સત્કાર, પૂજા એ તારી (નવમી) સેના છે, અને ખોટે માર્ગે મળેલી કીર્તિ એ દસમી ફોજ છે. આ કીર્તિના યોગે માણસ આત્મસ્તુતિ અને પરનિંદા કરે છે.

(૪) હે કાળકુટ નમુચિ (માર)! (સાધુ સંતો ઉપર) પ્રહાર કરનારી આ તારી સેના છે. તેને મૂર્ખ માણસ જીતી શકતો નથી; પણ શૂરા મનુષ્યો તેને જીતે છે, ને તેજ સુખ મેળવે છે.

બોધિસત્વે વળી કહ્યું:—

पगाळ्हा येत्थ न दिस्सन्ति एते समणब्राह्मणा ।
तं च मग्गं न जानन्ति येन गच्छन्ति सुब्बता ॥ १

અર્થ—(હે માર!) આ બધા શ્રમણ અને બ્રાહ્મણ તારી સેનામાં

ખુંદી ગયા છે; તેથી તે (શીલ આદિ ગુણોથી) પ્રકાશતા નથી; અને તેમને જે માર્ગે મહર્ષિઓ જાય છે, તે માર્ગની ખબર નથી.

यं तेतं नप्पसहन्ति सेनं लोको सदेवको ।
तं ते पञ्ञाय गच्छामि आमं पत्तवं अम्हना ॥ १

અર્થ—આ તારી સેના સામે દેવો અને મનુષ્યો ઉભા રહી શકતા નથી. (પરંતુ) તેને જેવી રીતે માટીનાં કાચાં વાસણુનો પત્થરથી નાશ થાય છે તેવી રીતે હું પ્રજ્ઞાથી પરાભવ કરૂં છું.

આ 'માર' કોણ એ કહેવાની કશી આવશ્યકતા છે ? 'માર' એટલે મારનારો. તે ઉપર કહેલી સેનાઓની સાહ્યતાથી મનુષ્યોની સદ્વાસનાઓનો નાશ કરે છે. તેને જીતવો, એટલે આત્મજય કરવો એ છે. આ જય બાહ્ય શત્રુ ઉપર મેળવેલા જય કરતાં કેટલા ગણો શ્રેષ્ઠ છે, એ સહેજે સમજી શકાય એવું છે.

આ પ્રમાણે બોધિસત્વનો 'માર'ની સાથે એક સરખો ઝગડો ચાલ્યો હતો. ત્યાર પછી વૈશાખ શુદી પૂર્ણિમાને દિવસે સુજાતા નામની સ્ત્રીએ આપેલો દુધનો પાયસ સેવન કરીને તે એક બોધિવૃક્ષ નીચે (પીપળાના ઝાડ નીચે) ગયો. તે રાત્રિએ તેણે મારનો પૂર્ણ રીતે પરાભવ કરીને જગત્‌ના ઉદ્ધારનો ધર્મમાર્ગ શોધી કાઢયો. ત્યારે માર બોલ્યોઃ—

सत्त वस्सानि भगवंतं अनुबंधिं पदापदं ।
ओतारं नाधिगच्छिस्सं संबुद्धस्स सतिमतो ॥ १

અર્થ—સાત વર્ષ સુધી એક સરખો હું એ ભગવાનની પાછળ પડયો હતો, પણ આ વિવેકી (સ્મૃતિમાન્) બુદ્ધનું એક પણ છિદ્ર હાથલાગ્યું નહિ.

तस्स सोकपरेतस्सं वीणा कक्खा अभस्सथ ।
ततो सो दुम्मनो यक्खो तेत्थवंतरधायथाति ॥ १

અર્થ—આ પ્રમાણે માર શોકથી વ્યાકૂળ થવાથી તેની કાખમાંથી

વીણા નીકળી પડયો. ત્યારે તે **માર** અત્યંત દુઃખી થઇને ત્યાંજ અંતર્ધાન થયો.

મારનો પરાભવ કરીને ધર્મમાર્ગ શોધી કાઢયા પછી **બોધિસત્વ** બુદ્ધ થયો. ત્યાર પછી તેને **સંબુદ્ધ, તથાગત, સુગત, ધર્મરાજ, મારશ્વિત, જીન**, વગેરે સંજ્ઞા લગાડવામાં આવે છે. આ માર્ગ તેણે પોતાની ઉમ્મરના ૩૬ મા વર્ષે ખોળી કાઢયો. ત્યાર પછીની હકીકત **મહાવગ્ગ ગ્રંથ**માં આપી છે. **મહાવગ્ગ ગ્રંથનું** અંગ્રેજી ભાષાંતર[1] થયેલું છે, તે જેમને અંગ્રેજી ભાષાનું જ્ઞાન હોય તેમણે જરૂર જોવું. **મહાવગ્ગમાંનું** વિસ્તૃત વર્ણન અહીં આપવાની સવડ નથી, તોપણ તેમાંની કેટલી વાતોનો અહીં ઉલ્લેખ કર્યા વગર રહેવાતું નથી.

ધર્મજ્ઞાન થયું તે દિવસથી ભગવાન્ બુદ્ધ સાત દિવસ સુધી મોક્ષરસનો અનુભવ લેતા, એકજ આસન ઉપર બેઠા હતા. સાતમી રાત્રિના છેવટના પહોરે તેઓએ આવો આનંદોદ્ગાર કાઢયો કેઃ—

यदा हवे पातुभवन्ति धम्मा आतापिनो झायतो ब्राह्मणस्स ।
विधूपयं तिट्ठति मारसेनं सुरियोव ओभासयमंतळिक्खंति ॥

અર્થ—જે વખતે ધ્યાનસ્થ અને ઉત્સાહી બ્રાહ્મણને ધર્મજ્ઞાનનો સાક્ષાત્કાર થાય છે, ત્યારે તે **માર**ની સેનાનો વિધ્વંસ કરી નાખે છે, અને સૂર્ય પ્રમાણે પ્રકાસે છે.

ત્યારપછી **નેરંજરા** નદીના કાંઠા ઉપરના પ્રદેશમાં ભગવાન્ બુદ્ધ રહેતા હતા, ત્યાં એમના મનમાં એવો વિચાર આવ્યો કેઃ—

किच्छेन मे अधिगतं हलं दानि पकासितुं ।
रागदोसपरेतेहि नायं धम्मो सुसंबुद्धो ॥ १
पटिसोतगामिं निपुणं गंभिरं दुद्दसं अणुं ।
रागरत्ता न दक्खन्ति तमोखन्देन आवुताति ॥ २

---

૧. સીક્રેટ બુક ઓફ ધિ ઇસ્ટ, પુ. ૧૩-૧૪

અર્થ—(૧) અતિ પ્રયત્ને મને આ માર્ગનું જ્ઞાન થયું છે. હવે તે લોકોને કહેવામાં કાંઈ અર્થ જણાતો નથી; કારણ કે લોભ અને દ્વેષથી ભરેલા લોકો એ જ્ઞાન ઝટ જાણી સકશે નહિ.

(૨) આ માર્ગ લોકપ્રવાહથી ઉલટો જનારો છે, આ જ્ઞાનયુક્ત—ગંભીર—દુરધિગમ—અને સૂક્ષ્મ છે, (તેથી) અજ્ઞાનના આવરણથી આચ્છાદિત અને કામાસક્ત માણસોને તેનું જ્ઞાન થવાનું નથી.

ભગવંતના મનનો આ વિચાર બ્રહ્મદેવે જાણ્યો, એટલે તે પોતાનેજ કહેવા લાગ્યા કેઃ—

'અરેરે! બુદ્ધ જો ધર્મોપદેશ નહિ કરે તો લોકોને ભારે હાનિ થશે. લોકોનો વિનાશ થવાનો છે!" આવા ઉદ્‌ગાર કાઢીને બ્રહ્મદેવ એકદમ બુદ્ધની સામે પ્રકટ થયા, અને કહ્યુંઃ—

उट्ठहि वीर विजितसंगाम सत्थवाह अनण विचर लोके ।
देसेतु भगवान् धम्मं अञ्ञातारो भविस्सन्ति ॥ १ ॥

અર્થ—હે વીર! હે ઉદ્દેશવાન્! ઉઠ. તું સંગ્રામ જીત્યો છે, તું ઋણ-મુક્ત છે, સર્વત્ર સંચાર કર. તારો આ ધર્મ જાણનારા પણ (કેટલાક) હશેજ. બ્રહ્મદેવની આ પ્રાર્થનાને અનુસરીને બુદ્ધે ધર્મોપદેશ કરવાનો નિશ્ચય કર્યો.

હવે, આ બ્રહ્મદેવ કોણ? એ અહીં આપેલા ઉતારા ઉપરથી અથવા મહાવગ્ગમાંની કથા ઉપરથી સમજવું ઘણું કઠણ છે. પરંતુ તેવિજ્જસુત્ત, મહાગોવિંદસુત્ત, ઇત્યાદિ સુત્તોમાંથી એનું જે વર્ણન મળી આવે છે, તે પરથી તેની બરાબર કલ્પના કરી શકાય છે.

મૈત્રી, કરુણા, મુદિતા અને **ઉપેક્ષા**[1] આ ચાર ભાવનાઓને 'બ્રહ્મ-વિહાર' કહે છે. કરણીયમેત્તસુત્તમાં કહ્યું છે કેઃ—

माता यथा नियं पुत्तं आयुसा एकपुत्तमनुरक्खे ।
एवंपि सब्ब भूतेसु मानसं भावये अपरिमाणं ६ ॥

---

૧. **મૈત્રી**=સાર્વત્રિક પ્રેમભાવ; **કરુણા**=દયા; **મુદિતા**=આનંદી વૃત્તિ; **ઉપેક્ષા**=પરવા ન કરવી તે.

અર્થ—માતા જેમ પોતાના એકના એક દીકરાનું પોતાનો પ્રાણ ખરચીને પણ પરિપાલન કરે છે, તેમ (તેણે) પોતાનું મન સર્વ પ્રાણી માત્રમાં અપરિમિત પ્રેમથી ભરી રાખવું જોઇએ.

मेत्तं च सब्बलोकस्मिं मानसं भावये अपरिमाणं ।
उद्धं अधो च तिरियंच असंबाधं अवेरं असपत्तं ॥ ३ ॥

અર્થ—મનમાં અપરિમિત મૈત્રીની ભાવના કરવી; ઉપરની, નીચેની અને ચારે બાજુ પ્રેમથી ભરી નાખવી. એ પ્રેમને કોઇપણ સ્થળે અટકાયત હોવી ન જોઇએઃ કોઇ પારકું કે પોતાનું હોવું ન જોઇએ.

तिट्ठं चरं निसिण्णो वा सयानो वा यावदस्स विगतमिद्धो ।
एतं सतिं अधिट्ठेय्य ब्रह्ममेतं विहारं इधमाहु ॥

અર્થ—ઉભા હોઇએ, ચાલતા હોઇએ, બેઠા હોઇએ, કે પથારી ઉપર સુતા પછી જ્યાં સુધી ઉંઘ આવી ન હોય ત્યાં સુધી, મૈત્રીની આ ભાવના જાગૃત રાખવી. કારણ (પંડિતો) એનેજ 'બ્રહ્મવિહાર' કહે છે.

ગૃહસ્થો ! આ ઉપરથી જણાશે કે બ્રહ્મદેવ એટલે મૈત્રી, કરુણા, મુદિતા અથવા ઉપેક્ષા, એ ચારમાંની કોઇપણ મનોવૃત્તિ છે. મા જેમ ધાવણા બાળકનું મૈત્રીથી (પ્રેમથી) પાલન કરે છે, તે માંદું હોય તો કરુણાથી તેની બરદાસ્ત કરે છે, વિદ્યાભ્યાસ વગેરેમાં તેણે કુશળતા મેળવી હોય તો આનંદિત અંતઃકરણથી તેને પંપાળે છે, અને આગળ જતાં તે પોતાનો સંસાર સ્વતંત્રપણે ચલાવવા માંડે કે તેના મતની વિરૂદ્ધ ચાલવા માંડે ત્યારે તેની ઉપેક્ષા કરે છે; પણ તેનો કદી દ્વેષ કરતી નથી, કે તેને મદદ કરવાને તે તૈયાર ન હોય એવું પણ બનતું નથી. તેજ પ્રમાણે મહાત્માઓ આ ચાર મનોવૃત્તિથી પ્રેરાઇને જનસમૂહનું કલ્યાણ કરવાને તત્પર હોય છે. જે **બ્રહ્મદેવને** લોકો પિતામહ કહે છે, તે બીજો કોઇજ નહિ, પણ આ ચાર મનોવૃત્તિની સાક્ષાત મૂર્તિજ છે. માટે બુદ્ધ પાસે બ્રહ્મદેવ આવ્યા, એનો તત્વાર્થ એજ કે આ

ચાર મનોવૃત્તિઓ તેના મનમાં વિકાસ પામી. બ્રહ્મદેવની પ્રાર્થના તેણે સાંભળી, એનો ભાવાર્થ એ છે કે, મહાત્મા બુદ્ધના અંતઃકરણમાં વાસ કરનારા અમર્યાદ પ્રેમે, અગાધ કરુણાએ, સજ્જનો પ્રત્યેની મુદિતાએ, અને જેઓ તેનું કહ્યું માને નહિ અથવા વિનાકારણ શત્રુ થાય તેમના તરફની ઉપેક્ષાએ, તેને સદ્ધર્મનો પ્રસાર કરવા માટે પ્રવૃત્ત કર્યો.

આળાર કાલામ અને ઉદ્રક રામપુત્રને આ ધર્મનો ઉપદેશ પ્રથમ કરવાનો બુદ્ધના મનમાં વિચાર આવ્યો; કારણ તે બન્ને આ ધર્મ સમજવા માટે સમર્થ હતા. પરંતુ તે તરતજ પરલોકવાસી થયેલાના ખબર તેને મળ્યા ત્યારે તેણે ઉપર વર્ણવેલા દેહકષ્ટને પ્રસંગે પોતાને મદદ કરનાર પાંચ ભિક્ષુઓને પહેલવહેલો ઉપદેશ કરવાનો નિશ્ચય કર્યો. તે ભિક્ષુઓ આ વખતે વારાણસીમાંના ઋષિપત્તનમાં રહેતા હતા. બુદ્ધ અષાડી પૂર્ણિમાના અરસામાં ત્યાં જઇ પહોંચ્યા. તેમને જોઇને પેલા પાંચ ભિક્ષુઓ એક બીજાને કહેવા લાગ્યા કેઃ—"આ ઢોંગી શ્રમણ આવે છે, આ પતિત ગૌતમ આવે છે, તેનો કોઈ પણ પ્રકારે આદરસત્કાર કરવાનું અમને ઠીક લાગતું નથી. તેને એક આસન માત્ર નાખી આપવું, જો તેની ઇચ્છા હશે તો તે ત્યાં બેસશે, નહિ તો નહિ."

પરંતુ જેમ જેમ બુદ્ધ નજીક આવતા ગયા, તેમ તેમ આ પાંચે ભિક્ષુઓના વિચાર ઢળી પડવા લાગ્યા. તેમાંના એકે ઉઠીને આસન માંડ્યું, બીજાએ પગ ધોવા માટે પાણી તૈયાર કર્યું, બાકીનાઓએ સામા આવીને બુદ્ધનું ભિક્ષાપાત્ર અને ભિક્ષુવસ્ત્ર લઇને તેનું સન્માન કર્યું. બુદ્ધે પોતાને ધર્મજ્ઞાનનો સાક્ષાત્કાર થયાની હકીકત કહી; પરંતુ તેમને તે ખરી લાગી નહિ. છેવટે પૂર્ણિમાને દિવસે તેમને બુદ્ધે ઉપદેશ કર્યો કે,—

"ભિક્ષુઓ! ત્યાગીઓએ બે વૃત્તિઓનું સેવન કરવું નહિ. મોજશોખ (ચેનબાજી)નો ઉપભોગ લીધા કરવો, એ એક વૃત્તિ. આ વૃત્તિ હીન છે, ગ્રામ્ય છે, અનાર્ય છે, અને અનર્થાવહ છે. અજ્ઞાન માણસોજ એને સેવે છે;

દેહદમન કરવું એ બીજી વૃત્તિ. આ પણ દુઃખકારક છે, અનાર્ય છે, અને અનર્થાવહ છે. તેથી આ બન્ને વૃત્તિના અંત સુધી ન જતાં, તથાગતે મધ્યમ માર્ગ શોધી કાઢ્યો છે. આ માર્ગ જ્ઞાનચક્ષુ ઉત્પન્ન કરનારો છે, જ્ઞાનનો ઉદય કરનારો છે. આથીજ **उपशम अभिज्ञा** (દિવ્યશક્તિ), **प्रज्ञा** અને **निर्वाण**ના પ્રાપ્ત થાય છે. હે ભિક્ષુઓ! આ માર્ગ કયો એમ પૂછશો તો તે **आर्य-अष्टांगिक मार्ग** છે. તેનાં આઠ અંગો છેઃ—

सम्यक् दृष्टि, सम्यक् संकल्प, सम्यक् वाचा, सम्यक् कर्मांत (कर्म), सम्यक् आजीव, सम्यक् व्यायाम, सम्यक् स्मृति, અને **सम्यक् समाधि.** તથાગતે શોધી કાઢેલા આ મધ્યમ માર્ગદ્વારા ઉપશમ, અભિજ્ઞા, સંબોધ (પ્રજ્ઞા), અને નિર્વાણ પ્રાપ્ત થાય છે.

"હે ભિક્ષુઓ! **दुःख** નામનું પહેલું આર્ય સત્ય એ છે કેઃ—જન્મ પણ દુઃખકારક, જરા પણ દુઃખકારક, વ્યાધિ પણ દુઃખકારક, મરણ પણ દુઃખકારક, અપ્રિય સાથેનો સમાગમ દુઃખકારક, પ્રિય વસ્તુનો વિયોગ દુઃખકારક, ઇચ્છિત વસ્તુની અપ્રાપ્તિ પણ દુઃખકારક થાય; સારાંશ કે પાંચે **उपादान स्कंध** દુઃખકારક છે.

"હે ભિક્ષુઓ! **दुःखसमुदय** નામનું બીજું આર્ય સત્ય ફરી ફરીને ઉત્પન્ન થનારી અને સર્વત્ર આસક્તિ ઉત્પન્ન કરનારી **तृष्णा** છે. તે ત્રણ જાતની છે.—**कामतृष्णा** (ઐહિક સુખની તૃષ્ણા), **भवतृष्णा** (સ્વર્ગાદિકની તૃષ્ણા), અને **विभवतृष्णा** (હતો નહોતો થવાની તૃષ્ણા).

"ભિક્ષુઓ! **दुःखनिरोध** નામનું ત્રીજું આર્ય સત્ય છે તે એ કેઃ—આ તૃષ્ણાનો અશેષ વૈરાગ્યવડે નિરોધ કરવો, તેનો ત્યાગ કરવો, તેને ફેંકી દેવી, તેમાંથી મુક્ત થવું અને તેના પંઝામાંથી છુટવું.

"ભિક્ષુઓ! **दुःखनिरोधगामिनी प्रतिपदा** નામનું ચોથું આર્ય સત્ય તે ઉપર કહેલો **आर्य अष्टांगिक मार्ग** છે."

બુદ્ધના આ પહેલા ઉપદેશને '**धर्मचक्र प्रवर्तन**' કહે છે. આ પાંચ

ભિક્ષુઓમાંથી કૌડિન્ય નામના ભિક્ષુને બુદ્ધના ઉપદેશની તરતજ અસર થઈ, ને તે તત્કાળ તેનો શિષ્ય થયો. આગળ જતાં બાકીના ચારે ભિક્ષુઓ બુદ્ધના શિષ્ય થયા.

સભ્ય ગૃહસ્થો! ત્યાર પછી કુસિનીરા નામે સ્થાનમાં પરિનિર્વાણ (દેહાવસાન) થતાં સુધી–૪૫ વર્ષ સુધી–મહાત્મા બુદ્ધે કરેલા પરોપકારનું વર્ણન કરવાની—બહુ લંબાણ થવાથી—સવડ રહી નથી. તેણે સ્થાપન કરેલા સંઘ વિશેની કંઈક માહિતી હું બીજા વ્યાખ્યાનમાં આપને વિદિત કરીશ. હાલ તો તેમની દિનચર્યાની કેટલીક હકીકત કહી આ વિષય પૂર્ણ કરીશ.

બુદ્ધ સવારમાં વહેલા ઉઠતા. તે વખતે તેઓ ધ્યાન કરતા, અથવા વિહારની બહારની બાજુએ–અહીંથી તહીં, અને તહીંથી અહીં–શાન્તપણે ફરતા. સવારમાં ભિક્ષા માટે ગામમાં જતા. ત્યાં કોઈ તેમને પ્રશ્ન પૂછે, તો તેને તેના ઉત્તર આપતા, અને ઉપદેશ કરી સન્માર્ગે લગાડતા. કૃષિભારદ્વાજ, શૃગાલ, ઇત્યાદિને આ રીતેજ તેમણે ઉપદેશ કરીને સન્માર્ગે લગાડેલા. રાંધેલા અન્નની જે ભિક્ષા ભિક્ષાપાત્રમાં એકઠી થતી, તે લઇને વિહારમાં પાછા આવતા અને બપોરના બાર વાગ્યા પહેલાં ભોજન કરતા. ભોજન કર્યા પછી થોડીક વિશ્રાંતિ લઈને ધ્યાન કરતા. સાંજે ગૃહસ્થોને કે ભિક્ષુઓને ઉપદેશ કરતા. રાત્રે ફરીથી ધ્યાન કરતા, કે વિહારની બહાર ઉપર કહ્યા પ્રમાણે ફરતા. મધ્યરાત્રિને સુમારે તેઓ જમણે પડખે પગ ઉપર પગ રાખીને, અને ઓશીકે હાથ મૂકીને સુતા. સુવાની આ રીતને **सिंहशय्या** કહે છે. જ્યારે તેઓ પ્રવાસે નીકળતા ત્યારે તેમની સાથે ભિક્ષુઓનો મોટો સમુદાય રહેતો. સવારે એક ગામમાં ભિક્ષા લઇને, રાત્રે મુકામ કરવા બીજે ગામ જતા. જ્યાં વિહાર ન હોય ત્યાં ઝાડ નીચે કે કોઇ બગીચામાં રહેતા.

આગલે દિવસે કોઇએ આમંત્રણ કર્યું હોય તો ભિક્ષુઓ સાથે તેને ઘેર જઇ તેઓ ભિક્ષા ગ્રહણ કરતા.

આ પ્રમાણે સતત ૪૫ વર્ષ સુધી, અનેક જન સમુદાય ઉપર, પોતે મેળવેલા ધર્મામૃતનો વરસાદ વરસાવી, પોતાની વયના ૮૦ મા વર્ષે બુદ્ધ [1]કુસિનારામાં પરિનિર્વાણ પામ્યા. ક્ષત્રિયકુલમાં તેમનો જન્મ થયા છતાં, બીજાં રાષ્ટ્રો જીતવા કરતાં મનનો વિજય કરવો તેમને શ્રેષ્ઠ લાગ્યો. પોતાના શત્રુઓને તેમણે શસ્ત્રોથી ન જીતતાં, શ્રદ્ધા—ક્ષાંતિ અને લોકકલ્યાણના અપ્રકંપ્ય ઉત્સાહથી જીત્યા. જેણે મારને જીત્યો, તે બીજાને શું ન જીતે!

સભ્ય ગૃહસ્થો! આ બુદ્ધરત્ન આ ભારતભૂમિમાં ઉત્પન્ન થયું એ આ ભૂમિનું મોટું ભાગ્ય છે! દુનિયાના ઈતિહાસમાં આ રત્નના યોગે કેટલો ફેરફાર થયો છે, તે આપ સજ્જનોને કહેવાની આવશ્યકતા નથી. પાશ્ચાત્ય પંડિતોના પરિશ્રમથી આ રત્નની પરીક્ષા આપણને હળવે હળવે થતી જાય છે, એ સુચિન્હ સમજવું જોઈએ. આ રત્નનો ઉજ્વલ પ્રકાશ આપણા અંતઃકરણ ઉપર પડીને આપણું અજ્ઞાન નષ્ટ થશે, આપણામાંનો ભેદભાવ આપણે વિસરી જઈશું, અને ફરીથી મનુષ્યજાતિનું હિત કરવા આપણે સમર્થ થઈશું એવી આશા છે. છેવટે સ્થવિર અનિરૂદ્ધાચાર્યની વાણીમાં હું પ્રાર્થના કરૂં છું કે:—

> भूतं भवद्भावि च धर्मजातं ।
> योऽनन्यथा स्वयमबोधि सुबोधिमूले ॥
> ज्ञेयोदयो सुधिषणावरणानभिज्ञः ।
> बुद्ध एष भवतां भवताद्विभूत्यै ॥

ભૂત, ભવિષ્ય અને વર્તમાન ધર્મતત્ત્વો, ઉત્તમ બોધિવૃક્ષ નીચે જેણે યથાર્થ જાણ્યાં, અને જ્ઞેય તત્ત્વનો (અંતઃકરણમાં) ઉદય થયા છતાં જેની બુદ્ધિ ઉપર બીલકુલ આવરણ આવ્યું નથી, એવો સંબુદ્ધ આપણા કલ્યાણનું કારણ થાઓ!

વ્યાખ્યાન ૨ જું.

ધર્મ.

आलोकस्तिमिरे विपद्विषमणिः पाते करालंबनं
वाञ्छाकल्पतरुर्जगज्जयरथः पाथेयमन्ते पथि ।
दुःखव्याधिमहौषधं भवभयोद्भ्रांताशयाश्वसनं
तापे चंदनकाननं स्थिरसुहृद्धर्मः सतां बांधवः ॥

(ક્ષેમેંદ્ર મહાકવિ કૃત अवदान कल्पलता.)

ધર્મ એ અંધકારમાં પ્રકાશ છે, વિપત્તિરૂપી વિષનો નાશ કરનાર મણિ છે, પડેલાને હાથ દેનારો (મદદ દેનારો) છે, ઇચ્છાનુસાર ફળ આપનારૂં કલ્પતરુ છે, પરલોકવાસનો માર્ગ છે, દુઃખરૂપી વ્યાધિનું મહૌષધ છે, ભવભયથી ભ્રાંત થએલા અંતઃકરણને આશ્વાસન છે, દાહ થયો હોય તો ચંદનવન છે, કાયમનો મિત્ર છે અને સજ્જનોનો (ખરો) બંધુ છે.

ધર્મ.

सब्ब पापस्स अकरणं कुसलस्स उपसंपदा ।
सचित्तपरियोदपनं एतं बुद्धान सासनं ॥ १ ॥

અર્થ—સર્વ પાપોથી મુક્ત થવું, (સર્વ) કુશલનો (પુણ્યનો) સંચય કરવો; અને સ્વચિત્તનું દમન કરવું, એ બુદ્ધનું અનુસાશન છે.—(ધમ્મપદ)

બુદ્ધે ઉપદેશેલા ધર્મમાર્ગનો સારાંશ આ ગાથામાં કહ્યો છે. 'સર્વ પાપોથી મુક્ત થવું' એટલે શીલનું સંરક્ષણ કરવું, 'પુણ્યનો સંચય કરવો' એટલે સમાધિ સાધ્ય કરવી, અને 'સ્વચિત્તનું દમન કરવું' એટલે **પ્રજ્ઞા** સંપાદન કરવી, અર્થાત્ **શીલ**, **સમાધિ** અને **પ્રજ્ઞા** એ આ ધર્મમાર્ગનાં ત્રણ

મુખ્ય પગથીયાં છે; અને તેનેજ **'અધિશીલશિક્ષા', 'અધિચિત્તશિક્ષા'** અને **'અધિપ્રજ્ઞાશિક્ષા'** કહે છે. આ ત્રણ શિક્ષામાં આખા બૌદ્ધ ધર્મનો અંતર્ભાવ થાય છે. પહેલા વ્યાખ્યાનમાં કહેલા **આર્ય અષ્ટાંગિક-માર્ગનાં** આઠ અંગોનો આ ત્રણ શિક્ષામાં સમાવેશ થાય છે. **સમ્યક્ વાચા, સમ્યક્ કર્માંત,** અને **સમ્યક્ આજીવ,** એ ત્રણનો અધિશીલ શિક્ષામાં સમાવેશ થાય છે; **સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ,** અને **સમ્યક્ સમાધિ,** એ ત્રણ અંગોનો અધિચિત્ત શિક્ષામાં સમાવેશ થાય છે; અને **સમ્યક્ દૃષ્ટિ,** અને **સમ્યક્ સંકલ્પ** એ બે અંગોનો અધિપ્રજ્ઞાશિક્ષામાં સમાવેશ થાય છે.

ગૃહસ્થો ! આજના વ્યાખ્યાનમાં બુદ્ધ ધર્મ અને સંઘ, એ ત્રણ રત્નોમાંથી **ધર્મની** માહિતી આપવાની છે. તે ઉપર કહેલી શિક્ષાત્રયીના દ્વારા આપીશ.

હવે **અધિશીલ શિક્ષા** અથવા **શીલ** એટલે શું તે વિષે પ્રથમ વિચાર કરીએ. બૌદ્ધ સમાજમાં પુરુષોના **ગૃહસ્થ, ઉપાસક, શ્રામણેર** અને **ભિક્ષુ** એવા ચાર ભેદ છે. તેજ પ્રમાણે **ગૃહિણી, ઉપાસિકા, શ્રામણેરી** અને **ભિક્ષુણી** એવા ચાર ભેદ સ્ત્રીઓના પણ છે. તે પૈકી ભિક્ષુણી અને શ્રામણેરીનો વર્ગ હાલ અસ્તિત્વમાં નથી, બાકીના છ વર્ગ બ્રહ્મદેશ, સિલોન વગેરે દેશોમાં બૌદ્ધ લોકોમાં છે. એમાંના ભિક્ષુને અને શ્રામણેરને લાગુ પડનારો **અધિશીલ શિક્ષાનો** જે ભાગ છે, તેનો આ સ્થળે વિચાર કરવાની જરૂર નથી. અને એ બાબતનો વિચાર કરીએ, તો આજના વિષયનો વિસ્તાર બહુ થઈ પડે એવું છે; અને વળી એથી આપણને તાદૃશ લાભ પણ થવા જેવું નથી. તથાપિ જેમની એ વિષયની માહિતી મેળવવાની ઇચ્છા હોય તેઓએ "Sacret Books of the East" નામની ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થએલું ભાષાંતર વાંચી જવા તસ્દી લેવી.

ગૃહસ્થ અને ગૃહિણીને લાગુ પડનારા શીલના બીજા વર્ગને લાગુ પડનારા શીલ પ્રમાણે, **વિહિતશીલ** અને **નિષિદ્ધશીલ** એવા બે ભેદ છે.

બુદ્ધે અનુસરવાની છૂટ આપ્યા પ્રમાણે ચાલવું તે વિહિતશીલ; અને તેણે ત્યાગ કરવાની આજ્ઞા કરી હોય તેનો ત્યાગ કરવો તે નિષિદ્ધશીલ છે.

મંગલસુત્ત, સિગાલસુત્ત ઇત્યાદિ સુત્તોમાં. ગૃહસ્થ અને ગૃહિણીએ પાળવાની કેટલીએક વાતો બુદ્ધે કહી છે, તેમાંથી શીલની આપણને સારી કલ્પના આવે, એટલા માટે **મંગલસુત્ત**ની ગાથાઓ અહીં આપું છું.

કોઈ દેવીએ બુદ્ધને કહ્યું કેઃ—

बहू देवा मनुस्सा च मंगलानि अचिंतयुं ।
आकंखमाना सोत्थानं ब्रूहि मंगलमुत्तमं ॥ १ ॥

અર્થ—અનેક દેવોએ અને મનુષ્યોએ પોતાને સુખ થાય એટલા માટે (અનેક રીતે) મંગલ (કારક) શું છે, તેની કલ્પના કરી. હે ભગવન્ એમાં ઉત્તમ મંગલ કયું ? તે કહો.

ત્યારે બુદ્ધ બોલ્યાઃ—

असेवना च बालानं पंडितानं च सेवना ।
पूजा च पूजनीयानं एतं मंगलमुत्तमं ॥ २ ॥

અર્થ—મૂર્ખની સંગતિથી દૂર રહેવું, પંડિતોની સંગતિ કરવી, અને પૂજ્ય જનોની પૂજા કરવી, એ ઉત્તમ મંગલ છે.

पतिरूपदेसवासो च पुब्बे च कतपुञ्ञता ॥
अत्तसम्मापणिधि च एतं मंगलमुत्तमं ॥ ३ ॥

અર્થ—યોગ્ય દેશમાં વાસ કરવો, પુણ્યના સંચયની મિલકત એકઠી કરવી, અને મનને સન્માર્ગમાં દૃઢ કરવું, એ ઉત્તમ મંગલ છે.

बाहुसच्चं च सिप्पं च विनयो च सुसिक्खितो ।
सुभासिता च या वाचा एतं मंगलमुत्तमं ॥ ४ ॥

અર્થ—પુષ્કળ વિદ્યા શીખવી, કળા શીખવી, સદ્વર્તનની ટેવ પાડવી, અને સમયોચિત ભાષણ કરવું, એ ઉત્તમ મંગલ છે.

मातापितु उपट्ठानं पुत्तदारस्स संगहो ।
अनाकुलाच कम्मन्ता एतं मंगलमुत्तमं ॥ ५ ॥

અર્થ—માબાપની સેવા કરવી, સ્ત્રી અને છોકરાંનું યોગ્ય રીતે પાલન કરવું, અને વ્યવસ્થિત રીતે કામ કરવાં એ ઉત્તમ મંગલ છે.

दानं च धम्मचरिया च ञातकानं च संगहो ।
अनवज्जानि कम्मानि एतं मंगलमुत्तमं ॥ ६ ॥

અર્થ—દાન-ધર્મ કરવું, ધાર્મિક આચરણ આચરવું, સંબંધીઓ ઉપર ઉપકાર કરવો, અને યોગ્ય કર્મો કરવાં, એ ઉત્તમ મંગલ છે.

आरति विरति पापा मज्जपाना च संयमो ।
अप्पमादो च धम्मेसु एतं मंगलमुत्तमं ॥ ७ ॥

અર્થ—પાપકર્મથી ડરીને તેનાથી દૂર રહેવું, મદ્યપાન માટે મનનો સંયમ કરવો, અને કુશલ (પુણ્ય) કર્મમાં દક્ષ રહેવું એ ઉત્તમ મંગલ છે.

गारवो च निवातो च संतुट्ठि कतञ्ञुता ।
कालेन धम्मस्सवणं एतं मंगलमुत्तमं ॥ ८ ॥

અર્થ—સત્પુરુષનું ગૌરવ કરવું (માન જાળવવું), નમ્ર ભાવથી વર્તવું, સંતુષ્ટ હોવું, કૃતજ્ઞ હોવું, અને વખતોવખત ધર્મોપદેશ સાંભળવો, એ ઉત્તમ મંગલ છે.

खंति च सो वचस्सता समणानं च दस्सनं ।
कालेन धम्मसाकच्छा एतं मंगलमुत्तमं ॥ ९ ॥

અર્થ—ક્ષાંતિ (સહનશીલતા) રાખવી, મીઠું બોલવું, શ્રમણનાં દર્શન અને નિર્વાણનો સાક્ષાત્કાર કરી લેવો, એ ઉત્તમ મંગલ છે.

तपो च ब्रह्मचरियं च अरियसच्चान दस्सनं ।
निब्बाणसच्छिकिरिया च एतं मंगलमुत्तमं ॥ १० ॥

અર્થ—તપશ્ચર્યા, બ્રહ્મચર્ય, વગેરે ચાર આર્ય સત્ય જાણવાં, અને નિર્વાણનો સાક્ષાત્કાર કરી લેવો, એ ઉત્તમ મંગલ છે.

फुस्सट्ठ लोकधम्मेहि चित्तं यस्स न कंपति ।
असोकं विरजं खेमं एतं मंगलमुत्तमं ॥ ११ ॥

અર્થ—(લાભ અને હાનિ, યશ અને અપયશ, નિંદા અને સ્તુતિ, સુખ અને દુઃખ એ આઠ) લોકસ્વભાવ સાથે સંબંધ થવા છતાં, જેનું ચિત્ત ન કંપતાં, શોકરહિત—નિર્મળ અને સુખરૂપ રહે છે, તેનું તે કૃત્ય ઉત્તમ મંગલ છે.

एतादिसानि कत्वान सब्बत्थ अपराजिता ।
सब्बत्थ सोत्थिं गच्छन्ति तं तेसं मंगलमुत्तमं ॥ १२ ॥

અર્થ—ઉપર કહેલાં મંગલોનું આચરણ કરીને, કોઇપણ સ્થળે પરાભવ ન પામતાં, જે કલ્યાણ અને સુખ મેળવે છે, તેનું એ કૃત્ય ઉત્તમ મંગલ છે.

આ સુત્તોમાં વિહિતશીલનો મોટો ભાગ આવ્યો છે. આ સ્થળે કહેલાં કેટલાંક મંગલોનો અશોક રાજાએ ઉભા કરેલા શિલાલેખોમાં ધમ્મના મથાળા નીચે ઉલ્લેખ કર્યો છે.

નવમા શિલાલેખમાં તે કહે છે:—

“आवाहविवाहेसु वा पुत्रलाभेसु वा प्रवासम्हि वा एतम्हि च अञ्ञम्हि च जनो उचावचं मंगलं करोते । निरथं च मंगल करोते । अपफलं तु खो एतारिसं मंगलं । अयं तु महाफले मंगले, य धम्ममंगले । तत दासभतकम्हि सम्य प्रतिपती, गुरूनं अपचिति साधु पाणेसु संयमो साधु, ब्राह्मणसमणेसु साधु, दानं ।”

અર્થ—લગ્નકાર્યોમાં, પુત્રલાભ થયો હોય ત્યારે, પ્રવાસે નીકળતી વેળાએ, અને એવી તરેહના બીજા પ્રસંગે, લોકો મોટા સમારંભથી મંગલ

કરે છે, પણ તે નિરર્થક છે. પરંતુ મોટું ફળ દેનારૂં મંગલ તો ધર્મમંગલ જ છે. (તે કયું ?) સેવ્ય અને સેવકને ઉત્તમ રીતે વર્તાવવા, ગુરુજનોની સેવા કરવી, એ ઉત્તમ; પ્રાણિહિંસામાં મનનો સંયમ કરવો એ ઉત્તમ; બ્રાહ્મણ અને શ્રમણોને દાન-ધર્મ કરવું એ ઉત્તમ.

પતિ અને પત્ની, માતાપિતા અને પુત્ર, ગુરુ અને શિષ્ય, સેવ્ય અને સેવક, ઇત્યાદિનાં પરસ્પર શાં કર્તવ્યો છે એનું વર્ણન **સિગાલસુત્ત**માં કર્યું છે.

નિષિદ્ધશીલમાં શરૂઆતમાં ગૃહસ્થ અને ગૃહિણીએ નિત્ય પાળવાના પાંચ નિયમ આવે છે. (૧) પ્રાણઘાત ન કરવો; (૨) અદત્તાદાન (ચોરી) ન કરવું; (૩) વ્યભિચાર ન કરવો; (૪) ખોટું ન બોલવું; અને (૫) દારૂ વગેરે માદક પદાર્થોનું સેવન ન કરવું.

બન્ને અષ્ટમી, પૂર્ણિમા અને વદી ચતુર્દશી, એ ચાર દિવસો **ઉપોસથ** દિવસ કહેવાય છે. આ દિવસોએ જે ગૃહસ્થ અને ગૃહિણી ધર્મચિંતનમાં કાળ નિર્ગમન કરે છે, તેને અનુક્રમે **ઉપાસક** અને **ઉપાસિકા** કહે છે. ઉપાસક અને ઉપાસિકાને એ દિવસે પાળવા માટે બુદ્ધ આઠ નિયમો કરી આપ્યા છે. તેનો પણ **નિષિદ્ધશીલ**માં સમાવેશ થાય છે. એ નિયમો નીચે પ્રમાણે છે:—

> (૧) પ્રાણઘાત ન કરવો. (૨) ચોરી ન કરવી. (૩) બ્રહ્મચર્ય પાળવું. (૪) ખોટું ન બોલવું. (૫) દારૂ વગેરે માદક પદાર્થોનું સેવન કરવું નહિ. (૬) મધ્યાહ્ન પછી જમવું નહિ. (૭) નૃત્ય, ગીત વગેરે કામવિકાર ઉત્પન્ન કરનારા પ્રસંગોનું સેવન કરવું નહિ અને આનંદ માટે મંગલ પદાર્થોનો ઉપભોગ કરવો. (૮) ઉંચા અને મોટા બીછાના ઉપર સૂવું નહિ.

આ નિયમો પૈકી ૧ લો, ૨ જો, ૪ થો અને ૫ મો એ ચાર નિયમો પૂર્વે કહેલા નિયમોમાં આવી ગયા છે. પાંચ નિયમમાંના ત્રીજા નિયમમાં

વ્યભિચાર કરવો નહિ એવી આજ્ઞા છે; પણ આ ત્રીજા નિયમ પ્રમાણે ઉપોસથના દિવસે ગૃહસ્થાશ્રમીએ બ્રહ્મચારી રહેવુંજ જોઇએ. ઉપર કહેલા ચાર દિવસે ઉપોસથ પાળવાની સવડ ન હોય તો, ગૃહસ્થ અને ગૃહિણીએ ગમે તે દિવસે તે પાળવાને હરકત નથી. બ્રહ્મદેશમાં હાલ જે ગૃહસ્થોને ઓફિસ વગેરેના કામને લીધે, ઉપર કહેલાં ચાર દિવસે ઉપોસથ પાળવાની સવડ હોતી નથી તેઓ રવિવારે ઉપોસથ પાળે છે.

મન, વાણી અને કાયાએ દસ પાપનો ત્યાગ કરવો, એ નિષિદ્ધશીલ-માં મુખ્ય વાત છે. આ દસ પાપોને પાલી ભાષામાં **દસ અકુસલ કમ્મપથ** એમ કહે છે. તે દસ પાપો તે આ છેઃ—

(૧) પ્રાણઘાત, (૨) અદત્તાદાન, (૩) વ્યભિચાર.
આ ત્રણ કાયિક પાપ છે.

(૧) ખોટું બોલવું, (૨) ચાડી, (૩) કઠોર ભાષણ, (૪) નકામી બડબડ.
આ ચાર વાચિક પાપ છે.

(૧) પરદ્રવ્યની આસક્તિ, (૨) ક્રોધ, (૩) નાસ્તિકતા.
આ ત્રણ માનસિક પાપ છે.

આ સ્થળે નાસ્તિકતા એટલે પરોપકાર કરવામાં કાંઇ અર્થ નથી, શીલ પાળવાની જરૂર નથી, સમાધિથી કાંઈ લાભ નથી, વગેરે વિચાર.

બાકીના અર્થ સ્પષ્ટ છે. જેને પોતાના શીલને પૂર્ણતાએ લઇ જવું હોય તેણે આ દસ પાપોનો ત્યાગ અવશ્ય કરવો જોઇએ. આ દસ પાપોનો ઉલ્લેખ મનુસ્મૃતિના ૧૨ મા અધ્યાયમાં મળી આવે છે તે નીચે મુજબઃ—

परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिंतनम् ।
वितथाभिनिवेशश्च त्रिविधं कर्म मानसम् ॥

અર્થ—પરદ્રવ્યની અપેક્ષા કરવી, બીજાનું ભુંડું ઇચ્છવું અને અયોગ્ય માર્ગે ચાલવું (નાસ્તિકતા), એ ત્રણ માનસિક (પાપ) કર્મો જાણવાં.

पारुष्यमनृतं चैव पैशुन्यं चापि सर्वशः ।
असंबद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥

અર્થ—કઠોર ભાષણ, અસત્ય ભાષણ, સર્વ પ્રકારની ચાડીચુગલી, અને નકામી બડબડ, આ ચાર વાચિક (પાપ) કર્મો છે.

अदत्तानामुपादानं हिंसा चैवाविधानतः ।
परदारोपसेवा च शारीरं त्रिविधं स्मृतम् ॥

અર્થ—અદત્તાદાન (ચોરી), વેદવિહિત ન હોય તેવી હિંસા, અને પરદારાગમન, એ ત્રણ કાયિક (પાપ) કર્મો છે.

મનુએ આ સ્થળે વેદવિહિત હિંસાને પાપ ગણ્યું નથી. આવો ભેદ કરવો એ બૌદ્ધોને ઠીક લાગતું નથી. બધાં સરખાં છે, એમ બૌદ્ધનું કહેવું છે. આટલો મતભેદ બાજુએ મૂકીએ તો આદ્યસ્મૃતિકારે બૌદ્ધમત આખો ઉપાડ્યો છે એમ દેખાઇ આવશે.* આજ કાલ વેદવિહિત હિંસા બહુ થોડી થાય છે. પાંચ પચીસ વરસે એકાદ યજ્ઞ થાય તો થાય. કાલિપૂજા, દસેરા ઇત્યાદિ પ્રસંગે થનારાં બલિદાનને વેદવિહિત કહી શકાશે નહિ. તો ઉપલાં દસ પાપોનો પૂર્ણપણે ત્યાગ કરવાનો એકાદ કર્મસંપન્ન હિંદુગૃહસ્થ નિશ્ચય કરે, તો સ્મૃતિગ્રંથ તેને આડા આવશે નહિ, એટલુંજ નહિ પણ ઉપર આપેલા મનુસ્મૃતિના ઉતારાની તેને મજબુત મદદ મળશે.

આયુર્વેદને પણ આ દસ પાપનો ત્યાગ માન્ય છે. અષ્ટાંગહૃદય-સંહિતાના બીજા અધ્યાયમાં વાગ્ભટ કહે છેઃ—

सुखं च न विना धर्मात्तस्माद्धर्मपरो भवेत् ।
भक्त्या कल्याणमित्राणि सेवेतेतरदूरगः ॥

---

* મનુસ્મૃતિ ઇ૦ સ૦ ના ચોથા સૈકામાં લખાઇ હશે, એમ આ તરફના પંડિતોએ ઠરાવ્યું છે. જીજ્ઞાસુ એ ડા૦ ભાંડારકરનો A Peep into the Early History of India. (Page 46): એ વિષેનો નિબંધ જોવો.

અર્થ—ધર્મ વગર સુખ નથી, માટે ધર્મપરાયણ થવું. શ્રદ્ધાપૂર્વક સેવા કરવી અને ખળોથી દૂર રહેવું.

हिंसास्तेयान्यथाकामं पैशुन्यं परुषानृते ।
साभिन्नालापव्यापादमिथ्यादृग्विपर्ययम् ॥
पापं कर्मेति दशधा कायवाङ्मानसैस्त्यजेत् ॥

અર્થ—હિંસા, સ્તેય (ચોરી), વ્યભિચાર, ચાડી, કઠોર ભાષણ, અસત્ય ભાષણ, વૃથા બડબડ, વ્યાપાદ (ક્રોધ), પરધનચિંતા, અને મિથ્યાદૃષ્ટિ (નાસ્તિકતા), આ દસ પાપોનો મન, વચન અને કર્મથી ત્યાગ કરવો.

વાગ્ભટ જો કે બૌદ્ધ હતો, લોકો બૌદ્ધધર્મ પાળે એવા હેતુથી આ દસ પાપોનો ત્યાગ કરવાનું તેણે કહ્યું નથી. આરોગ્યપ્રાપ્તિ માટે આ દસ પાપોનો ત્યાગ અતિ આવશ્યક છે, એમ તેનું કહેવું છે.

આ દસ પાપોના ત્યાગને પાલી ભાષામાં **મનુષ્યધર્મ** કહે છે. આ ઉપરથી, અને ઉપરના બે ઉતારા ઉપરથી, આપણને એવું જણાઇ આવશે, કે પ્રાચીનકાળે આ દસ પાપોનો ત્યાગ સર્વમાન્ય થયો છે. નાગરિકપણું પ્રાપ્ત કરવા માટે આ પાપોનો ત્યાગ આવશ્યક છે એમ સર્વને લાગતું. ત્યારે ગૃહસ્થો ! સર્વ પંથના લોકોને પસંદ પડવા જેવો આ દસ પાપકર્મોનો ત્યાગ, આપણે આપણી તરુણ પ્રજાને, કૃતિથી અને શબ્દથી શીખવવાને શી હરકત છે ?

આ પ્રમાણે **નિષિદ્ધ શીલ**નું સ્વરૂપ થોડામાં આપની આગળ મેં મુક્યું છે. આ સર્વ શીલોના—વિહિત અને નિષિદ્ધ શીલના—વળી હીન, મધ્યમ, અને ઉત્તમ એવા ત્રણ ભેદ કર્યા છે. કીર્તિની આશાએ પાળેલું શીલ હીન, પુણ્યફલની આશાએ પાળેલું શીલ મધ્યમ, અને આ મારૂં કર્તવ્યજ છે એમ સમજીને પાળેલું શીલ ઉત્તમ સમજવું.

'હું મોટો શીલવાન, અને બીજા લોકો દુઃશીલ છે—પાપી છે,' એવી રીતે જે શીલનો આત્મસ્તુતિ અને પરનિંદા કરવામાં ઉપયોગ થાય તે હીનશીલ. જેનો આવો ઉપયોગ થતો નથી, પણ જે જ્ઞાનયુક્ત નથી તે મધ્યમશીલ. અને પ્રજ્ઞાપૂર્ણ શીલતિ ઉત્તમ જાણવું. આપણને બીજે જન્મે સુખ મળે, એવા ઉદ્દેશથી પાળેલું શીલ તે હીન; આપણને મોક્ષમળે, એવા ઉદ્દેશથી પાળેલું શીલ મધ્યમ; અને સર્વ પ્રાણી માત્રના હીત માટે પાળેલું શીલ ઉત્તમ શીલ છે.

વળી આ શીલના **હાનિભાગી**, **સ્થિતિભાગી**, **વિશેષભાગી**, અને **નિર્વેધભાગી** એવા ચાર ભાગ કર્યા છે.

હાનિભાગી શીલઃ—

योध सेवति दुस्सीले सीलवन्ते न सेवति ।
वत्थुवीतिक्कमे दोसं न पस्सति अविद्दसु ॥
मिच्छासंकप्प बहुलो इंद्रियानि न रक्खति ।
एवरूपस्स वे शीलं जायते हानभागियं ॥

અર્થ:—જે અવિદ્વાન્ મનુષ્ય પાપીઓનો સહવાસ કરે છે, અને શીલવંતોના સમાગમમાં રહેતો નથી, જે નિયમભંગની પરવા કરતો નથી, જેના મનમાં નિરંતર પાપવિચાર ઘોળાતા રહે છે, અને જે પોતાની ઇંદ્રિયોનું દમન કરતો નથી, તેનું શીલ **હાનિભાગી** થાય છે.

સ્થિતિભાગી શીલઃ—

यो पनत्तमनो होति सीलसंपत्तिया इध ।
कम्मट्ठानानुयोगम्हि न उप्पादेति मानसं ॥
तुट्ठस्स सीलमत्तेन अघटन्तस्स उत्तरिं ।
तस्स तं ठितिभागियं शीलं भवति भिक्खुनो ॥

અર્થ:—જે શીલસંપત્તિથી આનંદિત થાય છે, ધ્યાન-સમાધિ સાધ્ય

કરવાનો વિચાર કરતો નથી, જે શીલથીજ સંતુષ્ટ થઇને, આગળના પ્રયત્ન છોડી દે છે, તે ભિક્ષુનું એ શીલ **સ્થિતિભાગી** થાય છે.

संपन्नसीलो घटति समाधत्थाय यो पन ।
विसेसभागियं शीलं होति एतस्सभिक्खुनो ॥

અર્થ—જે શીલસંપન્ન ભિક્ષૂ સમાધિ સાધવા માટે પ્રયત્ન કરે છે, તેનું તે શીલ **વિશેષભાગી** થાય છે.

अतुट्ठो सीलमत्तेन निब्बिदं योनुयुंजति ।
होति निब्बेद भागियं सीलमेतस्स भिक्खुनो ॥

અર્થ—જે ભિક્ષૂની કેવળ શીલથીજ તૃપ્તિ થતી નથી, અને જે સતત્ વૈરાગ્યપ્રાપ્તિના પ્રયત્નમાં લાગ્યો રહે છે, તેનું તે શીલ **નિર્વેદભાગી** થાય છે.

આ ચાર ભેદ ભિક્ષુઓને ઉદ્દેશીને કહ્યા છે. તથાપિ તે ગૃહસ્થોને પણ લાગુ પડે છે. આ અને પ્રથમના ત્રણ ભેદ આ સ્થળે કહેવાનું કારણ એજ કે, આપણે શીલહીન કિંવા હાનિભાગી ન થતાં ઉત્તરોત્તર ઉપલી પાયરીએ ચઢીએ એવો પ્રયત્ન કરાય.

અધિચિત્તશિક્ષા અથવા સમાધિ.

આ૫ શીલ શિક્ષા સંપાદન કર્યા પછી, અધિચિત્ત શિક્ષા સંપાદન કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. શીલ-સંપત્તિ સંપાદન કર્યા વગર સમાધિલાભ થવાનો નથી. ભગવાન્ બુદ્ધે કહ્યું છે કેઃ—

"आकंखेय्य चे भिक्खवे भिक्खु चतुन्नं झानानं अभिचेतसिकानं दिट्ठधम्मसुखविहारानं निकामलाभी अस्सं; अकिच्छलाभी अकसिरलाभीति । सीलेस्वेवस्स परिपूरकारी ।"

(आकंखेय्यसुत्तः मज्झिमनिकाय)

અર્થ—ભિક્ષૂઓ! જો કોઇ ભિક્ષૂની, પ્રત્યક્ષ સુખ પ્રાપ્ત કરી આપનારા ચારેય ધ્યાનનો યથેચ્છ લાભ થાય—સહજ લાભ થાય—એવી ઇચ્છા હોય, તો તેણે શાસ્ત્રોનું ઉત્તમ રીતે પાલન કરવું જોઇએ.

સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા. તેના **અકુશલસમાધિ** અને **કુશલ સમાધિ** એવા બે ભેદ છે. એક નાટકશાળામાં નાટક ચાલતું હોય ત્યારે ત્યાંના કેટલાક શ્રોતાઓ શૃંગારપરિપ્લુત પદ્ય સાંભળીને તલ્લીન થઈ જાય છે. તે પ્રસંગની તેમના ચિત્તની એકાગ્રતા તે **અકુશલસમાધિ** છે. તેજ પ્રમાણે કોઇ મનુષ્ય કોંઇ બાબતમાં એકતાન થઇ ગયો હોય, ત્યારે તેના ચિત્તની તે સમયની એકાગ્રતા તે **અકુશલસમાધિ** ગણાય છે. આ અકુશલ-સમાધિનો અધિચિત્ત શિક્ષામાં સમાવેશ થતો નથી. કેવળ કુશલસમાધિને જ **અધિચિત્તશિક્ષા** કહે છે.

કુશલસમાધિના ઉપચારસમાધિ અને **અર્પણાસમાધિ** એવા બે ભેદ છે. **ઉપચારસમાધિ** અલ્પ કાળ ટકે છે. નાનું છોકરૂં ઘણીવાર ઉભું રહી શકતું નથી, તે પ્રમાણે યોગીને આરંભમાં સાધ્ય થનારી **ઉપચારસમાધિ** વધારે વખત ટકતી નથી. **અર્પણાસમાધિ** ઉપચાર સમાધિ સાધ્યા પછી પ્રાપ્ત થાય છે. તે અભ્યાસથી જોઇએ તેટલો વખત ટકી શકે છે. તેના ધ્યાનભેદથી ચાર ભેદ થાય છે. **વિતર્ક, વિચાર, પ્રીતિ, સુખ** અને **એકાગ્રતા** એ પહેલા ધ્યાનનાં પાંચ અંગ છે. બીજા ધ્યાનમાં વિતર્ક અને વિચાર રહેતાં નથી, બાકીના ત્રણ અંગ રહે છે. ત્રીજા ધ્યાનમાં પ્રીતિ રહેતી નથી, સુખ અને એકાગ્રતા એ બે અંગો રહે છે. ચોથા ધ્યાનમાં એકાગ્રતા અને સ્મૃતિ (જાગૃતિ) એ બેજ અંગ હોય છે. બીજાં ધ્યાનોમાં પણ સ્મૃતિ હોય છે, પણ ચોથા ધ્યાનમાં તે સ્પષ્ટ હોય છે, તેથી ચોથા ધ્યાનમાં તે અંગભૂત ગણાએલી છે.

•

કુશલસમાધિ ચાળીસ પદાર્થોનું ચિંતન કરવાથી સાધી શકાય છે. તે

પદાર્થોને **કર્મસ્થાન** કહે છે. આ બધાનું સવિસ્તર વર્ણન કરીએ તો એક મોટો ગ્રંથ થાય, માટે એ પૈકી ઉદાહરણ તરિકે ચારનુંજ દિગ્દર્શન કરીએ.

૧ कायगता स्मृति.

વિશુદ્ધિમાર્ગ ગ્રંથમાં સાધારણ રીતે મનુષ્યના છ ભેદ કહ્યા છે તેમાં **રાગચરિત, દ્વેષચરિત** અને **મોહચરિત** એ ત્રણ મુખ્ય છે. જેની કામવાસના બીજી મનોવૃત્તિથી બળવાન તે રાગચરિત, જેનો દ્વેષ બળવાન તે દ્વેષચરિત, અને જેનો મોહ એટલે આળસ બળવાન તે મોહચરિત, એમ સમજવું.

રાગચરિતને **કાયગતા સ્મૃતિ** એ કર્મસ્થાન યોગના આરંભમાં વિહિત છે. **કાયગતા સ્મૃતિ** એટલે વિવેકથી પોતાના શરીરનું અવલોકન કરવું. જેને **કાયગતા સ્મૃતિ**નો અભ્યાસ કરવો હોય, તેણે શરીરમાંના જુદા જુદા પદાર્થો તરફ વૈરાગ્યપૂર્ણ દૃષ્ટિથી જોવાની ટેવ પાડવી જોઇએ. કેશ, નખ, ચર્મ, ઇત્યાદિ બાહ્ય પદાર્થ જોવાથી વૈરાગ્ય ઉત્પન્ન ન થાય તો માંસ, આંતરડાં, હાડકાં ઇત્યાદિ અંદરના પદાર્થો તરફ જ્ઞાનદૃષ્ટિથી જોવું. જ્યાં સડેલું પ્રેત જોવાનું મળી આવે, ત્યાં જઇને તે અવશ્ય જોવું; અને તેમાંના જે ભાગ તરફ જોતાં વિશેષ વૈરાગ્ય ઉત્પન્ન થાય, તે ભાગની આપણા શરીર સાથે તુલના કરવી; કિંબહુના તેજ આપણા શરીરનો ભાગ છે એવી કલ્પના કરવી. આ સંબંધમાં **શાંતિદેવાચાર્ય** કહે છે કેઃ—

कायभूमिं निजां गत्वा कंकालैरपरैः सह ।
स्वकायं तुलयिष्यामि कदा शतनधर्मिणम् ॥

અર્થ—આ દેહની હક્કની ભૂમિમાં (સ્મશાનમાં) જઇને, મૃતમનુષ્યોનાં હાડકાંના સાંધાઓ જોઇને, સડી જનારા આ દેહની હું તેની સાથે ક્યારે તુલના કરીશ?

अयमेव हि कायो मे एवं पूतिर्भविष्यति ।
शृगाला अपि यगद्दं घाणोपसर्पेयुरन्तिकम् ॥

અર્થ—આ (હામણાં સારૂં દેખાતું) મારૂં શરીર, આ સ્મશાનમાંના પ્રેતની પેઠે એવું ગંધાશે કે તેની દુર્ગંધીથી ત્રાસ પામીને શીયાળવાં પણ તેની પાસે આવશે નહિ ।

अस्यैकस्यापि कायस्य सहजा अस्थिखंडकाः ।
पृथक् पृथग्गमिष्यन्ति किमुतान्यः प्रियो जनः ॥

અર્થ—આ મારા દેહનાં એકત્ર થએલાં હાડકાં આ સ્મશાનનાં હાડકાંની માફક જુદાં જુદાં થઈ પડવાનાં છે, તો પછી પ્રિય બાંધવો મને છોડી જાય એમાં આશ્ચર્ય શું ? (કારણ તે મારાથી હમ્મેશ નોખાજ છે.)

આવી રીતે શરીરમાંના એકાદ ભાગનું વૈરાગ્યપૂર્ણ વિચારથી ચિરકાળ ચિંતન કરવાથી, પુરુષને સુંદર સ્ત્રી તરફ, અને સ્ત્રીને સુંદર પુરુષ તરફ જોતાં સહસા કામવિકાર ઉત્પન્ન થતો નથી. વિભાગથી શરીર તરફ જોવાની ટેવને લીધે, માણસ બાહ્યકાંતિ જોઇને એકદમ ભૂલાવો ખાતો નથી. શરીરના તે અમંગળ ભાગોની તેને સ્મૃતિ રહે છે, અને સુંદર કાંતિની પાછળ છૂપાઇ રહેલા અમંગળ ભાગો તેને સ્પષ્ટ રીતે દેખાય છે. આ સંબંધી **વિશુદ્ધિમાર્ગ**માં એક વાત છે તે મારાથી આ સ્થળે કહ્યા વગર રહેવાતું નથી.

પ્રાચીનકાળમાં સિંહલદ્વીપમાં **અનુરાધપુર** નામનું એક શહેર હતું, તેની આસપાસ પુષ્કળ વિહાર હતા. **બુદ્ધઘોષાચાર્યે વિશુદ્ધિમાર્ગ** અને બીજા ગ્રંથો આ વિહારમાંના **મહાવિહાર** નામના **વિહાર**માં રહીને લખ્યા. મહાવિહારાદિક જુની ઇમારતોના અવશેષ અદ્યાપિ જોવામાં આવે છે. આ શહેરથી થોડા અંતર ઉપર આવેલી એક ટેકરીને **ચૈત્યપર્વત** કહેતા. ત્યાં એક **મહાતિષ્ય** નામનો ભિક્ષુ રહેતો હતો. તે એક દિવસ ભિક્ષા

માટે અનુરાધપુરમાં જતો હતો. તેજ માર્ગે પોતાના ધણી સાથે ટંટો કરીને પીયર જવા માટે એક સ્ત્રી જતી હતી. તે ભિક્ષુને જોઇને તેને મોહિત કરવાના હેતુથી તે મોટેથી હસી. ભિક્ષુએ એકદમ માથું ઉંચું કરી તે સ્ત્રી તરફ જોયું, જોતાંજ ભિક્ષુને તેના દાંત દેખાયા, અને તે દાંતોમાં તે ભિક્ષુને તેના નિત્ય ચિંતનના વલણ મુજબ હાડકાના પિંજરાની સ્મૃતિ આવી. તેથી તે સ્ત્રીની અંગકાંતિ તરફ તે ભિક્ષુનું લક્ષ ન જતાં, પોતાની આંખ સામે હાડપિંજર ઉભું હોય એવો તેને ભાસ થયો, અને તે એકસરખી રીતે આગળ ચાલતો થયો. તે સ્ત્રીની પાછળ લગોલગ જ તેનો પતિ આવતો હતો. તેણે ભિક્ષુને જોઇને પુછ્યું:—"મહાશય, આ માર્ગે ગએલી ઘરેણાં વગેરેથી અલંકૃત, સુંદર તરુણ સ્ત્રીને આપે જોઇ છે?" ત્યારે ભિક્ષુ બોલ્યો:—

नाभिजानामि इत्थी वा पुरिसो वा इतो गतो ।
अपिच अट्ठिसंघाटो गच्छतेस महापथे ॥

અર્થ—"અહીંથી પુરુષ ગયો કે સ્ત્રી ગઇ તેની મને ખબર નથી, પણ આ માર્ગે એક હાડપિંજર જાય છે ખરૂં!"

આ કર્મસ્થાનને લીધે કામવિકાર નષ્ટપ્રાય થાય છે અને યોગીઓને પહેલા ધ્યાન સુધી મુસાફરી કરતાં આવડે છે. ત્યાર પછી બીજાં કર્મસ્થાનોને યોગે બીજાં ધ્યાનો પણ સંપાદન કરી શકાય છે.

૨ મૈત્રી.

દ્વેષચરિતને મૈત્રીભાવના પથ્યકારક છે.

મૈત્રીભાવનાનું વિધાન:—

अत्तूपमाय सब्बेसं सत्तानं सुखकामतं ।
पस्सित्वा कमतो मेत्तं सब्बसत्तेसु भावये ॥

અર્થ—આપણી પેઠેજ સર્વ પ્રાણી માત્ર સુખની ઇચ્છા કરે છે, એમ સમજીને ક્રમે ક્રમે તે સર્વ પ્રત્યે પ્રેમભાવ ઉત્પન્ન કરવો.

सुखी भवेय्यं निदुक्खो अहं निच्चं अहं विय ।
हिताच मे सुखी होन्तु मज्झत्ता चथ वेरिनो ॥

અર્થ—સદા સર્વદા હું સુખી હોઉં, દુઃખરહિત હોઉં, મારા પ્રમાણે મારા મિત્રો પણ સુખી થાઓ, અને મધ્યસ્થો (હું અને મારા મિત્રો એ ભાવનાઓ વચ્ચેની મધ્યસ્થ વ્યક્તિઓ) પણ સુખી થાઓ, અને મારા વૈરીઓ પણ સુખી થાઓ।

इमाम्हि गामक्खेत्ताम्हि सत्ता होन्तु सुखी सदा ।
ततो परंच रज्जेसु चक्कवाळेसु जंतुनो ॥

અર્થ—આ આસપાસનાં ખેતરોમાંનાં, અને ગામોમાંનાં સર્વ પ્રાણી સર્વ કાલ સુખી થાઓ. આ રાજ્યનાં પ્રાણી સુખી થાઓ, અને આ વિશ્વનાં (સર્વ) પ્રાણી સુખી થાઓ.

तथा इत्थी पुमा चेव आरिया अनारियापि च ।
देवा नरा अपायट्ठा तथा दसदिसासु च ॥

અર્થ—તેજ પ્રમાણે સ્ત્રીઓ અને પુરૂષો, આર્યો અને અનાર્યો, દેવો અને મનુષ્યો, એ સર્વ સુખી થાઓ. દુર્ગતિ તરફ ગએલાં પ્રાણી પણ સુખી થાઓ, અને દશે દિશામાં વસનારાં સર્વ પ્રાણી સુખી થાઓ.

આ શ્લોકોમાં ક્રમેક્રમે પ્રેમભાવ કેવી રીતે વધારવો, તે કહેલું છે. પ્રથમ પોતાની જાત ઉપર પ્રેમ ઉત્પન્ન કરીને, તે પોતાના મિત્રો ઉપર, મધ્યસ્થો ઉપર અને આપણા શત્રુઓ ઉપર પણ પ્રેમ ઉત્પન્ન કરવો જોઇએ. તેમજ તે પ્રથમ આપણા ગામનાં પ્રાણીઓ ઉપર ઉત્પન્ન કરીને, હળવે હળવે તેની મર્યાદા વિશ્વમર્યાદા સુધી લઈ જવી જોઇએ. સઘળો પ્રાણી સમુદાય આપણી આંખોની સામે ઉભો છે કે શું, એવી કલ્પના કરીને, તેના ઉપર હું મનોભાવથી પ્રેમ કરૂં છું, મારૂં અંતઃકરણ પ્રેમમય થયું છે, મારો કોઇ

શત્રુ રહ્યો નથી, વાઘ–સિંહ વગેરે હિંસક પ્રાણી પણ મારાં મિત્ર થયાં છે. સર્પો મારા શરીરપર લોટે છે, વાઘ મારી પલાંઠી ઉપર માથું મૂકીને સુઇ ગયો છે, અને કોઇ તરફનો મને ભય રહ્યો નથી, એવી નિર્ભય ભાવના કરવી જોઇએ.

કોઇના અંતઃકરણમાં દ્વેષભાવના તીવ્ર હોવાથી, તેના શત્રુનું તેને વારંવાર ચિંતવન થાય છે; અને તેને લીધે મૈત્રીભાવનામાં ભારે અડચણ આવે છે. એવા માણુસે **બુદ્ધના** ઉપદેશનું અને સાધુસંતોના ઉપદેશનું મનન કરીને પોતાના મનનો વેરભાવ દૂર કરવાનો પ્રયત્ન કરવો. આ સંબંધમાં **કકચૂપમસુત્ત**માં ભગવાન્ **બુદ્ધે** કરેલો ઉપદેશ ધ્યાનમાં રાખવા જેવો છે.

બુદ્ધ બોલ્યાઃ—ભિક્ષૂઓ ! પ્રાચીનકાળમાં આ **શ્રાવસ્તિ** નગરીમાં એક **વૈદેહિકા** નામની કુલીન સ્ત્રી રહેતી હતી. તે બહુ મીઠાબોલી, નમ્ર અને ઘણી શાંત છે, એવી તેની આખા શહેરમાં ખ્યાતિ હતી. ભિક્ષૂઓ ! એ વૈદેહિકાની એક પરમ દક્ષ અને ઉદ્યોગી **કાલી** નામની દાસી હતી. એક દિવસ તે દાસીના મનમાં એવી શંકા થઇ આવી કે, આ મારી શેઠાણી ખરેખરી શાંતવૃત્તિની છે કે હું વખતસર કામકાજ કરૂં છું, તેથી તેને ગુસ્સે થવાનો પ્રસંગ મળતો નથી ? આ શંકાના સમાધાનાર્થે પોતાની શેઠાણીની પરીક્ષા લેવાનો તેણે પ્રસંગ ઉભો કર્યો, અને એક દિવસ તે મોડી ઉઠી. ત્યારે વૈદેહિકાએ તેને કહ્યુંઃ—"અરે કાલી, આજ આટલું મોડું કેમ કર્યું ?" ત્યારે કાલી બોલીઃ—"બાઈ સાહેબ, સહેજ વાર થઇ." વૈદેહિકાએ કપાળ ઉપર કરચલીઓ ચઢાવીને અને ભમર ઉંચે ચઢાવીને કહ્યુંઃ–"આ દાસી કેવી પાપી ! મોડી ઉઠે છે એટલે શું ?" કેટલાક દિવસ ગયા પછી કાલી ફરીને થોડો વખત મોડી ઉઠી. તે દિવસે તેની શેઠાણીએ તેને ઘણી ગાળો ભાંડી. વળી કેટલાક દિવસ ગયા પછી, પોતાની શેઠાણીની ફરી એક વખત પરીક્ષા લેવાના ઇરાદાથી કાલીએ ઉઠવામાં બહુ વાર લગાડી. પછી શું પુછવું? બાઇ સાહેબનો ક્રોધવન્હિ એકદમ સળગ્યો, ને તેણે પાસે પડેલો લોખંડનો

ખીલો લઇ કાલીના માથામાં માર્યો. કાલી બિચારી બુમો પાડતી ગભરાતી ગભરાતી રસ્તા ઉપર દોડી ગઈ. ત્યાં પાડોશીઓ વગેરે એકઠાં થયાં, અને તેના માથામાંથી લોહી કેમ નીકળે છે, કાલીને શું થયું, વગેરેની ચોકશી કરવા લાગ્યાં. ત્યારે કાલીએ તેમને કહ્યું:-"તમે જેને અતિ શાંત સમજો છો, તે અમારાં બાઈ સાહેબનું આ કૃત્ય છે." આ કૃત્યથી તે સાધવી દેખાતી સ્ત્રી ખરેખરી સાધવી નથી, પણ ભારે ક્રૂર છે, એવી આખા શહેરમાં વૈદેહિકાની અપકીર્તિ ફેલાઇ.

"ભિક્ષૂઓ! આ કુલીન સ્ત્રીની પેઠે, કેટલાક ભિક્ષૂઓ, જ્યાં સુધી કડવા શબ્દ સાંભળવાનો પ્રસંગ આવે નહિ, ત્યાં સુધી ઘણા શાંત દેખાય છે. પણ જ્યારે કોઇ ભિક્ષૂ ઉપર કડવા શબ્દનો પ્રહાર થાય છે, ત્યારે તે ખરેખરૂ શાંત છે કે નહિ એ જાણુવાની તક મળે છે.............ભિક્ષૂઓ! કોઇ તમને સમયાનુકૂલ બોલશે, કોઇ સમયથી પ્રતિકૂલ બોલશે, કોઇ તમારા હાથે થએલા અપરાધો કહેશે, કોઇ તમારા ઉપર આળ મૂકશે, કોઈ તમને કોમળ શબ્દો કહેશે, કોઇ કઠોર શબ્દો કહેશે, કોઇ પ્રેમભાવથી બોલશે અને કોઇ દ્વેષભાવથી બોલશે, એ સર્વ પ્રસંગે પોતાનું મન વિકૃત થાય નહિ એવી તમારે ખબરદારી રાખવી જોઇએ. તમારા મોંમાંથી નઠારો શબ્દ પણ ન નીકળે એ માટે પણ તમે સાવધ હોવા જોઇએ, અને જેણે પોતાનાં ઉપર વાગ્બાણુનો પ્રહાર કર્યો હોય, તેનાજ ઉપર પ્રેમ કરવા માંડી ત્યાંથી આખા જગત્ ઉપર પ્રેમભાવ ઉત્પન્ન કરતાં તમારે શીખવું જોઇએ. જો દુષ્ટ ચોરોએ કરવતીથી તમારૂં માથું કાપ્યું હોય તોંપણ તમે ક્રોધિત થાઓ એ બરાબર નથી. આવા પ્રસંગમાં જે ગુસ્સે થાય, તે મારો શિષ્ય થવાને લાયક નથી. તે ચોર ઉપર પણ તમારે પ્રેમ કરવો; અને તેને નિમિત્ત કરીને સર્વ પ્રાણી માત્ર ઉપર તમારા અંત:કરણમાં પ્રેમભાવ ઉત્પન્ન કરવો જોઇએ."

સાધુસંતોનાં દૃષ્ટાંતો અને ઉપદેશથી પણ આપણા મનમાંનું ક્રોધશલ્ય ઉખેડી નાંખવાનો પ્રયત્ન કરવો. એકનાથ, તુકારામ ઇત્યાદિ સંત પુરૂષોએ અ-

નેક પ્રકારે ખલ પુરૂષોએ કરેલો છળ સહન કરીને, પોતાની શાંતવૃત્તિ કાયમ રાખી, એ ઉદાહરણો મારી સામે છતાં, જરા માટે હું બીજા ઉપર ગુસ્સે થાઉં છું, અને કોઇએ નાનો સરખો અપરાધ કર્યો હોય તો તેનું જડમૂળ કાઢવાની દુષ્ટ વાસના મારા અંતઃકરણમાં ઠસાવી બેસું છું, એ શું? આવી કુબુદ્ધિનો હું ત્યાગ ન કરૂં તો—

ऐसें भाग्य कई लाहाता होईन । अवघें देखें जन ब्रह्मरूप ।
मग तया सुखा अंत नाहीं पार । आनंदे सागर हेलावती ॥

એવા સુખનો અનુભવ કેવી રીતે લઈ શકીશ? આવી રીતે વિચાર કરીને મનમાંનો વેરભાવ નષ્ટ કરવો, અને પ્રેમભાવના પરિપૂર્ણ કરવી. આ ભાવનાથી ત્રણ ધ્યાન સાધ્ય થાય છે, અને એ સિવાય બીજા પણ ઘણા ફાયદા થાય છે. **શાંતિદેવાચાર્યે** કહ્યું છે કેઃ—

प्रासादिकत्वमारोग्यं प्रामोद्यं चिरजीवितम् ।
चक्रवर्तिसुखं स्फीतं क्षमी प्राप्नोति संसरन् ॥

અર્થ—આ સંસારમાં ક્ષમાવાન્ મનુષ્યને સૌંદર્ય, આરોગ્ય, આનંદ, દીર્ઘાયુષ્ય અને ચક્રવર્તિ રાજાના જેવું સુખ પ્રાપ્ત થાય છે.

३ मरणस्मृति.

મોહચરિતને **મરણસ્મૃતિ** કર્મસ્થાન યોગના આરંભમાં પથ્યકારક થાય છે. તેનું વિધાનઃ-

पवातदीपतुल्याय सायुसंतातिया स्वयं ।
परूपमाय संपस्सं भावये मरणस्सतिं ॥

અર્થ—પવનના ઝપાટા સામે મૂકેલા દીવા પ્રમાણે આપણા આયુષ્યનો નાશ થતો જાય છે, એ બીજાના દાખલાથી જાણીને **મરણસ્મૃતિ** વધારવી. (મરણનું ચિંતન કરવું.)

महासंपत्तिसंपत्ता यथा सत्ता मता इध ।
तथा अहं मरिस्सामि मरणं मम हेस्सति ॥

અર્થ—જેને અગણિત સંપત્તિ પ્રાપ્ત થઇ હતી, તેવા પુરૂષ પણ આ જગત્માં નહિ સરખા થયા, તે પ્રમાણે હું પણ (કોઇક દિવસે) મરનાર છું. મારૂં મરણ આવવાનું જ છે.

ईसकं अनिवत्तन्तं सततं गमनुस्सुकं ।
जीवितं उदया अत्थं सुरियो विय धावति ॥

અર્થ—સૂર્ય જેવી રીતે ઉદયથી અસ્ત સુધી એક સરખો દોડે છે, તેવીજ રીતે ગમન માટે અતિ ઉત્સુક જીવિત જરા પણ પાછું ન હઠતાં દોડ્યા કરે છે.

આવી રીતે મરણના નિર્ભયપણાનું ચિંતન કરવામાં આવે તો આળસ નષ્ટ થાય છે. આ **મરણસ્મૃતિકર્મસ્થાનવડે ઉપચારસમાધિ** જ સધાય છે; **અર્પણાસમાધિ** સાધ્ય થતી નથી. તથાપિ આળસનો નાશ થઇને અંતઃકરણમાં જાગૃતિ ઉત્પન્ન થવાથી મનુષ્ય કર્ત્તવ્યદક્ષ થાય છે, અને બીજા કર્મસ્થાનના યોગે **અર્પણાસમાધિ** સાધવાને સમર્થ થાય છે.

૪ પૃથ્વી મંડલ.

પૃથ્વી, પાણી, તેજ ઈત્યાદિની મંડલાકાર આકૃતિ આપણા સમક્ષ રાખીને તેનું ચિંતન કરવાથી **અર્પણાસમાધિ** સાધી શકાય છે. આ પ્રકારની સમાધિ સર્વે મનુષ્યોને લાભકારક છે.

જેમને પૃથ્વીમંડલ ઉપર ધ્યાન કરવાનું છે, તેમણે ખેડેલી જમીન અથવા જ્યાં ઘાસ વગેરે ઉગ્યું ન હોય એવે ઠેકાણે જઇને, ત્યાં જમીનનો વર્તુલાકાર ભાગ સન્મુખ રાખીને તે ઉપર ચિત્ત એકાગ્ર કરવાનો પ્રયત્ન કરવો. આવી રીતે ધ્યાન સાધ્ય ન થાય તો, એક વેંત ને ચાર આંગળ વ્યાસનું અરૂણવર્ણ માટીનું એક મંડલ તૈયાર કરવું અને એકાંતમાં બેસીને તેનું ધ્યાન કરવું. ઉદકમંડલનું ધ્યાન કરનારાઓએ વર્તુલાકૃતિ તળાવ, વાવ ઇત્યાદિ ઉપર ધ્યાન કરવું. તેજોમંડલનું ધ્યાન કર-

નારાઓએ સૂર્યમંડલ, ચંદ્રમંડલ, કિંવા દીવાની જ્યોતિ ઇત્યાદિ ઉપર ધ્યાન કરવું. આ મંડલના ચિંતનથી **અર્પણાસમાધિનાં** ચારે ધ્યાન સાધ્ય થાય છે.

समाधिने प्रतिबंधक बाबतो.

રહેઠાણ, આસપાસનો પ્રદેશ, સંભાષણ, સોબત, ભોજન, ઋતુ, ઇત્યાદિ બાબતો યથાયોગ્ય ન હોય તો તેથી સમાધિની સાધનાને વારંવાર અગવડ આવે છે; માટે પુરતો વિચાર કરીને તેની યોગ્ય ચુંટણી કરવી જોઇએ.

જ્યાંથી રમ્યભૂમિ દૃષ્ટિએ પડે એવો ઉંચાણનો, નદીકિનારાનો કે સમુદ્રકિનારાનો પ્રદેશ યોગીઓને રહેઠાણ યોગ્ય ને સમાધિને અનુકૂળ છે. કાર્લી, કાન્હેરી વગેરે ઠેકાણે બૌદ્ધ ભિક્ષૂઓ માટે ગુફાઓ કોરેલી છે તેનું કારણ આજ હોવું જોઇએ. વસતિસ્થાનનો આસપાસનો પ્રદેશ ઉત્તમ હોવો જોઇએ. દારૂડીઆ વગેરે દુરાચારી લોકોનો કે સાપ, વાઘ, વગેરે હિંસક પ્રાણીઓનો યોગીઓના વસતિસ્થાનની આસપાસ સળવળાટ હોય તો તેથી સમાધિમાં વારંવાર અંતરાય પડે છે. યોગીઓએ અધાર્મિક ભાષણ તદ્દન વર્જ્ય કરવું જોઇએ; અને ધાર્મિક સંભાષણમાં પણ પરિમિતતા રાખવી જોઇએ. યોગીએ ચંચળ મનુષ્યની સોબત કરવી કામની નથી. સ્થિર ચિત્તના અને ધાર્મિક મનુષ્યોની સંગતી કરવી જોઇએ. ભોજનની પસંદગીનો આધાર જેમની તેમની પ્રકૃતિ ઉપર છે. શરીરમાં હુશીઆરી રહે, એવા અન્નનું પરિમિત રીતે અને નિયમિત વખતે સેવન કરવું જોઇએ. યોગના આરંભમાં યોગીની પ્રકૃતિને અનુકૂળ હોય એવી ઋતુ હોવી જોઇએ. કોઇને ઉનાળાની ઋતુ અનુકૂળ હોય છે, કોઇને ચોમાસું અને કોઇને શિયાળો અનુકૂળ હોય છે. જેમણે તેમણે પોતપોતાના અનુભવથી ઋતુની પસંદગી કરવી જોઇએ.

ભગવદ્ગીતાનો આ ઉપદેશ બૌદ્ધમતને અનુસરતો જ છે.

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥

અર્થ—જેનો આહાર વિહાર નિયમિત હોય છે, અને સર્વ પ્રસંગે જેનો જીવનવ્યાપાર નિયમિત હોય છે, તેમજ જેનું સુવાનું અને જાગવાનું નિયમિત હોય છે, એવા માણસનો યોગ તેનાં દુઃખનો નાશ કરે છે.

અધિપ્રજ્ઞાશિક્ષા અથવા પ્રજ્ઞા.

સભ્ય ગૃહસ્થો! હવે બૌદ્ધમાર્ગનું જે ત્રીજું પગથીઉં **અધિપ્રજ્ઞા-શિક્ષા** અથવા **પ્રજ્ઞા** તેનો ટુંકામાં વિચાર કરીએ. **પ્રજ્ઞા** બે પ્રકારની છે. **લૌકિક પ્રજ્ઞા** અને **લોકોત્તર પ્રજ્ઞા.** જેને લીધે મનુષ્ય અલ્પ પ્રયાસથી પરોપકાર કરવાને સમર્થ થાય છે, અથવા ખળ લોકોના દાવા-દાવાં ચાલવા દેતો નથી, તે **લૌકિક પ્રજ્ઞા** કહેવાય છે. **જાતક** ગ્રંથમાં વાર્તારૂપે તેનાં અનેક ઉદાહરણ મળી આવે છે. **લોકોત્તર પ્રજ્ઞા** એટલે ચાર **આર્યસત્યો, પ્રતીત્ય સમુત્પાદ** ઇત્યાદિનું યથાર્થ જ્ઞાન. આ **લોકોત્તર પ્રજ્ઞાનેજ** આ સ્થળે **અધિપ્રજ્ઞાશિક્ષા** અથવા **પ્રજ્ઞા** કહેલ છે.

‘ समाहितो यथाभूतं पस्सति, पजानाति ’

(જેને સમાધિલાભ થયો છે, તેજ યથાર્થ રીતે જુએ છે અને જાણે છે.)

આ વચન ઉપરથી **અધિચિત્ત શિક્ષા** પુરી થયા પછી યોગીએ **પ્રજ્ઞાની** પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. પહેલા વ્યાખ્યાનમાં કહેલાં ચાર આર્ય સત્યોનું–દુઃખ, દુઃખસમુદય, દુઃખનિરોધ, અને દુઃખનિરોધગામિનિ પ્રતિપદા (માર્ગ) નું–યોગીએ પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઇએ. **દુઃખ** એ સત્ય કેવળ પરિજ્ઞેય એટલે જાણવાને યોગ્ય છે. **દુઃખ-સમુદય** એટલે તૃષ્ણા એ ત્યાજ્ય છે, અને **દુઃખનિરોધ** એટલે **નિર્વાણ**

એ ધ્યેય છે, અને દુઃખનિરોધગામિનિ પ્રતિપદા એટલે આર્ય અષ્ટાંગિક માર્ગ, એ સત્યને અભ્યસનીય છે. માટે યોગીઓએ પરિજ્ઞેય સત્ય જાણવાં, ત્યાજ્યનો ત્યાગ કરવો, ધ્યેયનો સાક્ષાત્કાર કરી લેવો, અને અભ્યસનીયનો અભ્યાસ કરવો.

અવિદ્યાથી સંસ્કાર, સંસ્કારથી વિજ્ઞાન, વિજ્ઞાનથી નામરૂપ, નામરૂપથી ષડાયતન, ષડાયતનથી સ્પર્શ, સ્પર્શથી વેદના, વેદનાથી તૃષ્ણા, તૃષ્ણાથી ઉપાદાન, ઉપાદાનથી ભવ, ભવથી જાતિ (જન્મ), જાતિથી જરા, મરણ, શોક, પરિદેવન, દુઃખ, દૌર્મનસ્ય, વગેરે ઉત્પન્ન થાય છે. આ કારણપરંપરાને **પ્રતીત્યસમુત્પાદ** કહે છે. ગઢપણ ને મરણનું કારણ જન્મ, અને જન્મનું કારણ ભવ એટલે કર્મ, અને કર્મનું કારણ ઉપાદાન એટલે લોભ, અને લોભનું કારણ તૃષ્ણા, તૃષ્ણાનું કારણ વેદના એટલે સુખ–દુઃખ–ઉપેક્ષા એ ત્રણ અવસ્થા, વેદનાનું કારણ સ્પર્શ એટલે ઇંદ્રિયવિષયસંયોગ, સ્પર્શનું કારણ ષડાયતન એટલે મન અને પાંચ જ્ઞાનેન્દ્રિય, ષડાયતનનું કારણ નામરૂપ અને નામરૂપનું કારણ વિજ્ઞાન એટલે જાણવાપણું, અને વિજ્ઞાનનું કારણ સંસ્કાર એટલે પ્રવૃત્તિ, અને સંસ્કારનું કારણ અવિદ્યા એટલે અયથાર્થ જ્ઞાન સિદ્ધાન્ત. અયથાર્થ જ્ઞાનના બૌદ્ધમતાનુસાર ટુંકામાં ત્રણ પ્રકાર છેઃ–

(૧) જગ અનિત્ય એટલે રૂપાંતર પામનારૂં છતાં તે નિત્ય છે એમ માનવું. (૨) આત્મા અવિનાશી કે અવિકારી પદાર્થ નથી, છતાં તે એવો છે એમ માનવું. (૩) સંસાર દુઃખમય છતાં તેમાંજ સર્વ સુખ છે એમ માનવું. આ પ્રકારનું અયથાર્થ જ્ઞાન સંસારનાં સર્વ દુઃખોનું મૂળ છે. ચાર આર્ય સત્યના જ્ઞાનથી અવિદ્યાનો નાશ થાય છે, અને અવિદ્યાનો નાશ થયો એટલે તેના ઉપર અવલંબી રહેલા સંસ્કારાદિકનો આપોઆપ નાશ થાય છે. અવિદ્યા ઉત્પન્ન થયા પહેલાં પ્રાણીની શી સ્થિતિ હોય છે, એ કોઇથી કહી શકાતું નથી. આ સઘળો સંસાર અનાદિ છે. બુદ્ધ કહે છે કેઃ–

“ अनमतग्गोयं भिक्खवे संसारो पुब्बा कोटि न पञ्ञायति, अविज्जानीवरणानं सत्तानं तण्हासञ्ञोजनानं संधावतं संसरतं ॥”

(ભિક્ષૂઓ ! આ સંસાર અનાદિ છે. અવિદ્યાથી ઢંકાએલા અને તૃષ્ણાથી વૃદ્ધિ પામેલા સંસારચક્રમાં સપડાએલા પ્રાણીની પૂર્વ સ્થિતિ શું હતી, તે કાંઇ સમજાતું નથી.)—**સંયુત્તનિકાય.**

આર્યું અષ્ટાંગિક માર્ગ જેવો સાધનમાર્ગમાં બન્ને છેડા પડતા મૂકી **મધ્યમવર્તી** છે, તેવોજ આ **પ્રતીત્યસમુત્પાદ** તત્ત્વજ્ઞાનમાં **મધ્યમવર્તી છે.** બુદ્ધના સમયમાં **અસ્તિવાદી** એટલે આત્મા શાશ્વત વસ્તુ છે, એમ કહેનારા કેટલાક તત્ત્વવેત્તાઓ હતા. બીજા **નાસ્તિવાદી** એટલે આત્મા એવી કાંઇ વસ્તુ જ નથી એમ કહેનારા પણ હતા. આ બન્નેનો વચલો મત **પ્રતીત્યસમુત્પાદ** છે. કારણ તે મત પ્રમાણે આત્મા શાશ્વત કે અશાશ્વત નથી, પણ કાર્યકારણના નિયમથી બદલાનારો છે. **इदं सति इदं होति । इदं असति इदं न होति ॥** કારણ હોય તો કાર્ય થાય છે, કારણ ન હોય તો કાર્ય થતું નથી.

બુદ્ધ કાત્યાયનને કહે છેઃ—

“ सब्बं अत्थीति खो कच्चान अयमेको अंतो । सब्बं नत्थीति अयं दुतियो अंतो । एते ते उभो अंते अनुपगम्म मज्झेन तथागतो धम्मं देसेति अविज्जापच्चया संखारा ॥ पे० ॥ ”

અર્થ—હે કાત્યાયન ! સર્વ છે (આત્મા નિત્ય છે) આ એક છેડો, સર્વ નથી (આત્મા મૂળેજ નથી) આ બીજો છેડો. આ બેઉ પક્ષના છેડા સુધી ન જતાં તેમાંના વચલા માર્ગેજ હું ધર્મોપદેશ કરૂં છું. (તે એવો કેઃ—) અવિદ્યાથી સંસ્કાર ઇત્યાદિ **પ્રતીત્યસમુત્પાદ. (સંયુત્તનિકાય.)**

અવિદ્યાથી સંસ્કારોની ઉત્પત્તિ, અવિદ્યાનો નાશ થયો એટલે

સંસ્કારનો નાશ થાય છે, ઇત્યાદિ નિયમ બદલાતા નથી. તેને ' **ધર્મનિયામતા** ', ' **ધર્મસ્થિતિ** ' ઇત્યાદિ શબ્દોથી સંબોધ્યા છે. **બુદ્ધ** કહે છે:—

" **उप्पादा वा तथागतानं अनुप्पादा वा तथागतानं ठिताव सा धातु धम्मट्ठितता धम्मनियामता इदप्पच्चयता । तं तथागतो अभिसंबुज्झति अभिसमेति । अभिसंबुज्झित्वा अभिसमेत्वा आचिक्खति, देसेति, ...पस्सथाति चाह ।** "

અર્થ—તથાગત જન્મ્યો તોય શું અથવા ન જન્મ્યો તોય શું, આ જે શક્તિ, ધર્મસ્થિતિ, ધર્મનિયામતા, કાર્યકારણપરંપરા છે, તે આજ છે. **તથા**ગત તેને જાણે છે, તેનો સાક્ષાત્કાર કરી લે છે, લોકોને કહે છે, લોકોને તેનો ઉપદેશ કરે છે, અને આ તમે તમારી બુદ્ધિથી જાણો એમ કહે છે. (**સંયુત્તનિકાય.**)

આ જગત્ શાશ્વત છે કે અશાશ્વત છે, આ જગતનો અંત આવવાનો છે કે નહિ, શરીર અને જીવ એક છે કે જુદા, પ્રાણી મરી ગયા પછી જન્મે છે કે નહિ, ઇત્યાદિ પ્રશ્નોનો વિચાર કરવા બેસીએ તો પ્રજ્ઞાપ્રાપ્તિને મોટી અડચણ આવવાનો સંભવ છે. કારણ આ પ્રશ્નો યોગ્ય રીતે થયેલા નથી. (**નકલ્લોપજહો**); માટે આ પ્રશ્ન બાજુએ રાખીને, યોગીઓએ **પ્રતીત્યસમુત્પાદ**નું યથાર્થ જ્ઞાન મેળવી લેવું, અને **પ્રજ્ઞા**ને પૂર્ણતા તરફ લઇ જવી. કારણ **પ્રજ્ઞા**વડેજ નિર્વાણપ્રાપ્તિ થવાની છે.

સભ્ય ગૃહસ્થો ! આ પ્રમાણે **અધિશિલશિક્ષા, અધિચિત્તશિક્ષા** અને **અધિપ્રજ્ઞાશિક્ષા** દ્વારા બૌદ્ધધર્મનો સારાંશ મેં આપની સમક્ષ મૂકયો છે. વિષય મૂળે કઠણ હોવાથી તેને બનતી સરળતા આપવાનો થઇ શકયો તેટલો પ્રયત્ન મેં કર્યો છે, તે કેટલે દરજ્જે સધાયો છે તે મારાથી કહેવાતું નથી.

વ્યાખ્યાન ૩ જું.

સંઘ (ભાગ ૧ લો.)

બુદ્ધે ધર્મોપદેશની શરૂઆત કરી તે પહેલાં ઉત્તર હિંદુસ્તાનમાં જુદા જુદા પંથના અનેક શ્રમણ (સંન્યાસી) હતા. એકેક પંથના શ્રમણના સમુદાયને **સંઘ** અથવા **ગણ** કહેતા. આવા કેટલાક સંઘોનો ત્રિપિકટ ગ્રંથમાં ઉલ્લેખ મળી આવે છે; પણ તેની વિશેષ માહિતી જાણવામાં નથી. બુદ્ધે સ્થાપેલા સંઘનો માત્ર વિસ્તૃત વૃત્તાંત "વિનય ગ્રંથ"માં લખેલો છે. તેમાંથી થોડોક ભાગ બૌદ્ધસંઘની માહિતી આપવા માટે આપની સમક્ષ હું રજુ કરૂં છું.

બુદ્ધ કાશીના **ઋષિપત્તન** નામના પ્રદેશમાં રહેતા ત્યારે પાંચ ભિક્ષુએ કે જે તેમના સાથી હતા, તેમને ઉપદેશ કરીને પોતાના અનુયાયી કર્યાની હકીકત પહેલા વ્યાખ્યાનમાં આવી ગઇ છે. આ પાંચ ભિક્ષુમાંનો **કૌણ્ડન્ય** બુદ્ધનો પહેલવહેલો શિષ્ય થયો. ત્યાર પછી **વપ્પ** (વપ્ર) અને **ભદ્દિય** (ભદ્રિય) એ બે, અને ત્યાર પછી **મહાનામ** અને **અસ્સજિ** (અશ્વજીત) એ બે શિષ્યો થયા. એ બધા બ્રાહ્મણ હતા. બુદ્ધ અને આ તેમના પાંચે શિષ્યો **ઋષિપત્તન**માં રહેતા હતા, તે વખતે પાસેની વારાણસી નગરીમાં **યશ** નામનો એક શ્રીમંત વેપારીનો છોકરો રહેતો હતો. તેને રહેવા માટે તેના પિતાએ ઉનાળા માટે એક, શિયાળા માટે એક ને ચોમાસા માટે એક એમ ત્રણ મહેલો બંધાવ્યા હતા. પણ **યશ**ને આ વૈભવથી કાંઇ સુખ થયું નહિ. તેને સર્વત્ર દુઃખ ફેલાએલું છે એમ લાગવા માંડયું. એક દિવસે રાત્રે "**अहो दुखं अहो कष्टं**" એવું બોલતો, તે પોતાના મહેલમાંથી બહાર નિકળ્યો અને જ્યાં બુદ્ધ રહેતા હતા ત્યાં ગયો. પ્રભાતના પહોરમાં બુદ્ધ આમ તેમ ફરતા હતા, ત્યારે તેમણે **યશ**ને જોયો. **યશે** ફરીને "**उपद्रुतं बत**

भो, उपसृष्टं बत भो " (અહો સર્વત્ર ઉપદ્રવ છે, સર્વત્ર ઉપસર્ગ છે.) એવી મોટેથી બૂમ પાડી. તે સાંભળીને **બુદ્ધ** બોલ્યા, "**યશ**! અહીં ઉપદ્રવ નથી, અહીં ઉપસર્ગ નથી." ત્યારે **યશ બુદ્ધ** પાસે જઇને બેઠો. તેણે તેમના ઉપદેશશ્રવણથી ત્યાંને ત્યાંજ **નિર્વાણપદ** પ્રાપ્ત કરી લીધું, અને ભિક્ષુસંઘમાં પ્રવેશ કર્યો.

બીજે દિવસે **યશ**નો બાપ તેની શોધખોળ કરતો, **ઋષિપત્તન**માં આવ્યો. તેણે **બુદ્ધ**ને પુછ્યું કે, "**યશ**ને તમે જોયો છે?" ત્યારે **બુદ્ધે** તેને કહ્યું, "હે ગૃહપતિ! તું ગભરાઇશ નહિ. **યશ**ને તું આ જગાએજ જોઇશ." એ સાંભળી તેને ધીરજ આવી; અને તે **બુદ્ધ**ને પડખે એક આસન ઉપર બેઠો. ત્યારે **બુદ્ધે** તેને ધર્મોપદેશ કર્યો. તે સાંભળીને તેના મનમાં પૂર્ણ વૈરાગ્ય ઉત્પન્ન થયો, અને તે **બુદ્ધ**નો તેજ વખતે ઉપાસક થયો, ત્યારે **બુદ્ધે** તેનો અને **યશ**નો ત્યાંને ત્યાંજ મેળાપ કરાવ્યો. **યશે** સંસારત્યાગ કર્યો, એ માટે તેના બાપને કાંઇજ ખરાબ લાગ્યું નહિ; કારણ **બુદ્ધ**ના ઉપદેશથી તેના મનમાં તેવોજ પ્રકાશ પડયો હતો. તેણે **બુદ્ધ**ને કહ્યું, "ભગવન્! **યશ**ની મા **યશ**ને જોવા માટે બહુ ઉત્સુક થઇ છે. તે તેને માટે બહુ શોક કરે છે, તો કૃપા કરીને, આપ **યશ**ને સાથે લઇને આવતી કાલે અમારે ત્યાં ભોજન માટે પધારો." **બુદ્ધ યશ**ને સાથે લઇને બીજે દિવસે તે વેપારીને ઘેર ગયા. ત્યાં તેમણે **યશ**ની માને અને તેની પૂર્વાશ્રમની સ્ત્રીને ધર્મોપદેશ કર્યો. તે ઉપદેશથી તેના મનમાં પ્રકાશ પડયો, અને તે બન્ને તત્કાલ બૌદ્ધ ઉપાસિકાઓ થઇ. અર્થાત્ **યશ**ના ગૃહત્યાગ બદલ તેમને કાંઇ પણ માઠું લાગ્યું નહિ.

યશ ભિક્ષુ થયો એ હકીકત જ્યારે **વિમલ**, **સુબાહુ**, **પૂર્ણજિત** અને **ગવંપતિ** એ તેના ચાર મિત્રોએ સાંભળી, ત્યારે તેઓ **ઋષિપત્તન**માં જઇને **યશ**ને મળ્યા. **યશ** તેમને **બુદ્ધ** પાસે લઇ ગયો. **બુદ્ધ**ના

ઉપદેશથી તેઓના મનમાં પ્રકાશ પડયો, અને તેઓએ ત્યાંને ત્યાંજ ભિક્ષૂ-સંઘમાં પ્રવેશ કર્યો. આ વાત તે પ્રાંતના યશના પચાસ મિત્રોએ સાંભળ્યાથી તેઓએ પણ ઋષિપત્તનમાં બુદ્ધની મુલાકાત લઈને બુદ્ધના સંઘમાં પ્રવેશ કર્યો. આ પ્રમાણે તે ઋષિપત્તનમાં હતા, ત્યાં તેમની પાસે સાઠ ભિક્ષૂનો સંઘ એકઠો થયો. આ સઘળા ભિક્ષૂ **अर्हतपद**ને પામ્યા હતા. તેમને એકઠા કરીને બુદ્ધ બોલ્યાઃ—

"ભિક્ષૂઓ ! પ્રાપંચિક અને સ્વર્ગીય પાશમાંથી હું મુક્ત થયો છું. અને હે ભિક્ષૂઓ ! તમે પણ આ પાશમાંથી મુક્ત થયા છો. ત્યારે ભિક્ષૂઓ ! હવે ઘણા માણસોના હિત માટે, પુષ્કળ મનુષ્યોના સુખ માટે, લોકો ઉપર અનુકંપા કરવા માટે, દેવોના અને મનુષ્યોના કલ્યાણ માટે, ઉપદેશ કરવા પ્રવૃત્ત થાઓ. એક માર્ગે બે જણ જશો નહિ. શરૂઆતમાં કલ્યાણપ્રદ, મધ્યમાં કલ્યાણપ્રદ, અને છેવટે પણ કલ્યાણપ્રદ, એવા એ ધર્મમાર્ગનો ઉપદેશ કરો."

આ સાઠ ભિક્ષૂઓને બુદ્ધે પોતે દિક્ષા દીધી હતી. "**एहि भिक्षू**" આ બુદ્ધોક્ત વાક્યથી જ તે વખતે **પ્રવ્રજ્યાવિધિ** થતી હતી. પણ જ્યારે આ ભિક્ષૂઓને ચારે તરફ મોકલવામાં આવ્યા, ત્યારથી નવીન ભિક્ષૂની સંખ્યા વધવા લાગી. દૂરના પ્રદેશમાંથી ભિક્ષૂસંઘમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરનારાઓને બુદ્ધની પાસે લઈ જવાનું મુશ્કેલ પડવા લાગ્યું. તેથી બુદ્ધે આવા ઉમેદવારોને પરસ્પર સંઘમાં લેવાની પરવાનગી ભિક્ષૂઓને આપી. બુદ્ધ બોલ્યાઃ—

"ભિક્ષૂઓ ! હવે પછી ભિન્ન ભિન્ન રાષ્ટ્રોમાં તમેજ **પ્રવ્રજ્યા** આપો, અને તમેજ **ઉપસંપદા** (સંઘમાં લેવાનો વિધિ) કરો. પ્રથમના નિયમોને અનુસરીને **પ્રવ્રજ્યા** અને **ઉપસંપદા** કરો. તેઓએ (ઉમેદવારોએ) મુંડન કરાવવું, અને કાષાય વસ્ત્રની અંગાચ્છાદન કરવું. પછી

પલાંઠી વાળ્યા વગર તેને નીચે બેસારવો, અને હાથ જોડીને *बुद्धं शरणं गच्छामि (હું બુદ્ધના શરણે જાઉં છું); धम्मं शरणं गच्छामि (હું ધર્મના શરણે જાઉં છું); संघं शरणं गच्छामि (હું સંઘના શરણે જાઉં છું), એમ ત્રણ વાર કહેવડાવવું. આ પ્રમાણે **પ્રવ્રજ્યા** અને **ઉપસંપદા** કરવાની હું તમને પરવાનગી આપું છું. ”

ચોમાસું પૂરું થયા પછી બુદ્ધ **વારાણસીથી** ધર્મોપદેશ કરતા કરતા **ગયામાં** આવ્યા. ત્યાં **ઉરૂવેલ કાશ્યપ** નામનો એક જટાધારી બ્રાહ્મણ રહેતો હતો. તેના પાંચસો જટિલ શિષ્ય હતા. આખા મગધ દેશના લોકો તેને બહુ માનતા હતા. તેણે અને તેના શિષ્યોએ બુદ્ધનું અલૌકિક તેજ અને વિલક્ષણ ધૈર્ય જોઇને, અને અનુપમ ઉપદેશ સાંભળીને પોતાની જટાઓ કાપીને તે તથા અગ્નિહોત્રનાં સાહિત્ય પાણીમાં નાંખી દીધાં; અને તેઓ બુદ્ધના શિષ્ય થયા. **ઉરૂવેલ કાશ્યપનો નંદીકાશ્યપ** નામનો ભાઇ પાસેજ નદીકિનારે પોતાના શિષ્યો સાથે રહેતો હતો. તેણે અગ્નિહોત્રનાં સાધનો અને જટાઓ નદીમાં વહેતાં જતાં જોયાં ત્યારે પોતાના મોટા ભાઇને કાંઇ પણ ઉપસર્ગ થયેલો હોવો જોઈએ, એમ તેને લાગ્યું, તેથી તે તેના રહેવાને ઠેકાણે આવ્યો. પોતાના ભાઈને બુદ્ધનો શિષ્ય થયેલો જોઇને તે પણ પોતાના શિષ્યો સાથે બુદ્ધનો શિષ્ય થયો. **ઉરૂવેલ કાશ્યપનો ગયા કાશ્યપ** નામનો ત્રીજો ભાઈ પણ તેજ પ્રદેશમાં રહેતો હતો. તે પણ પોતાના બસેં જટાધારી શિષ્યો સાથે બુદ્ધનો શિષ્ય થયો.

આ બધા પ્રથમના જટાધારી ભિક્ષૂસંઘ સાથે બુદ્ધ **રાજગૃહ**

---

* બુદ્ધને ગુરૂ—સંઘનો સ્થાપનાર—માનીને શરણે જાય છે; એ દેવનો અવતાર છે, એવા સંબંધથી નહિ.

નગરમાં ગયા. ત્યાં તે વખતે **બિંબિસાર** રાજા રાજ્ય કરતો હતો. તે બુદ્ધના આગમનના વર્તમાન સાંભળીને મોટા સમુદાય સાથે બુદ્ધની પાસે ગયો. તે વખતે લોકોને બુદ્ધ કાસ્યપનો ગુરૂ, કે કાસ્યપ બુદ્ધનો ગુરૂ, એવી શંકા ઉત્પન્ન થઈ. પણ કાસ્યપ જ્યારે બુદ્ધને પગે લાગ્યો, ત્યારે લોકોની એ શંકા દૂર થઇ. **બિંબિસાર** રાજાએ **વેળુવન** નામનો ઉત્તમ બગીચો બુદ્ધના મુખ્ય ભિક્ષૂસંઘને રહેવા માટે ભેટ કર્યો.

આ ઉદ્યાનમાં ભિક્ષૂસંઘ સાથે બુદ્ધ રહેતા હતા, તે વખતે **રાજગૃહ** પાસે **સંજય** નામનો પ્રસિદ્ધ પારિવ્રાજક રહેતો હતો. **સારીપુત્ત** અને **મોગ્ગલ્લાન** એ બે બ્રાહ્મણ સંજયના શિષ્યોમાં મુખ્ય હતા. તે બન્નેએ જેને પ્રથમ શાંતિપદ પ્રાપ્ત થાય તેણે તે બીજાને કહેવું એવો ઠરાવ કર્યો હતો. એક દિવસ **અસ્સજી રાજગૃહ**માં ભિક્ષા માટે ફરતો હતો તેવામાં **સારીપુત્તે** તેને જોયો. **અસ્સજી**ની આનંદી અને વૈરાગ્યયુક્ત મુખમુદ્રા જોઇને **સારિપુત્ત**ના અન્તઃકરણમાં તેને માટે અત્યંત આદરભાવ ઉત્પન્ન થયો. તે **અસ્સજી**ની પાછળ પાછળ **રાજગૃહ**થી ચાલ્યો, અને રસ્તામાં **અસ્સજી**ને મળ્યો. **અસ્સજી**ને કુશળ ક્ષેમાદિ પ્રશ્ન પુછીને પછી **સારિપુત્ત** બોલ્યોઃ—“ આયુષ્મન્, તારી મુખચર્યા પ્રફુલ્લિત દેખાય છે. તારો ગુરૂ કોણ ? કયા ધર્મને અનુસરીને તું વર્તે છે ? ”

અસ્સજી—“ આયુષ્મન્, મહાશ્રમણ **શાક્યપુત્ર** (બુદ્ધ) મારો ગુરૂ છે. તેના ધર્મ પ્રમાણે હું ચાલું છું. ”

સારિપુત્તઃ—“ તારા ગુરૂનો ધર્મ કયો ? કયા મતનું તે પ્રતિપાદન કરે છે ! ”

અસ્સજીઃ—“હું ફક્ત બુદ્ધનો શિષ્ય થયો છું. વિસ્તૃત ધર્મોપદેશ કરવાને હું સમર્થ નથી, તથાપિ સંક્ષેપમાં તેનો સારાંશ હું કહી શકીશ. ”

સારિપુત્તઃ—“ કાંઇ હરકત નહિ. થોડું ઘણું જે કાંઇ તને આવડતું હોય, તેટલું કહે. મારે સારાંશ જાણવો છે, વાગ્જાલ લઇને શું કરવાનું છે ? ”

અસ્સજિ:—

* ये धम्मा हेतु प्पभवा हेतु तेसं तथागतो आह ।
तेसं च यो निरोधो एवं वादी महासमणो ॥

(કારણુથી ઉત્પન્ન થયેલા જે પદાર્થો—પંચસ્કંધાદિક દુઃખદ પદાર્થ, તેનું કારણ **તથાગતે** કહ્યું છે, અને તેનો નિરોધ કેમ થાય છે, તે પણ કહ્યું છે, એજ **મહાશ્રમણને**ા મત છે.)

આ સમજ્યા પછી **સારિપુત્તના** અંતઃકરણમાં એકદમ પ્રકાશ પડયો. આ હકીકત તેણે **મોગ્ગલ્લાનને** કહી, ત્યારે તે બન્ને બુદ્ધની પાસે ગયા, અને તેમણે ભિક્ષૂસંઘમાં પ્રવેશ કર્યો. તેની સાથે **સંજય** પરિવ્રાજકના બીજા પણ ૨૫૦ શિષ્ય બુદ્ધના શિષ્ય થયા. **સારિપુત્ત** અને **મોગ્ગલ્લાન** એ બન્ને આગળ જતાં અગ્રશ્રાવક (બુદ્ધના મુખ્ય શિષ્ય) થયા.

બુદ્ધના આગમનથી **રાજગૃહ** નગરીમાં જ્યાં ત્યાં ધમાલ મચી રહી હતી. આજ આ બુદ્ધનો શિષ્ય થયો, કાલ આ પરિવ્રાજક બુદ્ધનો શિષ્ય થયો, એજ લોકચર્ચાનો વિષય થઈ પડયો હતો. કોઈ લોક તો ઉધાડી રીતે બુદ્ધને દોષ દેવા લાગ્યા. આ શ્રમણ ગૌતમ, અમારો દેશ અપુત્ર કરવા માટે આવ્યો છે કે શું ? એમ તેઓ કહેવા લાગ્યા. ભિક્ષૂ દૃષ્ટિએ પડે તો તે એવું બોલતા કેઃ—

आगतो खो महासमणो मागधानं गिरिब्बजं ।
सब्बे संजये नेत्वान कंसुदानि नयिस्सति ॥

(આ મહાશ્રમણ મગધના ગિરિવ્રજ[1] (રાજગૃહ) નગરમાં આવ્યો છે તે સર્વ સંજયના શિષ્યોને લઇ ગયો, હવે તે કોને લઇ જશે ?)

---

* આ ગાથા બહુ પ્રસિદ્ધ છે, અને પ્રાચીન શિલાલેખોમાં પુષ્કળ ઠેકાણે મળી આવે છે.

આ વર્તમાન ભિક્ષૂઓએ બુદ્ધને કહ્યા ત્યારે તેઓ બોલ્યા, "ભિક્ષૂઓ! તે લોકવાણી બહુ દિવસ ટકવાની નથી. એક અઠવાડીઆમાંજ આ લોકવાણી નહિ સરખી થશે. જેઓ તમને આ (ઉપર કહેલા) શ્લોકથી દોષ દે, તેને તમે આ શ્લોકથી ઉત્તર આપોઃ—

नयन्ति वे महावीरा सद्धम्मेन तथागता ।
धम्मेन नीयमानानं का उस्सुय्या विजानतं ॥

(મહાવીર **તથાગત** લોકોને સદ્ધર્મમાં લઈ જાય છે, તે સત્ય ધર્મવડે લોકોને વાળે છે, એ સમજનારાઓએ તેનો મત્સર શા માટે કરવો ?)

પહેલી ગાથા વડે લોકો ભિક્ષૂને દોષ દેતા, તેનો આ ગાથા વડે તેમને ભિક્ષૂઓ ઉત્તર દેતા. ધર્મથીજ શાક્યપુત્રીય* શ્રમણ લોકોને વાળતા, અધર્મથી વાળતા નહિ. એ જ્યારે મનુષ્યોને સમજાયું, ત્યારે તેમણે ભિક્ષૂઓને દોષ દેવાનું છોડી દીધું. એક અઠવાડીયામાં આ લોકાપવાદ નાબુદ થયો.

ભિક્ષૂસંઘનું સર્વત્ર બહુ સન્માન થવા લાગ્યું. તે જોઇને કેટલાક પેટભરા માણસો પણ તેમાં પ્રવેશ કરવા લાગ્યા. એક વખત કેટલાક દિવસ સુધી શહેરમાં એકસરખાં ભિક્ષૂઓને આમંત્રણ થતાં હતાં. લોકો પકવાન્નો તૈયાર કરીને, ભિક્ષૂઓને મોટા આદરથી જમાડતા. એ એક બ્રાહ્મણે જોયું, એટલે પોતાને યથેચ્છ ભોજન મળે, એવા ઉદ્દેશથી ભિક્ષૂસંઘમાં તેણે પ્રવેશ કર્યો. જ્યારે આ આમંત્રણો પૂરાં થયાં, ત્યારે ભિક્ષૂઓએ, ભિક્ષાપાત્ર લઇને, અમારી સાથે ભિક્ષાએ ચાલ, એમ તેને કહ્યું. ત્યારે તે બોલ્યોઃ— "જો તમે મને જમવાનું આપશો તોજ હું રહીશ; નહિ તો ભિક્ષૂસંઘ છોડીને ચાલતો થઇશ." આના જેવા બીજા કેટલાક પ્રાપંચિક લાભ માટે જ સંઘમાં પ્રવેશ કરવા લાગ્યા. તેના બંદોબસ્ત માટે, ઇચ્છારહિત ભિક્ષૂઓની વિનંતિને માન દઇને, બુદ્ધને ઉપસંપદાના નવીન નવીન

---

* બૌદ્ધસંઘના ભિક્ષૂઓને શાક્યપુત્રીય શ્રમણ કહેતા.

નિયમો કરવાની જરૂર પડી. આ નિયમ કયા કયા પ્રસંગે કરવામાં આવ્યા, એ કહેવાની આ સ્થળે આવશ્યકતા નથી. તથાપિ પ્રસ્તુત બ્રહ્મદેશ, સિલોન ઇત્યાદિ ઠેકાણે જે ઉપસંપદાવિધિ શરૂ છે, તેમાં બુદ્ધે કરી આપેલા ઘણું કરીને તમામ નિયમોનો સમાવેશ થતો હોવાથી, તેનો સારાંશ અહીં કહ્યા વગર રહેવાતું નથી.

સંઘમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખનારા ઉમેદવારને પ્રથમ એક ભિક્ષૂને પોતાનો ઉપાધ્યાય કરવાનું કહેતા. 'ભદન્ત (મહારાજ); તમે મારા ઉપાધ્યાય થાઓ,' એમ તે ભિક્ષૂને તેણે ત્રણ વાર વિનંતિ કરવી જોઇએ. ઉપાધ્યાયે, ઉપાધ્યાય થવાનું કબૂલ કર્યા પછી તેનું ભિક્ષાપાત્ર અને ચીવર (ભિક્ષુવસ્ત્ર) તેને દેખાડવામાં આવતાં. પછી જે ઠેકાણે જઇને રહેવાની તેને આજ્ઞા થતી, તે ઠેકાણે તે રહેતો. ત્યાર પછી ભિક્ષૂસંઘમાંથી એક બીજા વિશેષ અધિકારી ભિક્ષૂ પાસે જઇને, તેને તેણે શું શું કરવું જોઇએ, કયા કયા પ્રશ્નના શા શા ઉત્તરો આપવા જોઇએ, તે સારા રીતે સમજી લેવાની પરવાનગી માગતો. સંઘની પરવાનગી મળ્યા પછી, તેને તે હોય ત્યાં જઇને પેલો ભિક્ષૂ સર્વ સમજાવતો, અને બધી હકીકત સમજાવ્યાની વાત તે પાછો આવી સંઘને કહેતો; ત્યારે સંઘ તે ઉમેદવારને ફરીથી પાછો આવવાની આજ્ઞા કરતો. સંઘ બેઠો હોય તે સ્થળે આવીને સંઘની પેલા ઉમેદવારે આ પ્રમાણે ત્રણ વાર પ્રાર્થના કરવી જોઇએઃ—" ભદન્ત, સંઘ પાસે હું ઉપદેશની યાચના કરૂં છું. કૃપા કરીને સંઘ મારો ઉદ્ધાર કરો. " ત્યાર પછી એક બીજો વિદ્વાન્ ભિક્ષૂ, ઉપસંપદાને પ્રતિબંધ કરનારી વાતોથી આ નવીન ઉમેદવાર મુક્ત છે કે નહિ, તે તેને પૂછવાની સંઘ પાસે પરવાનગી માગતો. તે મળ્યા પછી પેલો ભિક્ષૂ તેને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછતોઃ—

ભિક્ષૂ—હે નાગ (શૂર), આ સત્ય બોલવાનો પ્રસંગ છે. અહીં સાચીજ વાત કહેવી જોઇએ. હું હવે તને જે પુછવાનો છું, તે જેવું હોય તેવું

કહેવું જોઈએ. જે ન હોય તેની ના કહેવી. પ્રથમનો કોઇ રોગ તને છે? દુષ્ટ રોગ તને છે?

ઉમેદવાર—ના, મહારાજ (नत्थि भन्ते)

ભિક્ષૂ—ગંડરોગ?

ઉ૦—ના, મહારાજ.

ભિ૦—કિલાસ રોગ?

ઉ૦—ના, મહારાજ.

ભિ૦—ક્ષયરોગ?

ઉ૦—ના, મહારાજ.

ભિ૦—અપસ્માર?

ઉ૦—ના, મહારાજ.

ભિ૦—તું માણસ છે, ના?

ઉ૦—હા, મહારાજ. (आम भन्ते)

ભિ૦—તું પુરૂષ છે, ના?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તું સ્વતંત્ર છે?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તું ઋણમુક્ત છે?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તું રાજાનો યોદ્ધા નથી, ના?

ઉ૦—હા, મહારાજ. (હું રાજાનો યોદ્ધા નથી.)

ભિ૦—તારા માબાપના તને પરવાનગી છે?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તારી ઉમર પુરાં ૨૦ વર્ષની થઈ છે?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તને જોઈતાં પાત્ર અને ચીવર તારી પાસે છે ?

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—તારૂં નામ શું ?

ઉ૦—અમુક.

ભિ૦—તારો ઉપાધ્યાય કોણ ?

ઉ૦—અમુક.

પ્રશ્નોના ઉપર કહ્યા પ્રમાણે યથાયોગ્ય ઉત્તર દીધા પછી, તે સંઘને ત્રણ વાર વિનંતિ કરે છે, કે "આ ઉમેદવાર ઉપસંપદાને અંતરાય કરનારી બાબતોથી મોકળો છે. એને જોઈતાં પાત્ર અને ચીવર તેની પાસે છે. આનો ઉપાધ્યાય અમુક. જો સંઘને યોગ્ય લાગતું હોય તો સંઘે તેને ઉપસંપદા આપવી. જેમને યોગ્ય લાગે તેમણે ચુપચુપ રહેવું, ને જેને યોગ્ય લાગતું ન હોય તેણે બોલવું." સઘળો સંઘ મૌન્ય રહે, તો તે કહે છે કે, "સંઘને આ વાત માન્ય છે, માટે સંઘ ચુપ રહ્યો છે, એમ હું સમજું છું."

ત્યાર પછી તે ઉમેદવારને પોતાનો પડછાયો પગવડે ભરવાનું કહેતા.* તેને ઋતુ, માસ વગેરે કહેતા, અને આગળ કહેલા ચાર આધાર (અવલંબીને રહેવા જેવી વાતો) કહેવામાં આવતા.

ભિ૦—ભિક્ષાન્નપર અવલંબીને રહેવા માટે તારો આ સંન્યાસ છે; માટે યાવજ્જીવ ભિક્ષાન્નપર રહેવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ. સંઘદાનાદિક પ્રસંગે અન્ન મળે તે વિશેષ લાભ, એમ તારે સમજવું.

ઉ૦—હા, મહારાજ.

---

* પૂર્વે પોતાની છાયા માપીને વખત કેટલો છે, તે સમજતા.

ભિ૦—માર્ગમાં પડેલા કપડાના ટુકડા એકઠા કરીને બનાવેલા ચીવર ઉપર રહેવાને તારો આ સન્યાસ છે; માટે યાવજ્જીવ તેવાં ચીવર ઉપર રહેવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ. ક્ષૌમાદિ વસ્ત્રનાં ચીવર (કોઈ ગૃહસ્થ તરફથી) મળે તો તે વિશેષ લાભ, એમ તારે સમજવું.

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—ઝાડ નીચે વાસ કરીને રહેવા માટે તારો આ સંન્યાસ છે; માટે યાવજ્જીવ ઝાડ નીચે રહેવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ. વિહાર વગેરે (રહેવા માટે) મળે તો તે વિશેષ લાભ, એમ તારે સમજવું.

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—ગોમૂત્રના ઔષધ ઉપર અવલંબીને રહેવાને તારો આ સંન્યાસ છે; માટે યાવજ્જીવ ગોમૂત્રના ઓસડ ઉપર રહેવાનો તારે પ્રયત્ન કરવો જોઈએ. ઘી માખણ વગેરે (ઔષધોપયોગી પદાર્થ) મળે તો તે વિશેષ લાભ, એમ તારે સમજવું.

ઉ૦—હા, મહારાજ.

ત્યાર પછી ચાર **અકાર્ય** કહેવામાં આવતાં.

ભિ૦—સંઘમાં પ્રવેશ કરેલા ભિક્ષૂએ મૈથુનવ્યવહાર કરાતો નથી. જે ભિક્ષૂ મૈથુનવ્યવહાર કરશે, તે શ્રમણ થશે—અશાક્યપુત્રીય થશે. જેમ ડોકું કાપેલો માણસ એકલા ધડથી જીવી શકતો નથી. તેમ મૈથુનવ્યવહાર કરે તે ભિક્ષૂ અશ્રમણ થાય છે-અશાક્યપુત્રીય થાય છે. માટે આ વાત યાવજ્જીવ કરવી ન જોઈએ.

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—સંઘમાં પ્રવેશ કરનારા ભિક્ષૂએ ચોરી કરવી એ કામનું નથી. ખડની સળી સુદ્ધાં આપ્યા વગર તેણે લેવી, એ કામનું નથી. જે ભિક્ષૂ ચોરી કરશે, તે અશ્રમણ થશે-અશાક્યપુત્રીય થશે. માટે યાવજ્જીવ આ વાત કરવાની તારે માટે કામની નથી.

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—સંઘમાં પ્રવેશ કરેલા માણસે જાણીબુજીને પ્રાણઘાત કરવો નહિ. તેણે કીડો કે માખી પણ મારી શકાય નહિ જે ભિક્ષૂ પ્રાણ ન સમજીને ગર્ભાવસ્થામાં પણ મનુષ્ય પ્રાણીને ઠાર મારશે, તે અશ્રમણ થશે—અશાકયપુત્રીય થશે. માટે યાવજ્જીવ આ વાત તારે કરવાની નથી.

ઉ૦—હા, મહારાજ.

ભિ૦—સંઘમાં પ્રવેશ કરેલા ભિક્ષૂએ પોતાને ધ્યાનસમાધિ પ્રાપ્ત થયાની વાતો કરવી, એ કામનું નથી. એકાંતમાં રહેવાથી મને આનંદ થાય છે, એવી મોટાઈની વાત પણ તેણે કરવી, એ કામનું નથી. જે ભિક્ષૂ પાપી ઇચ્છાથી, તૃષ્ણાવશ થઇને, પોતાને ધ્યાનસમાધિ પ્રાપ્ત થયાની ખોટી ગપ્પો (લોકોને) કહેશે, તે અશ્રમણ થશે—અશાકયપુત્રીય થશે. માટે યાવજ્જીવ આ વાત તારે કરવાની નથી.

ઉ૦—હા, મહારાજ.

આ ઉપસંપદાવિધિના સંક્ષિપ્ત વર્ણન ઉપરથી ભિક્ષૂને મુખ્યત્વે કયા કયા નિયમ પાળવા જોઇએ, તેની આપણને ઘણીખરી કલ્પના થઇ સકશે. હવે શ્રામણેર એટલે શું, તે થોડાકમાં કહું છું. બુદ્ધ થોડો વખત રાજગૃહમાં રહીને ત્યાંથી ધર્મોપદેશ કરતા કરતા કપિલવસ્તુ નગરીમાં ગયા. ત્યાં તે નિગ્રોધારામ નામના વિહારમાં રહેતા હતા. એક દિવસે ભિક્ષા માટે કપિલવસ્તુ નગરીમાં તેઓ ગયા. તે ફરતા ફરતા શુદ્ધોદન રાજાને ઘેર ગયા. ત્યાં તેમને બેસવા માટે મૂકેલા આસન ઉપર તેઓ બેઠા હતા, એટલામાં રાહુલની માએ (બોધીસત્વની પત્નીએ) તેમને જોયા; અને તેણે રાહુલ કુમારને કહ્યું:— "આ જો તારો પિતા; તેની પાસે જઇને તારો હિસ્સો (દાયભાગ) માગ." માના આ શબ્દ સાંભળીને રાહુલ બુદ્ધ સામે જઇને ઉભો રહ્યો. બુદ્ધ કેટલોક વખત ગયા પછી આસન ઉપરથી

ઉઠીને ચાલતા થયા. રાહુલ પણ તેની પાછળ પાછળ "મને મારો ભાગ આપો" એમ કહેતો ચાલ્યો. વિહારમાં ગયા પછી, બુદ્ધે સારિપુત્રોને બોલાવીને –પૈતૃક ધન દેવાના હેતુથી રાહુલકુમારને સંન્યાસ આપવાનું કહ્યું. રાહુલનું વય ૨૦ વર્ષનું થયું નહોતું, માટે તેને શ્રામણેર કરવામાં આવ્યો. ત્યારથી શ્રામણેર કરવાની પદ્ધતિ શરૂ થઇ.

શ્રામણેરથી સ્વતંત્ર રહી શકાતું નથી, તેમણે ભિક્ષૂઓના આશ્રય નીચેજ રહેવું જોઇએ. તેને દિક્ષા આપતી વખતે તેનું મુંડન કરાવે છે. પછી કાષાય વસ્ત્ર લઇને, ત્યાં એકઠા થયેલા ભિક્ષૂઓને તે નમસ્કાર કરીને, તે આ વાક્ય ત્રણ વાર ઉચ્ચારે છેઃ—

"सब्बदुक्खनिस्सरणनिब्बाणसच्छिकरणत्थं इदं कासावं गहेत्वा पब्बाजेथ मं भन्ते अनुकंपं उपादाय."

(સર્વ દુઃખોથી મુક્ત એવા નિર્વાણનો સાક્ષાત્કાર કરવા માટે આ કાષાય વસ્ત્ર લઈ કૃપા કરીને મને સંન્યાસ આપો.)

ત્યાર પછી તેઓમાંનો એક ભિક્ષૂ તેને "बुद्धं सरणं गच्छामि, धम्मं सरणं गच्छामि, संघं सरणं गच्छामि." આ વાક્યો ત્રણ વાર બોલાવે છે; અને તેણે પાળવાના દશ નિયમો શીખવે છે. (૧) જીવહિંસાથી અલગ રહેવું. (૨) ચોરીથી દૂર રહેવું. (૩) બ્રહ્મચર્ય ધારણ કરવું. (૪) ખોટું ન બોલવું. (૫) દારૂ આદિ માદક પદાર્થોનું સેવન ન કરવું. (૬) બપોર પહેલાં જમવું. (૭) નૃત્ય ગીતાદિ કામવિકાર ઉત્પન્ન કરનાર જોવું નહિ. (૮) માલાચંદન વગેરે (મોજશોખના) પદાર્થો ધારણ કરવા નહિ. (૯) ઉંચી અને મોટી શૈય્યા ઉપર સૂવું નહિ, અને (૧૦) સોના રૂપાનો સ્વીકાર કરવો નહિ. આ દશ નિયમ શ્રામણેરે પાળવા જોઇએ.

ભિક્ષૂસંઘે મહિનામાં પૂર્ણિમા અને કૃષ્ણપક્ષની ચતુર્દશી એ બે દિવસોએ એકઠા થઈને **ઉપોસથકર્મ** કરવું જોઈએ. તે દિવસે ભિક્ષૂના **નિષિદ્ધશીલ**માં સમાવેશ કરેલા ૨૨૭ નિયમોની યાદી આખા સંઘની સમક્ષ વંચાય. તેમાંથી કોઇ પણ ભિક્ષૂ તરફથી એકાદા નિયમ વિરૂદ્ધ આચરણ થયું હોય, તો તે દોષ તેણે ત્યાંને ત્યાંજ કબૂલ કરવો જોઇએ; અને તેને માટે જે પ્રાયશ્ચિત કહ્યું હોય, તે કરવું જોઇએ. આ ૨૨૭ નિયમોને **પ્રાતિમોક્ષ** કહે છે; અને તેની યાદીના વાચનને **પ્રાતિમોક્ષોદ્દેશ** કહે છે.

બુદ્ધની હયાતીમાં અને ત્યાર પછી કેટલાંક વરસો સુધી ભિક્ષૂસંઘ ચોમાસામાં ચાર મહિના એક ઠેકાણે રહેતો. અને બાકીના આઠ મહિના ચારે કોર ઉપદેશ કરતો ફરતો હતો.

આ સ્થિતિ **અશોક**ના સમય સુધી ટકી હોવી જોઈએ. **અશોક**ના સમયમાં જો કે પુષ્કળ ભિક્ષૂઓ ઉપદેશ માટે બીજા દેશમાં ગયા, તોપણ એકંદરે ભિક્ષૂસંઘને સ્થાયિક સ્વરૂપ આવવા લાગ્યું, તેને લીધે **બૌદ્ધ** વાઙ્ગમયની બહુ સમય સુધી વૃદ્ધિ થઇ; પણ ભિક્ષૂસંઘનો પૂર્વનો જોમ કાયમ રહ્યો નહિ.

સંઘભેદ.

બુદ્ધનો સંઘ અને કીર્તિ એક સરખી રીતે વધતાં હતાં. તે વખતે **ભદ્દિય** નામનો એક જુવાન માણસ શાક્યના રાજ્યનો અધ્યક્ષ હતો. તેનો પરમ મિત્ર **અનુરૂદ્ધ શાક્ય** હતો. તેણે તેના આગ્રહથી રાજ્ય છોડીને ભિક્ષૂ-સંઘમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો. તે બન્નેની સાથે **આનંદ, ભગુ, કિમ્બિલ** અને **દેવદત્ત** એ ચાર શાક્યકુમાર અને તેના હજામ **ઉપાલી**એ ભિક્ષૂસંઘમાં પ્રવેશ કર્યો. **ઉપાલી**ને સૌથી પહેલાં **ઉપસંપદા** આપવામાં આવી. એ આગળ **વિનયધર** એટલે ભિક્ષૂસંઘના કાયદામાં પ્રવીણ થયો; **આનંદ ધર્મધર** એટલે **બુદ્ધોપદેશ**માં પ્રવીણ થયો; અને **દેવદત્ત સંઘભેદક** એટલે બૌદ્ધસંઘમાં ભેદ ઉત્પન્ન કરનારો થયો.

મહાત્મા બુદ્ધ રાજગૃહમાં વેળુવનાવિહારમાં રહેતા હતા. દેવદત્ત ત્યાં ગયો, અને હાથ જોડીને તેમને કહ્યું:—" ભગવાન્! હવે આપ વૃદ્ધ થયા છો, અને શાંત બેમવાનો આપનો સમય છે. માટે આપે સંઘને મારા સ્વાધીન કરવો. હું ભિક્ષૂસંઘનું નાયકપણું સ્વીકારૂં છું." ત્યારે બુદ્ધ બોલ્યા:—" દેવદત્ત સારીપુત અને મોકાલ્લાના સ્વાધીનમાં પણ ભિક્ષૂસંઘ મૂકવાને હું તૈયાર નથી તો પછી તારા જેવા સમજ વગરના ને સામર્થ્યહીન માણસના સ્વાધીનમાં હું ભિક્ષૂસંઘ કેવી રીતે સોંપીશ?" એ સાંભળીને તે મનમાં બહુ ગુસ્સે થયો, અને ત્યારથી તે બુદ્ધનું વેર વાળવાની દુર્વાસનામાં પડયો.

બિંબિસાર રાજાનો પુત્ર અજાતશત્રુ દેવદત્તનો ભક્ત હતો. તેણે પોતાના બાપનો ઘાત કરીને ગાદી મેળવી હતી; અને બુદ્ધને ઠાર મારી દેવદત્તને બુદ્ધપદ મેળવી આપવામાં મદદ કરવાનું તેણે અભિવચન આપ્યું હતું. કેટલાએક મારા મોકલીને બુદ્ધને ઠાર મારવાના તેણે કેટલાએક પ્રયત્ન કરી જોયા, પણ તે પાર પડયા નહિ; ઉલટા તે મારા બુદ્ધના ઉપાસક થયા. ત્યારે તેણે બુદ્ધ રાજગૃહમાં ભિક્ષા સારૂ ફરતા હતા તે વખતે તેમના ઉપર નાલાગિરિ નામનો મસ્ત હાથી છોડયો. બુદ્ધે પ્રેમળ દષ્ટિથી તેના તરફ જોયું, એટલે હાથી તેમને કાંઈ પણ ઇજા ન કરતાં સીધો તેમની સામે જઇને ઉભો રહ્યો; અને તેમની ચરણરજ હાથીએ પોતાના માથા ઉપર નાંખી. ત્યાંથી તે સીધો હસ્તિશાળામાં પોતાની જગોએ જઇને ઉભો રહ્યો. આ પરમ આશ્ચર્ય જોઈને રાજગૃહવાસી લોકો બહુ ચકિત થયા, અને કહેવા લાગ્યા કે:—

" दण्डेनेके दमयन्ति अंकुसेहि कसाहि च ।
अदण्डेन असत्थेन नागो दन्तो महेसिना ॥ "

(કોઈ લાકડીથી, કોઇ અંકુશથી, અને કોઇ ચાબુકથી (જાનવરનું)

દમન કરે છે; પણ મહર્ષિ બુદ્ધે લાકડી કે કાંઈ પણ હથિયાર વિના હાથીનું દમન કર્યું.)

આ રીતે બુદ્ધને મારીને, પોતે બુદ્ધ થવાનો પ્રયત્ન નિષ્ફળ થયા પછી, દેવદત્તે બૌદ્ધસંઘમાં ભેદભાવ ઉત્પન્ન કરવાની એક નવીન યુક્તિ શોધી કાઢી. દેહદંડને મદદ થાય એવી રીતના નવીન નિયમ ભિક્ષૂસંઘ માટે બુદ્ધ કરવાના નથી, એ તેને પક્કી રીતે ખબર હતી; અને કેટલાંક લોકો દેહદંડ ન કરનારાઓને ભૂલી જઈને તેના નાદમાં લાગે છે, એ પણ તેની જાણમાં હતું. તેથી તેણે એવી યુક્તિ યોજી કે, બુદ્ધ પાસે જઈને તેની સંમતિ ન મળે, એવા કેટલાક નિયમ સંઘ માટે યોજવાનું તેમને કહેવું; અને તેમણે આ વાત માન્ય ન કરી, એટલે તેઓ લોકોને પૂર્ણ વૈરાગ્ય શિખવતા નથી, એવો બોભાટ કરીને સંઘમાંના કેટલાએક ભિક્ષૂઓને પોતાની તરફેણમાં લેવા. આ યુક્તિ તેણે કોકાલિક અને **સમુદ્રદત્ત** એ બે સંન્યાસી મદદગારોને કહી, અને પોતાના મતના લોકોને એકઠા કરીને તે બુદ્ધ પાસે ગયો. બુદ્ધને નમસ્કાર કરીને, એક બાજુએ બેઠા પછી તે બોલ્યોઃ—

"ભગવાન્, આપ અલ્પ ઇચ્છાવાળા અને સંતુષ્ટ મનુષ્યના ગુણનું વર્ણન કરો છો, તો આ નવીન પાંચ નિયમ ભિક્ષૂસંઘને પાળવા માટે આપ ઠરાવી આપો; કારણ આ પાંચ નિયમ અલ્પેચ્છતા અને સંતોષ વધારશે. (૧) ભિક્ષૂએ યાવજ્જીવ અરણ્યમાં રહેવું; જે ભિક્ષૂ ગામમાં રહે તેને દુષિત ઠરાવવો. (૨) ભિક્ષૂએ યાવજ્જીવ ભિક્ષાન્ન ઉપરજ નિર્વાહ કરવો; જે ભિક્ષૂ આમંત્રણ સ્વીકારીને જમવા જાય તેને દુષિત ઠરાવવો. (૩) ભિક્ષૂએ યાવજ્જીવ રસ્તામાં પડેલા કપડાના ટુકડા એકઠા કરીને બનાવેલા ચીવર ઉપર નિર્વાહ કરવો; જે ભિક્ષૂ ગૃહસ્થે આપેલું વસ્ત્ર લઈ, તેનું ચીવર બનાવે, તેને દુષિત ઠરાવવો. (૪) ભિક્ષૂએ યાવજ્જીવ વૃક્ષ નીચે વાસ કરવો; જે ભિક્ષૂ આચ્છાદિત (ઝુંપડી વગેરે) સ્થળે વાસ કરે, તેને દુષિત ઠરાવવો.

(૫) ભિક્ષૂએ યાવજ્જીવ પર્યંત માછલી ખાવી નહિ; જે ભિક્ષૂ માછલી ખાય તેને દૂષિત ઠરાવવો."

બુદ્ધ બોલ્યાઃ—"દેવદત્ત! આ નવીન પાંચ નિયમની કાંઈ જરૂર નથી. જેની ઇચ્છા હોય, તણે અરણ્યમાંજ રહેવું, અને ન હોય તેણે ગામની નજીક રહેવું. જેની ઇચ્છા હોય તેણે ભિક્ષા ઉપરજ નિર્વાહ કરવો, અને ન હોય તેણે આમંત્રણ સ્વીકારીને જમવા જવું. જેની ઇચ્છા હોય તેણે ચીંદરડાંના* ચીવર ઉપર નિર્વાહ કરવો, અને ન હોય તેણે ગૃહસ્થે આપેલા વસ્ત્રનું ચીવર શીવવાની હરકત નથી. (વરસાદના ચાર મહિના બાદ કરીને) આઠ મહિના વૃક્ષ નીચે રહેવાની મેં પરવાનગી આપી છેજ. ભિક્ષાન્ન તૈયાર કરવા માટેજ માછલીઓ મારી છે, એવું જો ભિક્ષૂએ જોયું કે સાંભળ્યું હોય, અથવા એવી તેને શંકા પડી હોય, તો તે માછલીઓનું તેણે ગ્રહણ કરવું નહિ; એ સિવાય ગ્રહણ કરવાને હરકત નથી."

આ સાંભળીને દેવદત્તને બહુ સંતોષ થયો. આ વાત તેણે રાજગૃહમાં જ્યાં ત્યાં પ્રસિદ્ધ કરી, અને તેના આધારે કેટલાએક ભિક્ષૂઓને અને ઉપાસકોને તેણે પોતાના તરફ વાળ્યા. કેટલાએક ભિક્ષૂ સંઘ છોડીને દેવદત્તની શિષ્યશાખામાં મળ્યા છે, એ વાત જ્યારે સારિપુત્ત અને મોગ્ગલાન એ બુદ્ધના મુખ્ય શિષ્યોને સમજાઈ, ત્યારે તે બુદ્ધની પરવાનગીથી દેવદત્ત પાસે ગયા; અને સંઘ છોડી ગએલા ભિક્ષૂઓને તેમણે ફરીથી સંઘમાં આણ્યા. દેવદત્તને પોતાના પાપકર્મનો આગળ જતાં પશ્ચાત્તાપ થયો; પણ તે બુદ્ધ પાસે પ્રકટ કરતાં પહેલાંજ તેનો દેહાવસાન થયો.

કૌશંબી નગરીમાં બુદ્ધની હયાતીમાંજ ભિક્ષૂસંઘમાં એક બીજો વાદવિવાદ ઉત્પન્ન થયો હતો. બુદ્ધ એ હકીકત સાંભળીને ત્યાં ગયા. તેમણે અનેક પ્રકારે બન્ને પક્ષનું સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો. ત્યારે તેમાંથી એક તરુણ ભિક્ષૂએ તેમને કહ્યું, "ભગવન્, તમે હવે વૃદ્ધ થયા છો,

તો હવે આપ આ ભાંજગડમાં શા માટે પડો છો? અમારૂં જે થશે તે અમે જોઈ લઈશું."

એ તરૂણનું આવું ભાષણ સાંભળીને બુદ્ધ ત્યાંથી ચાલતા થયા. તે ચાતુર્માસમાં તેઓ એક અરણ્યમાં જઈને રહ્યા. એ ભિક્ષૂએ બુદ્ધની સામોપચારના વાત સાંભળી નહિ, અને લડતોજ રહ્યો, તે જોઈને બધી ઉપાસકમંડળીને તેના ઉપર ક્રોધ આવ્યો, અને આજથી એ ભિક્ષૂને ભિક્ષા આપવી નહિ એવો તેમણે નિયમ કર્યો. ત્યારે તેઓ ઠેકાણે આવ્યા અને બુદ્ધ પાસે જઇ પોતે કરેલા અપરાધની માફી માગી.

આ પ્રમાણે બુદ્ધની હયાતીમાં ફાટફુટ થવાનો એ વખત પ્રસંગ આવ્યો, પણ તેને લીધે સંઘમાં નિર્બળતા આવવાને બદલે પ્રબળતા આવી. આ બન્ને પ્રસંગે બુદ્ધની નિરપેક્ષતા અને ઉપાસકોની તેમના પ્રત્યેની દૃઢ શ્રદ્ધા માણસોના જાણવામાં સારી રીતે આવી.

બુદ્ધને આ મતભેદની બીલકુલ ખબર નહોતી. સારીપુત્ત મોગ્ગાલ્લન વગેરે બ્રાહ્મણ જેવી રીતે ભિક્ષુસંઘમાં હતા તેવીજ રીતે સોપાક નામનો એક ચંડાળ પણ તેમાં હતો.

"न जच्चा वसलो होति न जच्चा होति ब्राह्मणो ।
कम्मना वसलो होति कम्मना होति ब्राह्मणो ॥"

(જાતિથી કોઈ બ્રાહ્મણ થતો નથી, અથવા જાતિથી કોઇ ચંડાળ થતો નથી. કર્મથી ચંડાળ થાય છે, અને કર્મથીજ બ્રાહ્મણ થાય છે.)

આ તત્ત્વ બુદ્ધે ભિક્ષૂસંઘને પૂર્ણપણે લાગુ કર્યું હતું. કેટલાક વખત સુધી ભિક્ષૂણીનો સંઘ તેણે સ્થાપ્યો નહોતો; પરંતુ વખત જતાં તેની પણ તેણે સ્થાપના કરી. ભિક્ષુણીસંઘને તે કાળની પરિસ્થિતિને બંધબેસતા કેટલાક સખત નિયમ બુદ્ધે ઠરાવી આપ્યા હતા. એ પરથી બુદ્ધે સ્ત્રી-

સ્વાતંત્ર્યમાં વિરોધ નાખ્યો, એમ રા. બ. શરચ્ચંદ્રદાસ સી. આઇ. ઇ. જેઓ તિબેટી ભાષાના જ્ઞાતા હતા, તે બંગાળી ગૃહસ્થનું કહેવું છે. બૌદ્ધ ધર્મ ઉપર કેટલાક નિરાધાર આરોપ મૂકવામાં આવે છે, તેમાંનો આ પણ એક છે એમ હું સમજું છું.

હિંદુધર્મમાં સ્ત્રીઓ અને શુદ્રોને વેદાધિકાર નથી. તેમણે પુરાણો ઉપરજ આધાર રાખીને રહેવું જોઇએ, એમ બૌદ્ધધર્મમાં નથી. બૌદ્ધસ્ત્રીઓને તમામ ધર્મગ્રંથો વાંચવાની છૂટ છે. હાલ પણ બ્રહ્મદેશમાં ત્રિપિટક ગ્રંથનું અધ્યયન કરેલું હોય એવી, ને કરતી હોય એવી પુષ્કળ સ્ત્રીઓ છે. અંગ્રેજ સરકાર તરફથી બ્રહ્મી રાજ્યની પદ્ધતિને અનુસરીને પાલીભાષાના બૌદ્ધ વાઙ્ગમયમાં પરીક્ષા લઇને કેટલાંક ઇનામો અપાયાં છે. આ પરીક્ષામાં ફતેહમંદ થઇને કેટલીક સ્ત્રીઓએ ઇનામો મેળવ્યાનું પણ મારા જાણવામાં છે.

મંગલસુત્તમાં અને સિગાલસુત્તમાં, ગૃહસ્થે ગૃહિણીનો સત્કાર કરવા વિષે બુદ્ધે ઉપદેશ કર્યો છે. અનાથપિંડિક ઇત્યાદિ ગૃહસ્થોએ પોતાના ગુણથી ઉપાસકવર્ગમાં જેવું અગ્રસ્થાન મેળવ્યું હતું, તેવુંજ ઉપાસિકાવર્ગમાં વિશાખા વગેરે ગૃહિણીઓએ અગ્રસ્થાન મેળવ્યું હતું. નકુલમાતા નામની એક મુખ્ય ઉપાસિકાએ પોતાના પતિને કરેલો ઉપદેશ, જો આપ સાંભળશો તો તેને ઉપાસિકા વર્ગમાં અગ્રસ્થાન કેમ મળ્યું હતું, તેની આપ કલ્પના કરી શકશો. માટે એ ઉપદેશનો સારાંશ કહું છું.

ભર્ગદેશમાં શિશુમારગિરિમાં બુદ્ધ રહેતા હતા. ત્યાં તે વખતે નકુલપિતા નામનો એક ગૃહસ્થ બહુ માંદો હતો. તેનો મરણકાલ સમીપ છે એમ સર્વને લાગ્યું, ત્યારે તેની પત્નીએ તેને કહ્યું:—" હે ગૃહપતિ! સંસારમાં આસક્ત રહીને તમે મરણ પામો એ બરાબર નથી. આવા પ્રકારનું પ્રપંચાસક્તિયુક્ત મરણ દુઃખકારક છે, એવું ભગવંતે કહ્યું છે. હે ગૃહપતિ! કદાચિત્ તમારા મનમાં એવી શંકા આવશે કે, 'હું મુઆ પછી નકુલમાતા

છોકરાઓનું પાલન કરી શકશે નહિ, પ્રપંચનું ગાડું હાંકી શકશે નહિ." પરંતુ એવી શંકા તમે મનમાં લાવશો નહિ. કારણ મને સુતર કાંતવાની કળા આવડે છે, અને ઊન તૈયાર કરતાં આવડે છે. એના વડે હું તમારા મરણ પછી છોકરાંઓનું પોષણ કરી સકીશ. માટે હે ગૃહપતિ! આસક્તિયુક્ત અંતઃકરણથી તમારૂં મરણ ન થાય એમ હું ઇચ્છું છું. હે ગૃહપતિ! તમને બીજી એવી શંકા આવવાનો સંભવ છે કે, નકુલમાતા મારા મરણ પછી પુનર્વિવાહ કરશે. પરંતુ આ શંકા તમે છોડી દો. હું આજ સોળ વરસથી ગૃહસ્થ બ્રહ્મચર્ય (ઉપોસથવ્રત) પાળું છું, તે તમને ખબર છેજ. તો પછી હું તમારા મૃત્યુ પછી પુનર્વિવાહ કેમ કરીશ? હે ગૃહપતિ! તમારા મરણ પછી હું બુદ્ધ ભગવાનનો અને ભિક્ષૂસંઘનો ધર્મોપદેશ શ્રવણ કરવા નહિ જાઉં એવી તમને શંકા આવવાનો સંભવ છે. પણ તમારી પાછળ, પહેલાં પ્રમાણેજ બુદ્ધોપદેશ સાંભળવામાં મારો ભાવ રહેશે, એવી તમારે પક્કી ખાત્રી રાખવી; અને કોઇપણ પ્રકારની ઉપાધિ સિવાય મરણને શરણ થાઓ. હે ગૃહપતિ! તમારી પાછળ હું બુદ્ધ ભગવાને ઉપદેશેલું શીલ યથાર્થ રીતે નહિ પાળું એવી તમને શંકા આવવાનો સંભવ છે. પણ જે ઉત્તમ શીલવતી બુદ્ધોપાસિકાઓ છે, તેમાંનીજ હું પણ એક છું, એ તમે ખાત્રીથી સમજજો; માટે કોઇપણ પ્રકારની કાળજી વગર મરણ આવવા દો. હે ગૃહપતિ! મને સમાધિલાભ થયો નથી, તેથી તમારા મરણથી હું બહુ દુઃખી થઇશ. એમ તમે સમજશો નહિ. જે કોઈ બુદ્ધોપાસિકાઓ સમાધિલાભવાળી હશે, તેમાંની હું એક છું, એમ સમજજો; અને માનસિક ઉપાધિ છોડી દો. હે ગૃહપતિ! બૌદ્ધ ધર્મનું તત્ત્વ મને હજી સમજાયું નથી, એવી પણ તમને કદાપિ શંકા આવશે; પરંતુ જે તત્ત્વજ્ઞ ઉપાસિકાઓ છે, તેમાંનીજ હું એક છું એમ ચોક્કસ ધ્યાનમાં રાખો; અને મનમાંની કાળજી કાઢી નાખો.

નકુલમાતાના આ ઉપદેશથી નકુલપિતાના મનનું સમાધાન થયું, અને

તેનો તે વ્યાધિ વેળાસર શમ્યો. રોગમાંથી સારો થયા પછી તે બુદ્ધના દર્શન સારૂ ગયો. ત્યારે બુદ્ધે તેને કહ્યું, "હે ગૃહપતિ ! તું મોટા પુણ્યશાળી છે કે નકુલમાતા જેવી ઉપદેશ કરનારી અને તારી ઉપર પ્રેમ રાખનારી સ્ત્રી તને મળી છે. હે ગૃહપતિ ! ઉત્તમ શીલવતી જે ઉપાસિકાઓ છે, તેઓમાંની એ એક છે. આવી પત્ની તને મળી એ તારૂં મહા ભાગ્ય !"

આ એક દૃષ્ટાંતથી બુદ્ધને સ્ત્રીઓની યોગ્યતા કેટલી લાગતી, તે આપને સમજાશે. વળી બીજા દૃષ્ટાંતો ત્રિપિટક ગ્રંથમાંથી બતાવી સકાશે; પરંતુ અવકાશ ન હોવાથી આટલાથીજ સમાધાન કરવું પડે છે.

બુદ્ધને સ્ત્રીસ્વાતંત્ર્ય પસંદ હતું, ત્યારે તેણે ભિક્ષૂણીઓ માટે સખત નિયમો કેમ કર્યા ? એ પ્રશ્નનો ઉત્તર થોડામાં આપીએ તો, તે કાળના સમાજની પરિસ્થિતિને અનુસરીને આ નિયમો બુદ્ધને કરવા પડેલા. ઉદાહરણ તરિકે —ભિક્ષૂણીઓએ એકલાં રહેવું નહિ, એવો બુદ્ધે નિયમ કર્યો હતો, તેવો નિર્બંધ ભિક્ષૂઓને માટે નહોતો. અર્થાત્ આ નિયમ સ્ત્રીસ્વાતંત્ર્યનો નાશ કરનાર છે, એવું ઉપલક દૃષ્ટિથી કોઈને પણ લાગે એવો સંભવ છે. પણ તે વખતની સમાજરચના ઉપર લક્ષ આપીએ તો આ નિયમ યોગ્ય હતો, એમ કહેવું પડશે. **શુભા** નામની ભિક્ષૂણીની વાત પરથી આ સમજી શકાય એમ છે.

શુભા ભિક્ષૂણી એક દિવસ **જીવક** વૈદ્યના આમ્રવન તરફ એકલી જતી હતી. માર્ગમાં તેને એક લુચ્ચો માણુસ મળ્યો. તેનું સુંદર રૂપ જોઇને તે લલચાયો, અને પોતાની દુષ્ટ વાસના તૃપ્ત કરવાને તે તેનું મન પોતાની તરફ વાળવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શુભાએ તેને અનેક પ્રકારે ઉપદેશ કર્યો; પણ પેલા કામાંધ માણુસ પર તેની કાંઇ અસર થઇ નહિ. છેવટે તે બલાત્કાર કરવા માટે પણ તૈયાર છે, એવું જ્યારે શુભાને લાગ્યું, ત્યારે તેણે તેને કહ્યું, 'અરે, તું મને કેમ અટકાવે છે ?' તે ફરીથી તેનાં

નેત્ર વગેરે સુંદર અવયવોનું વર્ણન કરવા લાગ્યો, અને બોલ્યો, ' હે સુંદરી ! આ તારાં સુંદર નેત્રયુગ્મ જોઇને હું કામવિકારથી પીડિત થયો છું. સુંદરી ! મને તારા વગર પ્રિય આ જગતમાં બીજું કાંઈજ નથી. '

શુભા બોલી, "એટલુંજ ને ? મારી આ આંખોનીજ તને ઇચ્છા છે તો કાંઇ હરકત નહિ. લે, આ આંખ. " એમ કહીને તેણે પોતાની આંગળી વડે પોતાનો ડોળો ખેંચી કાઢીને, તે તેના હાથમાં મૂક્યો. આ તેનું સાહસિક કૃત્ય જોઇને તે માણસ ગભરાઇ ગયો, અને તેણે સાષ્ટાંગ નમસ્કાર કરીને તેની ક્ષમા માગી. ભિક્ષૂણીઓ ઉપર આવા પ્રકારના પ્રસંગો ન આવે એટલા માટે તેઓએ એકલાં રહેવું નહિ એવો બુદ્ધે વિચારપૂર્વક નિયમ કરેલો હોવો જોઇએ.

ભિક્ષૂસંઘમાં જેવા સારિપુત્ત, કાત્યાયન વગેરે મોટા તત્ત્વજ્ઞાની અને ધર્મોપદેશક થઇ ગયા, તેવીજ ભિક્ષૂણી સંઘમાં ક્ષેમા, ઉત્પલવર્ણા વગેરે ભિક્ષૂણીઓ થઇ ગઇ. કેટલાક પ્રસંગે મોટા મોટા વિદ્વાન્ પુરુષોને પણ તેમણે પોતાની અધિકારયુક્ત વાણીએ ઉપદેશ કરીને, સન્માર્ગે વાળ્યાની વાતો "ત્રિપિટક" માંથી મળી આવે છે. તેમાંની એક રમુજી વાત, કેટલીક પાલી ભાષાની ગાથા સાથે કહીને આજનો આ લંબાએલો વિષય પૂર્ણ કરીશ.

પૂણ્ણિકા નામની ભિક્ષૂણી સવારમાં ઉઠીને વિહારમાંની ભિક્ષૂણીઓ માટે પાણી ભરવા નદી ઉપર ગઇ હતી. ત્યાં એક બ્રાહ્મણ પ્રાતઃસ્નાન કરતો હતો. તેને જોઇને તે બોલીઃ—

उदहारी अहं सीते सदा उदकमोतरिं ।
अय्यानं दण्डभयं भीता वाचादोसभयट्टिता ॥
कस्स ब्राह्मण त्वं भीतो सदा उदकमोतरि ।
वेधमानेहि गत्तेहि सीतं वेधयसे भुसं ॥

અર્થ—આ ટાઢમાં ભિક્ષુણીસંઘના ભયથી (મને દોષ આપશે એવા ભયથી) પાણી ભરવા હું આ પાણીમાં ઉતરૂં છું. પરંતુ હે બ્રાહ્મણ! તારાં આ ઠંડીથી અકડાઈ ગયેલાં ગાત્રથી, તું આ પાણીમાં ઉતરે છે તે કોના ભયથી? ઠંડીથી તું અકડાઈ ગયેલો લાગે છે.

બ્રાહ્મણે કહ્યું,—

यो च वुड्ढो दहरो वा पापं कम्मं पकुब्बति ।
दकाभिसेचना सोपि पापकम्मा पमुच्चति ॥

અર્થ—હું પુણ્યકર્મ કરૂં છું, અને પાપકર્મનો નિરોધ કરૂં છું, તે જાણતા છતાં, હે પુણ્ણિકા! તું આ પ્રશ્ન મને કેમ પૂછે છે? જે કોઈ વૃદ્ધ કે તરુણ પાપ કરે છે, તે પ્રાતઃસ્નાનથી તે પાપથી મુક્ત થાય છે. (એ તને ખબર નથી, શું?)

પુણ્ણિકા બોલી:—

कोनु ते इदमक्खासि अजानन्तस्स जानको ।
दकाभिसेचना नाम पापकम्मा पमुच्चति ॥ १ ॥
सग्गं नून गमिस्सन्ति सब्बे मंडूककच्छपा ।
नागा च सुसुमारा च ये चञ्ञे उदके चरा ॥ २ ॥
ओरब्भिका सूकरिका मच्छिका मिगबंधका ।
चोरा च वज्झघाता च ये चञ्ञो पापकम्मिनो ॥
दकाभिसेचना तेपि पापकम्मा पमुच्चरे ॥ ३ ॥

અર્થ—(૧) હે બ્રાહ્મણ! સ્નાનથી પાપમુક્ત થવાય છે, એ તું અજ્ઞાનને, કયા અજ્ઞાને કહ્યું?

(૨) દેડકું, કાચબો, સાપ, મગર ઇત્યાદિ પાણીમાં રહેનારાં સર્વ પ્રાણીઓ સ્વર્ગે જવાનાંજ છે કે શું?

(૩) બકરાં મારનારા, ડુક્કર મારનારા, માછલાં મારનારા કોળી, પારધી, ચોર, ફાંસીની શિક્ષા થઈ હોય તે માણસો અને બીજા પાપી લોક સ્નાનથી પાપકર્મથી મુક્ત થશે કે શું?

सचे इमा नदियो ते पापं पुब्बे कतं वहुं ।
पुञ्ञापिमा वहेय्युं ते तेन त्वं परिबाहिरो ॥ ४ ॥

यस्स ब्राह्मण त्वं भीतो सदा उदकमोतरि ।
तमेव ब्रह्मे मा कासि मा ते सीतं छविं हने ॥ ५ ॥

અર્થ—(૪) હે બ્રાહ્મણ! આ નદીઓ જો તારૂં પાપ વહીને લઇ જશે, તો તે સાથે પુણ્ય પણ લઇ જશે, એટલે તારૂં પુણ્ય પણ જશે.

(૫) માટે હે બ્રાહ્મણ! જે પાપના ભયથી તું નિત્ય આ પાણીમાં ઉતરે છે, તેજ પાપ તું કરીશ નહિ. અમસ્તો, ઠંડીથી તારા શરીરને દુઃખી શા માટે કરે છે?

આ પુણ્ણિકાનો ઉપદેશ સાંભળીને, બ્રાહ્મણ સંતુષ્ટ થયો ને એક વસ્ત્ર લઇને, તેની પાસે આવ્યો; અને તેને કહ્યું, " હે પુણ્ણિકા! તેં મને કુમાર્ગેથી સુમાર્ગે વાળ્યો, માટે આ વસ્ત્ર હું તને આપું છું."

પુણ્ણિકા બોલીઃ—

तुय्हेव साटको होतु नाहमिच्छामि साटकं ।
सचे भायसि दुक्खस्स सचे ते दुक्खमप्पियं ॥
माकासि पापकं कम्मं आवि वा यदि वा रहो ॥ १ ॥

सचे च पापकं कम्मं करिस्ससि करोसि वा ।
न ते दुक्खा पमुत्यत्थि उपेच्चापि पलायतो ॥ २ ॥
सचे भायसि दुक्खस्स, सचे ते दुक्खमप्पियं ।
उपेहि बुद्धं सरणं धम्मं संघं च तादिनं ॥
समादियाहि सीलानि तं ते अत्थाय हेहिति ॥ ३ ॥

અર્થ—(૧) હે બ્રાહ્મણ ! તારૂં વસ્ત્ર તારીજ પાસે રહેવા દે. હું તે ઇચ્છતી નથી. તું જો દુઃખથી બીતો હોય, તને દુઃખ અપ્રિય હોય, તો એકાંતમાં કે લોકસમૂહમાં તું પાપકર્મ કરીશ માં.

(૨) જો તું પાપ કર્મ કરતો હોય, અગર કરીશ, તો ગમે ત્યાં નાશી જઇશ, તોપણ તું દુઃખથી મુક્ત થવાનો નથી.

(૩) જો તું દુઃખથી બીતો હોય, તને જો દુઃખ અપ્રિય હોય, તો તું બુદ્ધને શરણ જા; અને તેના સંઘને શરણ જા. શીલના નિયમ પાળ. તેથીજ તારૂં કલ્યાણ થશે.

આ ઉપરથી તે બ્રાહ્મણ બૌદ્ધમતાનુયાયી થયો. આગળ જતાં તે મોટો સાધુ થયો, ત્યારે તેણે ઉદ્દગાર કાઢયા કે,—

ब्रह्मबंधु पुरे आसिं अज्जाम्हि सच्चब्राह्मणो ।
तेविज्जो वेदसंपन्नो सोत्थियो चाम्हि न्हातको ॥

અર્થ—પહેલાં હું માત્ર નામનોજ બ્રાહ્મણ હતો; પરંતુ હવે ખરો બ્રાહ્મણ થયો છું. કારણ હવે હું ત્રૈવિદ્ય (બૌદ્ધધર્મમાં કહેલી ત્રણ વિદ્યા જાણનારો) છું. હું વેદસંપન્ન (જ્ઞાનસંપન્ન) છું, હું પુરોહિત (સ્વસ્તિ સુખના લાભવાળો) છું, હું સ્નાતક (મુક્ત) છું ।

સંઘ.

*ભાગ ૨ જો.

મહર્ષિ બુદ્ધની હયાતીમાંજ તેમનો ધર્મ ×મધ્ય દેશમાં ચારે તરફ ફેલાયો હતો. બૌદ્ધ ભિક્ષૂઓ વિશેષે કરીને સંભાષણમાર્ગે ધર્મનો પ્રસાર કરતા. આજકાલની રીતે સભા મેળવીને વ્યાખ્યાનો આપતા નહોતા જ્યાં જ્યાં ધર્મ શ્રવણ કરનાર વ્યક્તીઓ—પછી તે એક હોય કે અનેક હોય—તેમને મળતી, ત્યાં ત્યાં તે તેમને ઉપદેશ કરતા. લોકો સાથે તેમની વર્ત્તણુક કેવા પ્રકારની હતી, તે પૂર્ણ ભિક્ષૂની આગળના વાતથી વાચકોના મનમાં આવી શકે એમ છે.

પૂર્ણ નામનો બુદ્ધનો એક શિષ્ય હતો. તે એક દિવસ બુદ્ધ મહર્ષિ પાસે આવ્યો, અને પોતાને સંક્ષિપ્તમાં ધર્મોપદેશ કરવાની તેઓને વિનંતિ કરી. ઉપદેશ પૂરો થયા પછી, બુદ્ધ બોલ્યાઃ—પૂર્ણ ! હવે તું કયા પ્રદેશમાં જઇશ.

પૂ૦—ભગવન્, આ આપના ઉપદેશને ગ્રહણ કરીને, હું હવે સુનાપરંત નામના પ્રદેશમાં જનાર છું.

બુદ્ધ—પૂર્ણ ! સુનાપરંત પ્રાંતના લોકો અતિ કઠોર છે, બહુ ક્રૂર છે; તે જ્યારે તને ગાળો દેશે, તારી નિંદા કરશે, ત્યારે તને કેવું લાગશે ?

---

* બુદ્ધના પરિનિર્વાણ પછી, અશોક રાજાની કારકિર્દી સુધી સંઘની સંક્ષિપ્ત માહિતી વાચક સામે મુકવાના હેતુથી, આ ભાગ મૂળ વ્યાખ્યાન સાથે જોડયો છે.

+ પૂર્વે ભાગલપુર, પશ્ચિમે ગાંધાર. ઉત્તરમાં હિમાલય, અને દક્ષિણમાં વિંધ્યાચલ પર્વત, એ સીમાની વચ્ચેના પ્રદેશને મધ્ય પ્રદેશ કહેતા.

પૂ૦–તે વખતે, હે ભગવન્ ! આ લોકો બહુ સારા છે; કારણ તેઓએ મારા ઉપર હાથથી પ્રહાર કર્યા નથી, એમ મને લાગશે.

બુ૦—અને જો તેઓએ તારી ઉપર હાથથી પ્રહાર કર્યો તો ?

પૂ૦—મને તેઓએ પથ્થરથી માર્યો નહિ, તેથી તે લોક સારાજ છે, એમ હું સમજીશ.

બુ૦—અને પથરાઓથી માર્યો તો ?

પૂ૦—મારી ઉપર તેઓએ દંડપ્રહાર કર્યો નહિ, તેથી તે બહુ સારા લોક છે એમ હું સમજીશ.

બુ૦—અને દંડપ્રહાર કર્યો તો ?

પૂ૦—શસ્ત્રપ્રહાર કર્યો નહિ, એ તેમનું ભલપણુ છે, એમ સમજીશ.

બુ૦—અને શસ્ત્રપ્રહાર કર્યો તો ?

પૂ૦—મને ઠાર માર્યો નહિ, એ તેમની ભલાઇ છે, એમ સમજીશ.

બુ૦—અને તને ઠાર માર્યો તો ?

પૂ૦—ભગવન્ ! કેટલાએક ભિક્ષૂ આ શરીરથી કંટાળીને આત્મઘાત કરે છે. એવા શરીરનો જો આ સુનાપરંતના રહેવાશીઓએ નાશ કર્યો, તો તેણે મારા ઉપર ઉપકાર કર્યો એમ હું માનીશ; અને તેથી તે લોકો બહુજ સારા છે, એમ હું સમજીશ.

બુ૦—સાધુ (શાબાસ), પૂર્ણ સાધુ ! આવા પ્રકારના શમદમથી યુક્ત હોવાથી, તું સુનાપરંત પ્રદેશમાં ધર્મોપદેશ કરવાને સમર્થ થઇશ.

(મજ્ઝિમનિકાય.)

૧ બુદ્ધના પરિનિર્વાણ સમયે, એમના સારિપુત્ત મોગ્ગલ્લાનાદિ મુખ્ય શિષ્યોમાં **મહાકાશ્યપ** એજ માત્ર હયાત રહ્યા હતા. તેના પૂર્વાશ્રમના ચરિત્ર ઉપરથી બહુ સારો બોધ લેવા સરખું છે, માટે તેનું ટુંકું દિગ્દ-

ર્શન કરાવવું અપ્રશસ્ત લાગશે નહિ. એનું પૂર્વાશ્રમનું નામ પિપ્પલિ હતું. ગોત્ર ઉપરથી તેને **કાશ્યપ** કહેતા. બુદ્ધના શિષ્યો પૈકી આ એક મુખ્ય શિષ્ય હતા, તેથી તેને **મહાકાશ્યપ** એમ કહેતા. **મગધ** દેશના **મહાતીર્થ** નામના બ્રાહ્મણ ગામમાં એક શ્રીમંત બ્રાહ્મણકુળમાં તેનો જન્મ થયો; તે વીશ વર્ષના થયા પછી, તેનાં માબાપે તેનું લગ્ન કરવાની ગોઠવણ કરી. પરંતુ પિપ્પલિના મનમાં વિવાહપાશથી બંધાવાનું નહોતું. પોતાની માને જ્યારે તેણે પોતાનો આ વિચાર જણાવ્યો, ત્યારે તેને અત્યંત ખેદ થયો. છેવટે માના આગ્રહથી તે લગ્ન માટે કબૂલ થયા.

તે વખતે **મદ્રદેશમાં** આવેલી **શાગલ** નગરીમાં, કૌશિક ગોત્રના એક શ્રીમંત બ્રાહ્મણને **ભદ્રા કપિલાની** નામની સોળ વર્ષની સુંદર કન્યા હતી પિપ્પલિનાં માબાપે તેની સાથે પિપ્પલિનો વિવાહ કરવો, એમ ઠરાવ્યું આ હકીકત પિપ્પલિના જાણવામાં આવતાં, તુરંજ તેણે તેને લખ્યું કે:— "ભદ્રા! તું તારી જાતિ, ગોત્ર, સંપત્તિ વગેરેને યોગ્ય એવા બીજા કોઇ પતિને વર. હું કોઇક દિવસે પણ ગૃહત્યાગ કરી સંન્યાસી થઇશ. પાછળથી તને પશ્ચાતાપ કરવાનો વખત ન આવે, માટે આ લખ્યું છે."

ભદ્રાના મનમાં પણ ભિક્ષુણી થવાનો વિચાર હતો, તેથી તેણે પણ ઉપરનીજ મતલબનો પત્ર પિપ્પલિને લખ્યો. આ બન્ને કાગળો, તેઓનાં આપ્તવર્ગનાં માણસોએ, તેઓને મળવા ન દેતાં, ફાડી નાખ્યા, અને બીજા બનાવટી પત્રો કરીને તેઓને આપ્યા. અર્થાત્ લગ્ન નહિ કરવાનો વિચાર છતાં, તે બન્નેને લગ્ન કરવાનો વખત આવ્યો. પણ લગ્ન થયા પછી પણ આ બન્નેએ પોતાનું બ્રહ્મચર્ય કાયમ રાખ્યું હતું. પિપ્પલિનાં માબાપ સ્વર્ગસ્થ થયા પછી તેમણે ગૃહત્યાગ કર્યો, અને તે બુદ્ધનાં શિષ્ય થયાં. **ભદ્રા કપિલાએ** પણ તેમની પાછળજ ભિક્ષુણીસંઘમાં પ્રવેશ કર્યો. આગળ જતાં અર્હત્પદ પ્રાપ્ત થયા પછી **ભદ્રાએ** કહ્યું છે કે:—

दिस्वा आदीनवं लोके उभो पब्बजिता मयं ।
सम्हि खीणासवा दन्ता सीतीभूतम्ह निब्बुता ॥

અર્થ—આ સંસાર વ્યવહારમાં દોષ જણાઇ આવ્યાથી અમે બન્નેએ પ્રવ્રજ્યા લીધી. હવે અમે દાંત થયાં છીએ, શાંત થયાં છીએ. અમારી વાસનાઓનો ક્ષય થયો છે, અમે નિર્વાણ સુધી પહોંચ્યાં છીએ.

(થેરીગાથા ચતુક્કનિપાત.)

†બુદ્ધના પરિનિર્વાણના પછેલા ૭ મા દિવસે **મહાકાશ્યપ** પાંચસો ભિક્ષૂઓ સાથે **પાવાથી કુસીનાર** જવા નિકળ્યા હતા. માર્ગમાં એક **આજીવક** પંથના પરિવ્રાજક તરફથી, તેમણે બુદ્ધના સ્વર્ગવાસની વાત સાંભળી. આ વર્તમાન સાંભળીને જેમને અદ્યાપિ અર્હત્પદનો લાભ થયો નહોતો. તેવા ભિક્ષૂઓ અત્યંત શોકાકુળ થયા. ત્યારે **મહાકાશ્યપે** તેમને કહ્યું:—"મિત્રો! શોક કરો નહિ. 'બધી પ્રિય વસ્તુઓથી આપણને સૌને કોઇક દિવસે છૂટું થવું પડશે,' એવું ભગવંતે, શું નથી કહ્યું? જે ઉત્પન્ન થયું છે, તે નાશ નહિ પામે, એમ કદી પણ બનશે નહિ."

તે ભિક્ષૂસંઘમાં ઘડપણમાં ભિક્ષૂ થએલો ***સુભદ્ર** નામનો એક ભિક્ષૂ હતો. તે બોલ્યો:—"હે મિત્રો! શોક કરો માં, એ મહાશ્રમણના (બુદ્ધના) તડાકામાંથી આપણે મુક્ત થયા છીએ. અમુક કરવું, અમુક ન કરવું, એ પ્રકારે તે આપણ ઉપદ્રવ કરતા; પરંતુ હવે આપણે આપણી ઇચ્છા મુજબ

---

† આ વાત **બુદ્ધઘોષાચાર્ય** કૃત **મનોરથપૂરણી** (અંગુત્તરનિકાયટ્ઠકથા) નામના ગ્રંથમાંથી લીધી છે. ત્રિપિટકમાં આ કથા મળી આવતી નથી.

* બુદ્ધનો છેવટનો શિષ્ય સુભદ્ર અને આ સુભદ્ર બન્ને જુદા.

વર્તીશું " તે ભિક્ષૂનું આ ભાષણ સાંભળીને મહાકાશ્યપે ભિક્ષુસંઘને કહ્યું:—"હે મિત્રો! હવે આપણે +ધર્મ અને ×વિનયનો સંગ્રહ કરીશું. કારણ તેના અભાવે, અધર્મવાદી (સુભદ્ર જેવા) ભિક્ષૂઓ બલવાન થશે, અને ધર્મવાદી ભિક્ષૂઓ દુર્બલ થશે."

ત્યારે ભિક્ષૂઓએ, ધર્મ અને વિનયનો સંગ્રહ કરવામાં સમર્થ એવા ભિક્ષૂઓ ચુંટી કાઢવાની મહાકાશ્યપને વિનંતિ કરી. તેને અનુસરીને મહાકાશ્યપે ૪૯૯ ભિક્ષૂઓ ચુંટી કાઢયા. તે બધા અર્હત્પદને પામ્યા હતા. તે વખતે આયુષ્યમાન્ આનંદ અર્હત્પદને પામ્યો નહોતો. તથાપિ ભિક્ષુઓએ મહાકાશ્યપને કહ્યું:—"ભદન્ત! આ આયુષ્માન્ આનંદ, જો કે અર્હત્ નથી, તોપણ તે છંદ, દ્વેષ, ભય અને મોહ, એના યોગથી કુમાર્ગે કદી પણ જશે નહિ. અને તેણે ભગવંત પાસેથી ધર્મ વિનયનું પુષ્કળ અધ્યયન કર્યું છે, માટે આપે એને પણ ચુંટી કઢવો જોઇએ, એવી અમારી વિનંતિ છે." મહાકાશ્યપે ભિક્ષૂસંઘની વિનંતિને માન આપીને આનંદને પણ ચુંટી કાઢયો. આ સર્વ ચુંટાએલા ભિક્ષૂઓએ તે ચાતુર્માસમાં રાજગૃહમાં રહેવાની ગોઠવણ કરી, અને તે પ્રમાણે સૌ રાજગૃહમાં ગયા. ત્યાં તેઓએ ધર્મ વિનયનો સંગ્રહ કર્યો. જે દિવસે ધર્મસંગ્રહનો આરંભ થયો, તેની આગલી રાત્રીએજ આનંદે અર્હત્પદ મેળવ્યું. આ સંઘના મહાકાશ્યપ અધ્યક્ષ હતા. તેઓએ ઉપાલીને વિનય પુછયો, અને આનંદને ધર્મ પૂછયો. તે બન્નેએ પોતાને સ્મરણમાં હતી તે સર્વ વાતો કહી. સર્વની સંમતિથી ધર્મ અને વિનયના રૂપે તે ગાથાઓનો સંગ્રહ કરવામાં આવ્યો. આ રીતે પહેલી સમિતિનું (પરિષદ્નું) કામ પૂર્ણ થયું.

બુદ્ધના પરિનિર્વાણને ૧૦૦ વર્ષ થયા પછી, વૈશાલી નગરીમાંના બાલિકારામ નામના વિહારમાં બીજી સમિતિ (પરિષદ્) ભરાઈ. વૈશાલીમાંના

+ધર્મ— બુદ્ધોપદેશ. ×વિનય—ભિક્ષુસંઘના નિયમો.

વજ્જિપુત્તક ભિક્ષૂઓ વિનય વિરૂદ્ધ ૧૦ ગાથાઓનું પ્રતિપાદન કરવા લાગ્યા. તેમાંની મુખ્ય વાત એ હતી કે, ભિક્ષૂએ સોનુંરૂપું લેવું યોગ્ય છે એક ઉપોસથના દિવસે, તે ભિક્ષૂએ ભિક્ષૂસંઘની બેસવાની જગાએ, એક પાણીની ભરેલી થાળી મૂકી, અને ઉપાસકોને તે ભિક્ષૂએ સંઘને પૈસાના રૂપમાં કાંઈ પણ મદદ કરવાનો ઉપદેશ કર્યો. ત્યાં કાકંડકપુત્ર યશ નામનો ભિક્ષૂ હતો, તેને તે ભિક્ષૂનું આ કૃત્ય પસંદ પડયું નહિ. તેણે ત્યાંને ત્યાંજ આ કૃત્યનો નિષેધ કર્યો. પણ તેના નિષેધ તરફ લક્ષ ન આપતાં, ઉપાસકોએ સંઘને સારી રીતે પૈસા આપ્યા. બીજે દિવસે પેલા ભિક્ષૂએ પૈસાના ભાગ પાડીને યશનો ભાગ યશને આપ્યો; પણ યશે તે લીધો નહિ. એટલુંજ નહિ, પણ તેણે વૈશાલી નગરીમાં જઇને ઉપાસકગણને એકત્ર કરીને બુદ્ધોપદિષ્ટ ધર્મ પ્રમાણે ભિક્ષૂએ પૈસા લેવા એ વાસ્તવિક નથી, એમ સમજાવીને કહ્યું. આ વાત પેલા ભિક્ષૂએ સાંભળ્યા પછી, તેણે યશનો બહિષ્કાર કરવાની ગોઠવણ કરી. યશને વૈશાલીમાં બહુમત મળવાનો સંભવ નહોતો, તેથી તે ત્યાંથી એકદમ કૌશાંબી નગરીમાં ગયો, અને ત્યાંથી તેણે પાવાનગરીના અને અવંતી તરફના ભિક્ષૂઓ પાસે માણસો મોકલી, તેમને આ હકીકત જણાવી.

તે વખતે સંભૂત નામનો પ્રસિદ્ધ ભિક્ષૂ અહોગંગ નામના પર્વત ઉપર રહેતો હતો. ત્યાં યશના આમંત્રણથી આવેલા, પાવામાંના ૬૦ અને અવંતીના ૮૮ ભિક્ષૂઓ એકઠા થયા. તે બધાએ સોરેય્ય પ્રદેશમાં રહેનારા રેવત ભિક્ષૂને પોતાના પક્ષનો આગેવાન કરવાનો વિચાર કર્યો. આ હકીકત રેવતે જાણી, ત્યારે તેણે પોતાનું રહેઠાણ છોડીને, બીજી તરફ પ્રયાણ કર્યું; કારણ તેને આગેવાની ગમતી નહોતી. તેની પાછળ પાછળ તે ભિક્ષૂઓ તે ઠેકાણે ગયા. આવી રીતે ચાર પાંચ ઠેકાણે ફરીને તેમણે તેને ખોળી કાઢયો, અને પોતાની આગેવાની તેને આપી. આ હકીકત વજ્જિપુત્તક ભિક્ષૂઓએ

જાણી, ત્યારે તેમણે ઉત્તર નામના ભિક્ષૂની માર્ફત રૈવતનું મન પોતાના પક્ષ તરફ વાળવાનો પ્રયત્ન કર્યો. પણ તે પાર પડ્યો નહિ.

પછી તે સર્વ ભિક્ષૂઓ જ્યાં આ વાદ ઉપસ્થિત થયો, ત્યાંજ તે મટવો જોઇએ, એવા ઉદ્દેશથી વૈશાલીમાં ગયા. વૈશાલી નગરીમાં સર્વકામી નામનો એક અતિ વૃદ્ધ ભિક્ષૂ રહેતો હતો. આ આનંદનો (જેને મહાકાશ્યપે ધર્મ સંબંધી પ્રશ્નો પુછ્યા હતા, તેનો) સોબતી હતો, વાદ મટાડવા માટે તેની પણ પેલા ભિક્ષૂએ મદદ લીધી. તે બધા ભિક્ષૂઓ એકત્ર થયા. પણ એક પક્ષ એક વાત સ્વીકારે, તો બીજો પક્ષ તેના વિરૂદ્ધની બીજી વાત કહે, એવી સ્થિતિ થઇ. વાદ મટતો નહોતો, ત્યારે તેઓએ પ્રત્યેક પક્ષના ચાર ચાર ભિક્ષૂઓ ચુંટી ક્હાડયા; અને તેમણે બહુમતે વાદનો નિવેડો લાવવો, એવો ઠરાવ કર્યો વજ્જિપુત્તક તર્ફે, સર્વકામી, સાળ્હ, ખુજ્જસોભિત, અને વાસભગામિક, એ ચારની ચુંટણી થઇ. પાવાનગરી તરફના પક્ષમાંથી રૈવત, સંભૂત, યશ અને અને સુમન એ ચાર ભિક્ષૂઓની ચુંટણી થઇ. એ આઠ જણાએ બાલીકારામ વિહારમાં એકઠા થઇને વાદનો નિકાલ યશની તરફેણમાં કર્યો. આ પ્રમાણે બીજી પરિષદનું કામ પૂર્ણ થયું.

પહેલી અને બીજી સમિતિની હકીકત ત્રિપિટકમાંના ચુલ્લવગ્ગમાં આવી છે. ત્રીજી સમિતિની-હકીકત ત્રિપિટકમાં મળી આવતી નથી. બુદ્ધઘોષાચાર્યના સમન્તપાસાદિકા (વિનયઠ્ઠકથા) નામના ગ્રંથના આરંભમાં આ હકીકત આપી છે. તેના ખરાપણા માટે પાશ્ચાત્ય પંડિતોમાં બહુ મતભેદ છે. તથાપિ અશોકરાજા રાજ્ય કરતો હતો, તે સમયમાં ત્રીજી સમિતિ મળેલી હોવી જોઇએ, એમાં શક નથી.

અશોક રાજાએ દૂરદૂરના પ્રદેશમાં બૌદ્ધધર્મોપદેશકોને મોકલ્યા વિશેની

વાતનો આધાર તેના શિલાલેખોમાંx મળી આવે છે. વળી સંઘના દુરાચારી ભિક્ષૂઓને સફેદ વસ્ત્ર આપીને સંઘમાંથી કાઢી મૂકવામાં આવશે, એવા અર્થની હકીકત, સારનાથ (કાશી) માંના શિલાસ્થંભ ઉપરના લેખમાં છે. ત્યારે ઉપદેશક મોકલવા માટે, અને દુરાચારી ભિક્ષૂઓ કયા તે ઠરાવવા માટે અશોકે એકાદ પરિષદ્ મેળવી હોય એમાં કાંઇ નવાઇ નથી. આ ત્રીજી સમિતિનું અધ્યક્ષસ્થાન મોગ્ગલિપુત્ત તિસ્સને અપાયું હતું, એમ મહાવંસાદિ ગ્રંથમાં કહ્યું છે. કથાવત્થુ નામનું જે અભિધર્મ પિટક નામના ગ્રથમાં એક પ્રકરણ છે, તે તેણેજ રચ્યું એમ કહેવાય છે. સમિતિનું કામ પુરૂં થયા પછી અશોકે જુદા જુદા દેશમાં ભિક્ષૂઓને મોકલ્યાનો ઉલ્લેખ મહાવંશમાં છે. તે એવા કેઃ—

> थेरो मोग्गल्लिपुत्तो सो जिनसासनजोतको।
> निट्ठापेत्वान संगीतिं पेक्खमानो अनागतं ॥ १ ॥
> सासनस्स पतिट्ठानं पच्चन्तेसु अवेक्खिय ।
> पेसेसि कत्तिकेमासे ते ते थेरे ताहिं ताहिं ॥ २ ॥

અર્થ—બૌદ્ધધર્મનો પ્રચાર કરનારો મોગ્ગલિપુત્ત (તિસ્સ) *સ્થવિર, સમિતિનું કામ પુરૂં થયા પછી, ભવિષ્ય કાળનો વિચાર કરીને, અને મધ્ય-દેશની બહાર બૌદ્ધધર્મની પ્ર[illegible]નાર છે, એ લક્ષમાં આણીને, કાર્તિક માસમાં જે [illegible] જે [illegible]ણે મોકલતો થયો.

x "અશોક" ના જીવનચરિત્રમાં આપેલા તેના લેખોનું

*સ્થવિર એટલે વૃદ્ધ સંઘમાં પ્રવેશ કર્યાને ૧૦ વર્ષ થયા પછી ભિક્ષૂને 'સ્થવિર' કહે છે.

थेरं कस्मीरगंधारं मज्झन्तिकमपेसयि ।
अपेसेसि महादेवत्थेरं महिसमंडलं ॥ ३ ॥

અર્થ—કાસ્મીર અને ગાંધાર દેશમાં (તેણે) મજ્ઝન્તિક નામના મોકલ્યો. મહાદેવ સ્થવિરને મહિષમંડળમાં મોકલ્યો.

वनवासिं अपेसेसि थेरं रक्खितनामकं ।
तथापरन्तकं योनधम्मरक्खित नामकं ॥ ४ ॥

અર્થ—વનવાસીએ (તેણે) રકિખત નામના સ્થવિરને મોકલ્યો. પ્રમાણે અપરન્તક તરફ યોનધમ્મરકિખત નામના સ્થવિરને મોકલ્યો.

महारट्ठं महाधम्मरक्खितत्थेरनामकं ।
महारक्खितत्थेरं तु योनलोकमपेसयि ॥ ५ ॥

અર્થ—મહારાષ્ટ્ર દેશમાં (તેણે) મહાધમ્મરકિખત નામના સ્થવિ મોકલ્યો, અને મહારકિખત સ્થવિરને યોન (યવન) લોકના પ્રદેશમાં મો

पेसेसि मज्झिमं थेरं हिमवन्तपदेसकं ।
सुवण्णभूमिं थेरे द्वे सोणमुत्तरमेवच ॥ ६ ॥

અર્થ—મજ્ઝિમ સ્થવિરને (તેણે) હિમવં [illegible] (હિમાલય) પ્રદેશમાં મોકલ્યો; સુવર્ણભૂમિમાં (બ્રહ્મદેશ ?) સોણ અને ઉ [illegible], એ સ્થવિ [illegible] મોકલ્યા.

*महामहिन्दथेरं तं थेरं इट्टियमुत्तियं
संबलं भद्दसालं च सके सद्धिविहारिके ॥

---

* મહામહિન્દ એ અશોક રાજાનો પુત્ર હતો; તેણે અને તેના સંઘમિત્તાએ સંઘમાં પ્રવેશ કરીને સિલોનમાં બૌદ્ધધર્મને દાખલ કર્યો